# સત્ય ધર્મ પ્રવેશિકા

(૧ થી ૫૦૦)

જે જીવ રાગ-દ્વેષરૂપ પરિણમેલ હોવા છતાં પણ માત્ર શુદ્ધાત્મામાં (દ્રવ્યાત્મામાં=સ્વભાવમાં) જ 'હું પણું(એકત્વ) કરે છે અને તેનો જ અનુભવ કરે છે, તે જ જીવ સમ્યગ્દૃષ્ટિ છે. સમ્યગ્દર્શન વૈરાગ્યાદિ યોગ્યતાઓ વગર પ્રાપ્ત થતું નથી.


લેખક - CA. જયેશ મોહનલાલ શેઠ

(બોરીવલી), B.Com., F.C.A.

# સત્ય ધર્મ પ્રવેશિકા

ગુજરાતી

૧ થી ૫૦૦

-અર્પણ-

માતા – પૂજ્ય કાંતાબેન મોહનલાલ શેઠ

પિતા – પૂજ્ય સ્વર્ગીય મોહનલાલ નાનચંદ શેઠ

ભાઈ – રશ્મિન મોહનલાલ શેઠ

"જે જીવ રાગ-દ્વેષરૂપ પરિણમેલ હોવા છતાં માત્ર શુદ્ધાત્મામાં જ (દ્રવ્યાત્મામાં જ=સ્વભાવમાં જ) 'હું પણું' (એકત્વ) કરે છે અને તેનો જ અનુભવ કરે છે, તે જ જીવ સમ્યગ્દૃષ્ટિ છે. સમ્યગ્દર્શન વૈરાગ્યાદિ યોગ્યતાઓ વગર પ્રાપ્ત થતું નથી."

- લેખક -

CA. જયેશ મોહનલાલ શેઠ (બોરીવલી), BCom, FCA

પ્રકાશક – શૈલેશ પૂનમચંદ શાહ

WWW.JAYESHSHETH.COM

૧. અનાદિથી આપણે ગેરસમજણના કારણે કાંઈક કરવાના જોશમાં ઘણું કરીને ચારિત્રમોહ ઉપર જ કામ કર્યું છે અને દર્શનમોહ કે જે સંસાર વધવાનું કારણ છે, તેને હેમખેમ રાખી દીધો છે. તેથી જ આજ સુધી આપણે સંસારમાં રખડી રહ્યા છીએ.

૨. આપણે સૌથી પહેલા હોશમાં આવીને દર્શનમોહ ઉપર સમ્યક્ પ્રકારથી, "સમ્યગ્દર્શન ની રીત" પુસ્તકમાં જણાવ્યા અનુસાર, આત્મપ્રાપ્તિના પ્રયત્નો કરવા જોઈએ.

૩. ધર્મ માટેના અનુકૂળ સંયોગો પુણ્યથી મળે છે. પરંતુ ધર્મમાં રુચિ પુણ્યાનુબંધી પુણ્યના ઉદયથી જ હોય છે. જે પુણ્ય ધર્મનો માર્ગ પ્રશસ્ત નથી કરતા તે પુણ્ય પાપાનુબંધી છે.

૪. આપણે નિત્ય યાદ રાખવાનું છે કે બીજાને દુ:ખી કરવાનો ભાવ નિયમથી ભવિષ્યમાં આપણને જ દુ:ખી કરશે.

૫. સત્ય ધર્મ પોતાના ભાવો ઉપર નિર્ભર છે તેથી દરેકે નિત્ય પોતાના ભાવો તપાસતા રહેવા જોઈએ. પોતાના ભાવો જ પોતાના અનંત ભવોના એટલે કે અનંત દુ:ખોના જનક છે.

૬. જો પોતાના ભાવો તપાસતા ખબર પડે કે પોતાને વિષયોમાં સુખબુદ્ધિ છે તો તુરંત જ તેનો ઇલાજ બાર ભાવનાથી કરવો જોઈએ નહીં તો તે ભાવો જ પોતાના અનંત ભવોના એટલે કે અનંત દુ:ખોના જનક બની જશે.

૭. જો પોતાના ભાવો તપાસતા ખબર પડે કે પોતાને કોઈ જીવો ઉપર દ્વેષ/ક્રોધ છે તો તુરંત જ ચાર ભાવના અને ધન્યવાદ ! સ્વાગતમ ! (Thank you ! Welcome !)થી પોતાના દ્વેષ/ક્રોધનો ઇલાજ કરવો જોઈએ, નહીં તો તે ભાવો જ પોતાના અનંત ભવોના એટલે કે અનંત દુ:ખોના જનક બની જશે.

૮.જો પોતાના ભાવો તપાસતા ખબર પડે કે પોતાને ધર્મથી અધિક અન્ય વિષયોમાં રુચિ છે તો તુરંત જ બાર ભાવનાથી તેનો ઇલાજ કરવો જોઈએ. નહીં તો તે ભાવો જ પોતાના અનંત ભવોના એટલે કે અનંત દુ:ખોના જનક બની જશે.

૯.જો પોતાના ભાવો તપાસતા ખબર પડે કે પોતાને પોતાના રૂપ, પદ, પ્રતિષ્ઠા કે ધનનો અહંકાર છે તો તુરંત જ તેનો ઇલાજ બાર ભાવનાથી કરવો જોઈએ. નહીં તો તે ભાવો જ પોતાના અનંત ભવોના એટલે કે અનંત દુ:ખોના જનક બની જશે.

૧૦.જો પોતાના ભાવો તપાસતા ખબર પડે કે પોતાને માત્ર બીજાના દોષો જ દેખાય છે, બીજામાં કાંઈ પણ સારપ જણાતી નથી તો તુરંત જ તેનો ઇલાજ બાર ભાવના અને ચાર ભાવનાથી કરવો જોઈએ. નહીં તો તે ભાવો જ પોતાના અનંત ભવોના એટલે કે અનંત દુ:ખોના જનક બની જશે.

૧૧.જો પોતાના ભાવો તપાસતા ખબર પડે કે પોતાને બીજાની પ્રગતિથી ઈર્ષા થાય છે તો તુરંત જ તેનો ઇલાજ "યુનિવર્સલ લો"થી કરવો જોઈએ. નહીં તો તે ભાવ જ પોતાના અનંત ભવોનો એટલે કે અનંત દુ:ખોનો જનક બની જશે.

૧૨.જો પોતાના ભાવો તપાસતા ખબર પડે કે પોતાને જરૂરતથી વધુ પૈસા કમાવવાનો ભાવ છે તો તુરંત જ તેનો ઇલાજ બાર ભાવનાથી કરવો જોઈએ. નહીં તો તે ભાવ જ પોતાના અનંત ભવોનો એટલે કે અનંત દુ:ખોનો જનક બની જશે.

૧૩.જો પોતાના ભાવો તપાસતા ખબર પડે કે પોતાને ચોરી કરવાનો ભાવ છે તો તુરંત જ તેનો ઇલાજ "યુનિવર્સલ લો"થી કરવો જોઈએ. નહીં તો તે ભાવ જ પોતાના અનંત ભવોનો એટલે કે અનંત દુ:ખોનો જનક બની જશે.

૧૪.જો પોતાના ભાવો તપાસતા ખબર પડે કે પોતાને આ ભવરોગ બંધનરૂપ લાગતો નથી તો તુરંત જ તેનો ઇલાજ બાર ભાવનાથી કરવો જોઈએ. નહીં તો તે ભાવ જ પોતાના અનંત ભવોનો એટલે કે અનંત દુ:ખોનો જનક બની જશે.

૧૫. જો પોતાના ભાવો તપાસતા ખબર પડે કે પોતાને અધિકથી અધિક ખાવાનો ભાવ છે તો તુરંત જ તેનો ઇલાજ બાર ભાવનાથી કરવો જોઈએ. નહીં તો તે ભાવ જ આપણા અનંત ભવોનો એટલે કે અનંત દુ:ખોનો જનક બની જશે.

૧૬. જો પોતાના ભાવો તપાસતા ખબર પડે કે પોતાના આરોગ્ય માટે નુકસાનકારક હોય તેવી વસ્તુ ખાવાનો કે પીવાનો ભાવ છે તો તુરંત જ તેનો ઇલાજ બાર ભાવનાથી કરવો જોઈએ. નહીં તો તે ભાવ જ આપણા અનંત ભવોનો એટલે કે અનંત દુ:ખોનો જનક બની જશે.

૧૭. જેઓને સાચે જ સુખી થવું છે તેમણે "સમ્યગ્દર્શનની રીત" પુસ્તકનું "સમ્યગ્દર્શન માટેની યોગ્યતા" નામનું પ્રકરણ જરૂરથી વાચવું જોઈએ કારણ કે યોગ્યતા બની જાય પછી સમ્યગ્દર્શન બહુ જ નજીક છે અને સમ્યગ્દર્શન તો અનંત સુખ પામવાનો દરવાજો છે.

૧૮. સામાન્ય લોકો ભૂત અને ભવિષ્યની ચિંતામાં જ વ્યસ્ત રહે છે અને તેથી પોતાના વર્તમાનનો સાચો ઉપયોગ કરી શકતા નથી. પરંતુ જેને આત્મપ્રાપ્તિ થઈ છે તે પોતાના અસ્તિત્વનો વર્તમાનમાં જ અનુભવ કરીને વર્તમાનને સોહામણો બનાવી લે છે. તેમનું ભાવિ પણ અનંત સુખમય હોય છે.

૧૯. મોહ બે પ્રકારના હોય છે; ચારિત્રમોહ અને દર્શનમોહ. ચારિત્રમોહ અપેક્ષાએ ઓછું દુ:ખ આપે છે. દર્શનમોહ અનંત દુ:ખ આપે છે. તેનાથી બચવાનો એક જ માર્ગ છે – આત્માનુભૂતિ, સમ્યગ્દર્શન.

૨૦. પોતે પોતાના ભાવોને દર કલાકે અથવા બે-ત્રણ કલાકે તપાસતા રહેવા જોઈએ અને ભાવોને સારા કરવાનો પ્રયત્ન કરતા રહેવો જોઈએ. પોતાના સ્વરૂપની પ્રાપ્તિ માટે જાગૃત રહેવાનો આ સૌથી સરળ રસ્તો છે.

૨૧. દરેકને પૈસા, ઘર, પરિવાર, આરોગ્ય વગેરે પોતાના નસીબ અનુસાર જ પ્રાપ્ત થાય છે. અને સદ્‌નસીબ બનાવવાના ઉપાયો "સુખી થવાની ચાવી" પુસ્તકમાં જણાવેલ છે.

WWW.JAYESHSHETH.COM

૨૨. જ્યાં સુધી આપણે સુખને બહાર શોધીશું ત્યાં સુધી ન તો વર્તમાનમાં સુખ પ્રાપ્ત થઈ શકશે કે ન તો ભવિષ્યમાં થઈ શકશે. પરંતુ સુખને બહાર શોધવાથી આપણે આપણું અનંત ભવિષ્ય, અનંત દુ:ખમય બનાવવાનું કાર્ય કરી રહ્યા છીએ.

૨૩. આપણે સારી રીતે ભણીને અથવા યુનિવર્સિટીની મોટી મોટી ડીગ્રીઓ લઈને ધર્મની પ્રભાવના કરવાના હેતુથી સારા સારા પ્રવચન તો આપીયે છીએ પરંતુ જો આપણે આપણું જીવન ન બદલ્યું અને સમ્યગ્દર્શન પ્રાપ્ત ન કર્યું, તો તે ડીગ્રીઓથી આપણું કલ્યાણ થવું સંભવ નથી.

૨૪. જ્યાં સુધી આપણને કોઈ વ્યક્તિ કે સંપ્રદાયનો પક્ષ કે આગ્રહ છે ત્યાં સુધી આપણે નિષ્પક્ષ સત્ય ધર્મ પ્રાપ્ત નહીં કરી શકીયે. આપણો આગ્રહ આપણને અનેક ભવો સુધી તે જ પક્ષમાં જન્મ અપાવશે.

૨૫. આપણે શાસ્ત્ર અભ્યાસથી કે પ્રવચન સાંભળીને પોતાને શુદ્ધાત્મા માનવા લાગીયે છીએ અને સમજીયે છીએ કે આપણે કર્મોની ચુંગાલમાંથી બચી ગયા છીએ. આવી રીતે આપણે પોતાને અનંત કાળથી છેતર્યા છે. હવે આ ભવમાં પોતાને ન છેતરતા, પોતે એકમાત્ર શુદ્ધાત્માનો અનુભવ કર્યા બાદ જ પોતાને શુદ્ધાત્મા માનવાનું લક્ષ્ય રાખવાનું છે.

૨૬. આત્માજ્ઞાનીના હૃદયમાં સર્વ માટે સહજ કરૂણા વર્તતી હોય છે પરંતુ લોકો પોતાની આદત અનુસાર તે કરૂણામાં પણ જ્ઞાનીનો સ્વાર્થ શોધે છે. તેવું કરવાથી તે જ્ઞાનીનું નહીં, એવુ વિચારવાવાળાનું જ અહિત થાય છે. તેથી આપણે સાવધાન રહેવું જોઈએ – આવું કરવાથી બચવું જોઈએ.

૨૭. આત્મપ્રાપ્તિ માટે સૌ પ્રથમ પોતાના જીવનમાં નૈતિક્તા, સરળતા, અભક્ષ્ય ત્યાગ, સપ્ત મહાવ્યસન ત્યાગ તથા એકમાત્ર મોક્ષેચ્છા હોવી અત્યંત જરૂરી છે.

૨૮. અનાદિથી આપણે પોતાની મતિ અનુસાર જ ધર્મ કર્યો હોવાથી અથવા અપૂર્ણ દર્શનનું અનુસરણ કર્યું હોવાથી, આપણને સત્ય ધર્મની પ્રાપ્તિ ક્યારેય થઈ નથી. તેથી જ આપણે આજે પણ સંસારમાં ભટકી રહ્યા છીએ.

WWW.JAYESHSHETH.COM

29. હવે આપણે સત્ય ધર્મને સમજીને તેનું અંત:કરણથી અનુસરણ કરવું જોઈએ નહીં કે માત્ર દેખાડવા ખાતર, તો જ આપણું કલ્યાણ થશે.

૩૦. આપણે પોતાની અને બીજાઓની ભૂલોથી શીખીને નિત્ય પોતાને વધારે સારા બનાવતા રહેવાનું છે.

૩૧. બીજાની ભૂલો જોઈને તેઓની નિંદા ન કરો કારણ કે એવી નિંદાથી કર્મબંધ થાય છે. જેનાથી આપણને ઘણું દુ:ખ મળે છે.

૩૨. આપણે ભગવાનના દર્શન-પૂજા જરૂર કરીએ છીએ પરંતુ તેમના દર્શાવેલા માર્ગ ઉપર ચાલવા તૈયાર નથી થતા. તેનું કારણ શોધવું જોઈએ.

૩૩. કષાયમંદતાની સ્થિતિમાં આપણે ક્યારેક છેતરાઈ જઈએ છીએ કારણ કે આપણે સમજી લઈએ છીએ કે આપણે ધર્મ પ્રાપ્ત કરી લીધો છે, જ્યારે ધર્મ તો સમ્યગ્દર્શનથી જ પ્રાપ્ત થાય છે.

૩૪. જેમને દુ:ખ નથી ગમતું તેમણે સ્વપ્નમાં પણ પાપ ન કરવું જોઈએ કારણ કે પાપ જ દુ:ખનું જનક છે.

૩૫. પાપને છોડીને એકમાત્ર આત્મપ્રાપ્તિના લક્ષે પુણ્યભાવમાં રહેવું જોઈએ કારણ કે કર્મ દરેક ક્ષણે બંધાઈ રહ્યા છે. જો તે અશુભ કર્મ (પાપ કર્મ) હશે તો જરૂર તે દુ:ખ આપવાવાળા બનશે.

૩૬. જેમને અંતરંગ ધર્મ કરતા ખુશી મળે છે, આનંદ આવે છે તેમના સંસારનો અંત નજીક છે એમ સમજવું જોઈએ.

૩૭. અંતરંગ ધર્મ એટલે પોતાને ભગવાનના ઉપદેશ અનુસાર બદલવાનો ભાવ, ભગવાનના માર્ગ ઉપર ચાલવાનો દૃઢ નિશ્ચય.

૩૮. ધર્મ પ્રભાવના કરવાનો ભાવ સારો છે પરંતુ પોતાના અંતરંગ ધર્મની પડતીરૂપ કીંમત ચુકવીને આપણે પ્રભાવના ન કરી શકીયે.

WWW.JAYESHSHETH.COM

૩૯. જ્યારે કોઈ પુણ્યને હેય કહે છે ત્યારે તેમનો ઇરાદો લોકોને પુણ્યથી દૂર કરીને પાપમાં પાડવાનો નથી હોતો. તેઓ માત્ર એ સમજાવવા માંગે છે કે ફક્ત પુણ્યને ધર્મ ન માનવો અને એકમાત્ર આત્મપ્રાપ્તિને જ ઉપાદેય માનવી જોઈએ. આત્મપ્રાપ્તિના લક્ષે રહેવાનું તો શુભભાવ(પુણ્ય)માં જ છે.

૪૦. સાચું સુખ તેને કહેવાય કે જેને આપણે અવિચ્છિન્ન (સતત) ભોગવી શકીયે અને જેનાથી આપણે ક્યારેય ન થાકીયે કે ન કંટાળીયે. જ્યારે આપણને એ વિશ્વાસ થઈ જાય કે સાચું સુખ આપણી ભીતર (અંદર) છે બહાર નથી, ત્યારે જ આપણે તે સાચા સુખને આપણી ભીતર શોધવાનો પ્રયાસ શરૂ કરીશું.

૪૧. જો આપણને પોતાની અંદર સાચા સુખનો આભાસમાત્ર પણ થઈ જાય તો આપણને તેની પાછળ ભાગતા કોઈ રોકી નહીં શકે, તેની ઉપાસના કરતા કોઈ રોકી નહીં શકે.

૪૨. હું વર્તમાન જીવનમાં કોઈ પણ શરત અને અપેક્ષા વગર માત્ર આપવા માટે જ આવેલ છું, આવું વિચારવું. કારણ કે આપવાથી આપણું જૂનું દેવું ચુકવાઈ જાય છે અથવા આપણી નવી જમાપૂંજી (FD) બને છે. બંને પરિસ્થિતિઓમાં ફાયદો આપણો જ છે.

૪૩. જે પણ થાય છે, તે સારા માટે જ થાય છે. આ એક વાક્યથી આપણે પૂર્ણતઃ સકારાત્મક બની શકીયે છીએ.

૪૪. મારે મારી ફરજ પૂર્ણ સત્યનિષ્ઠા અને ઈમાનદારીથી નિભાવવાની છે પરંતુ બીજાઓ પાસેથી તેવી અપેક્ષા રાખવાની નથી કારણ કે અપેક્ષા દુઃખનું કારણ છે.

૪૫. મારે પોતે બદલવાનું છે, ધર્મની યોગ્યતા પામવાનો આ જ પુરૂષાર્થ છે. બીજાને બદલવાનો આગ્રહ વ્યર્થ છે. અન્યોને, તેમના ભલા માટે પ્રેરિત કરી શકાય છે. પરંતુ તેઓને ક્યારેય મજબૂર ન કરવા જોઈએ.

૪૬. વર્તમાન ઉદયને અર્થાત્ સંયોગોને બદલવાની જીદ ન કરતા, તેનો સ્વીકાર કરવામાં જ સમજદારી છે, શાંતિ છે.

WWW.JAYESHSHETH.COM

૪૭. વર્તમાનને સ્વીકારીને પોતાનો પૂર્ણ પુરૂષાર્થ એકમાત્ર આત્માપ્રાપ્તિના લક્ષ ઉપર કેન્દ્રિત કરવો જોઈએ. કારણ કે વર્તમાન ઉદય અર્થાત્ સંયોગો આપણા હાથમાં નથી પરંતુ ભવિષ્ય આપણા હાથમાં છે. અર્થાત્ આપણે આપણા ભવિષ્યને સુધારી શકીયે છીએ. તેથી આપણો પુરૂષાર્થ સંયોગો સામેની પ્રતિક્રિયામાં (reactionમાં) ન લગાવતા, આપણે આપણો પુરૂષાર્થ આપણું ભવિષ્ય સુધારવામાં (actionમાં) લગાવવો જોઈએ.

૪૮. મને તમામ સંયોગો, કર્મ (પુણ્ય-પાપ) અનુસાર જ મળવાના છે અને કર્મ (પુણ્ય-પાપ) અનુસાર જ ટકવાના છે.

૪૯. કોઈ આપણને દુ:ખ આપે છે તો તેનું કારણ આપણા પૂર્વકૃત પાપકર્મો છે. અર્થાત્ આપણા પૂર્વના દુષ્કૃત્યો જ કારણ છે. તે દુષ્કૃત્યો માટે મનમાં માફી માંગવી જોઈએ.

૫૦. જ્યારે આપણી સાથે કાંઈ ખરાબ થાય છે ત્યારે બીજાને દોષ ન દેવો જોઈએ, કારણ કે તેઓ તો માત્ર નિમિત્તરૂપ છે. દોષ તો આપણા કર્મોનો જ છે.

૫૧. બીજા આપણને આપણા પૂર્વકૃત પાપકર્મોથી મુક્તિ અપાવવવાવાળા છે તેમ સમજીને તેઓને ઉપકારી માનવા અને મનમાં તેઓનો આભાર માનવો. તેથી તેઓ ઉપર ગુસ્સો નહીં આવે.

૫૨. જો કોઈ આપણા ઘરનો કચરો સાફ કરી આપે છે તો આપણે તેમને ઉપકારી માનીયે છીએ. તેવી જ રીતે જો કોઈ આપણા આત્માનો કચરો (કર્મો) સાફ કરી આપે છે તો આપણે તેમને પણ ઉપકારી માનવા જરૂરી છે.

૫૩. નિત્ય "ધન્યવાદ ! સુસ્વાગતમ ! (Thank You ! Welcome !)" કરીને આત્માનો ફાયદો કરતા રહેવાનો છે. પછી તેવો જીવ જ્યાં પણ હોય ત્યાં તેને કોઈ પણ પ્રકારની ફરિયાદ નહીં રહે. (No Complaint Zone).

૫૪. No Complaint Zone એટલે મને કોઈની પણ સામે કોઈ પણ ફરિયાદ નથી, કારણ કે વર્તમાનમાં મારી સાથે જે કાંઈ પણ થઈ રહ્યું છે તે મારા જ ભૂતકાળના કર્મોનું ફળ છે. તેથી

WWW.JAYESHSHETH.COM

મને જો કોઈની પણ સામે ફરિયાદ હોય તો તે મારી પોતાની સામે જ હોય, બીજા કોઈની સામે નહીં.

૫૫. લોકના તમામ જીવો પ્રત્યેના આપણા ભાવોને મૈત્રી, પ્રમોદ, કરુણા અને મધ્યસ્થ, આ ચાર ભાવોમાં જ સમાવવા; નહીં તો તે ભાવો આપણને કર્મબંધનું કારણ બનશે.

૫૬. આપણી સૌથી મોટી નબળાઈ એ છે કે આપણે હંમેશા બીજાને પોતાને અનુકૂળ બદલાવવામાં લાગેલા રહીયે છીએ કે જેમાં સફળતા મળવી અત્યંત અઘરી છે.

૫૭. પોતે બદલવું બહુ જ સરળ હોવા છતાં આપણે તેના માટે પ્રયાસ કરતા નથી. પોતાને ધર્મને અનુકૂળ બદલાવવા સમ્યગ્દર્શનની યોગ્યતા પ્રાપ્ત કરવા માટે અનિવાર્ય છે.

૫૮. અનાદિથી આપણે જગત ઉપર પોતાનો હુકમ ચલાવવાની ઇચ્છા રાખેલ છે, જગતને પોતાને અનુકૂળ બદલવાની ઇચ્છા રાખેલ છે. એ જ ઇચ્છા રાખેલ છે કે તમામ લોકો મારા કહેવા અનુસાર ચાલે અને બદલાઈ જાય. પરંતુ આપણે ક્યારેય પોતાનું પરિણમન ભગવાનના કહ્યા (આજ્ઞા) અનુસાર કર્યું નથી. પરંતુ આપણે અનાદિથી આપણી મતિ અનુસાર જ પરિણમ્યા છીએ. આ જ સ્વચ્છંદતા છે.

૫૯. અનાદિથી આપણે પ્રશંસા-પ્રેમી છીએ. જો કોઈ આપણી નિંદા કરે તો આપણને દુ:ખ થાય છે, પરંતુ આપણે સમજવાનું એ છે કે નિંદા-પ્રશંસા, સુખ-દુ:ખ, રતિ-અરતિ, અમીરી-ગરીબી, વગેરે તમામ સંયોગો કર્મને આધીન હોય છે. આપણા ઇચ્છવાથી અથવા નહીં ઇચ્છવાથી તેમાં કોઈ ફરક પડવાનો નથી. પરંતુ આપણા ઇચ્છવાથી આપણે આર્તધ્યાન અને રૌદ્રધ્યાનના ભોગ અવશ્ય બનીશું.

૬૦. અનાદિથી આપણને સત્ય ધર્મની પ્રાપ્તિ અતિ દુર્લભ બનેલ છે. જ્યારે જ્યારે આપણને સત્ય ધર્મની પ્રાપ્તિ થઈ પણ છે ત્યારે ત્યારે આપણે તેને ઓળખી શક્યા નથી અને જો ઓળખ્યો છે તો પણ આપણે તેના ઉપર શ્રદ્ધા કરી શક્યા નથી.

૬૧. અનાદિથી આપણે સત્ય ધર્મના નામે કોઈ ને કોઈ સંપ્રદાય, પક્ષ, આગ્રહ અથવા વ્યક્તિ-વિશેષ પ્રત્યે રાગમાં ફસાઈને રહી ગયેલ છીએ. આપણા તે આગ્રહને (રાગને) જ આપણે સત્ય ધર્મ માનીને પોતાનો અનંત કાળ ગુમાવ્યો છે અને અનંત દુ:ખો સહન કર્યાં છે.

૬૨. સત્ય ધર્મ પામવા માટે "સાચું તે જ મારૂં અને સારૂં તે જ મારૂં" આ ભાવના ભાવવી અત્યંત આવશ્યક છે.

૬૩. સત્ય ધર્મ પામવા માટે જીવે સત્યનો સ્વીકાર કરવા તત્પર રહેવું જોઈએ (Ready to accept) અને તેના અનુસારે જીવે પોતાને બદલવા માટે પણ તત્પર રહેવું જોઈએ (Ready to change). આવી તૈયારી વગરનો જીવ સત્ય ધર્મ પામી શકતો નથી.

૬૪. સત્ય ધર્મ જ્ઞાનીના અંતરમાં વસે છે. તેને બહાર શોધવાથી નહીં મળે. સત્ય ધર્મ જ્ઞાનીના સાનિધ્યમાં જ મળશે, કારણ કે જ્ઞાની જ જીવને આત્માની ઓળખ સહેલાઈથી કરાવી શકે છે. તેથી સત્ય ધર્મને કોઈ બહારના ક્રિયાકાંડ અથવા વ્રત વગેરેમાં ન માનીને, તેને 'સમ્યગ્દર્શનની રીત'માં કહ્યા અનુસાર પોતાના અંતરમાં શોધવાનો છે અને પ્રગટ કરવાનો છે.

૬૫. જે મોક્ષમાર્ગ જાણે છે, તે જ તેને જણાવી શકે છે. મોક્ષમાર્ગ સંસારમાં ડૂબેલા જીવોને માટે અતિ ગહન અને અગમ્ય છે, પરંતુ સત્પુરુષના (જ્ઞાનીના) માધ્યમથી સુલભ છે.

૬૬. સત્ય ધર્મની યોગ્યતા પ્રગટ કરવા માટે: નીતિ-ન્યાયપૂર્વક અર્થોપાર્જન, પ્રાપ્તમાં સંતોષ, ઓછામાં ઓછો સમય અર્થોપાર્જનમાં આપવો, વધુમાં વધુ સમય સ્વાધ્યાય-મનન-ચિંતન વગેરેમાં લગાવવો, સાત્વિક ભોજન કરવું, કંદમૂળ-અનંતકાયનો ત્યાગ, જીવદયાનું પાલન, રાત્રિભોજનનો ત્યાગ, અભક્ષ્યનો ત્યાગ, શરીરની ઓછામાં ઓછી સજાવટ, સાદું જીવન, સુખશીલતાનો ત્યાગ, વધુ પડતા ક્રોધ-માન-માયા-લોભનો ત્યાગ, જૂના પાપોનું પ્રાયશ્ચિત, બાર ભાવનાનું ચિંતન, જીવો પ્રત્યે ચાર ભાવનાઓ ભાવવી, પંચપરમેષ્ઠિના ગુણો પ્રત્યે અહોભાવ, તમામ જીવો પ્રત્યે ગુણદૃષ્ટિ રાખવી, વગેરે ગુણો આવશ્યક છે.

WWW.JAYESHSHETH.COM

૬૭. સત્ય ધર્મ એટલો સામર્થ્યવાન છે કે તેના ઉપર સાચી શ્રદ્ધા થવા માત્રથી, તે જીવ આપોઆપ સત્ય ધર્મને અનુકૂળ વર્તન કરવા લાગે છે.

૬૮. પોતાને સત્ય ધર્મ અનુસાર બદલવાથી, પોતાના સત્તામાં રહેલા કર્મો ઉપર અનેક પ્રક્રિયાઓ થવાની શરૂઆત થઈ જાય છે. જેમ કે, પાપપ્રકૃતિનું પુણ્યપ્રકૃતિમાં સંક્રમણ, પુણ્યનું ઉદ્‌વર્તન, પાપનું અપવર્તન, વગેરે. તેથી ઘણા પ્રસંગોમાં શૂળીની સજા (ફાંસીની સજા) સોયમાં પલટાઈ જાય છે.

૬૯. ઘણી વાર ફાંસીની સજા સોયમાં પલટાઈ જતી હોવા છતાં આપણને તેનું જ્ઞાન ન હોવાથી, લોકો ક્યારેક એવું પણ વિચારે છે કે આ જીવ ધર્મી હોવા છતાં કેટલો દુ:ખી છે. ધર્મ કરતા ધાડ પડી છે. આવું વિચારવાવાળાને ખબર નથી કે સાચો ધર્મી જીવ હવે ખરાબ ગતિઓમાં જવાનો ન હોવાથી, તે ગતિઓને લાયક પાપકર્મો સંક્રમિત થઈને અત્યારે ઉદયમાં આવ્યા છે. તેથી લોકોને ક્યારેક લાગે છે કે અમુક લોકો ધર્મ કરતા હોવા છતાં દુ:ખી છે.

૭૦. આપણે અનાદિથી આજ સુધી અનંતીવાર દીક્ષા ગ્રહણ કરી, અનંતીવાર વ્રત-તપ વગેરે કર્યા, અનંતીવાર ધ્યાન વગેરે કર્યા, અનંતીવાર ‘હું આત્મા છું’ કે ‘હું શુદ્ધાત્મા છું’ કે ‘અહં બ્રહ્માસ્મિ’ કે ‘તત્ત્વમસિ’ વગેરે જાપ કર્યા કે ગોખ્યું; પરંતુ સત્યની પ્રાપ્તિ અર્થાત્ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ન થઈ. કારણ કે જ્યાં સુધી જીવ યોગ્યતાની પ્રાપ્તિ નથી કરતો ત્યાં સુધી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ અતિ દુર્લભ છે. અર્થાત્ સૌથી પહેલા આપણે પોતાને (આત્માને) મોહના તાવથી બચાવવાના છે.

૭૧. દુ:ખના સંયોગોમાં પણ જીવ જો અમારા પુસ્તકમાં જણાવ્યા અનુસાર ‘ધન્યવાદ ! સુસ્વાગતમ ! (Thank You ! Welcome !)’નો ભાવ લાવવાનો પુરુષાર્થ કરે, તો તે જીવ દુ:ખમાં પણ સુખી રહી શકે છે. લોકોને લાગશે કે આ જીવ બહુ દુ:ખી છે, પરંતુ તે જીવ ‘ધન્યવાદ ! સુસ્વાગતમ ! (Thank You ! Welcome !)’ અને ‘જે પણ થાય છે તે સારા માટે જ થાય છે’ના માધ્યમથી સમાધાની અને સમભાવી બનીને શાંત અને પ્રસન્ન રહે છે.

૭૨. મોહજ્વરને માપવા માટેનો માપદંડ છે આ પ્રશ્ન : મને શું ગમે છે ? આ પ્રશ્નના ઉત્તરમાં જ્યાં સુધી સાંસારિક વસ્તુ કે સંબંધ કે ઇચ્છા કે આકાંક્ષા છે, ત્યાં સુધી આપણે સમજવાનું છે કે

પોતાને મોહનો તાવ તિવ્ર છે અને તે તાવનો ઇલાજ કરવો આવશ્યક છે. તે મોહજ્વર નો ઇલાજ અમારા 'સમ્યગ્દર્શનની રીત' પુસ્તકમાં જણાવેલ છે.

૭૩. આપણે અનાદિથી આજ સુધી અનંતી વાર દીક્ષા ગ્રહણ કરી, અનંતી વાર વ્રત-તપ વગેરે કર્યા, અનંતી વાર ધ્યાન વગેરે કર્યા, અનંતીવાર 'હું આત્મા છું' કે 'હું શુદ્ધાત્મા છું' કે 'અહં બ્રહ્માસ્મિ' કે 'તત્ત્વમસિ' વગેરે જાપ કર્યા કે ગોખ્યું; પરંતુ સત્યની પ્રાપ્તિ અર્થાત્ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ન થઈ. કારણ કે આ તમામ હઠયોગ કહેવાય છે અને વાસ્તવમાં સત્ય ધર્મ અમારા પુસ્તક 'સમ્યગ્દર્શનની રીત'માં જણાવેલ ઉપચાર(રાજયોગ)થી સહજ જ પ્રાપ્ત થાય છે, નહીં કે હઠયોગથી.

૭૪. આપણે અનાદિથી ધર્મને બહાર જ શોધ્યો છે; પરંતુ આત્માનો ધર્મ, આત્માની બહાર કેવી રીતે હોઈ શકે ? બહારથી આપણને કેવળ દિશાનિર્દેશ જ મળી શકે છે, પરંતુ તે સમ્યક્ દિશાનિર્દેશ પ્રાપ્ત કરવા માટે આપણી પાસે ખુલ્લું મન, શાસ્ત્રોનો ગહન/ઊંડો અભ્યાસ, શાસ્ત્રોથી માત્ર પોતાના આત્મકલ્યાણ માટે કાર્યકારી વાતો (આત્મનિર્ણય અને આત્માનુભૂતિ માટે આવશ્યક વાતો) જ ગ્રહણ કરવાનો ભાવ, વગેરે હોવું જોઈએ.

૭૫. આત્મપ્રાપ્તિ માટે શાસ્ત્રોમાંથી વિવાદાસ્પદ વાતો ગ્રહણ ન કરવી અર્થાત્ જેનો ઉત્તર માત્ર કેવળી ભગવાન જ આપી શકતા હોય તેવી વિવાદાસ્પદ વાતો ગ્રહણ ન કરતા, તેવી વાતો માટે મધ્યસ્થભાવ ભાવવો અને જેવું કેવળી ભગવાને જોયું છે તેવું મને માન્ય છે તેવો ભાવ રાખવો. 'સાચું તે જ મારૂં અને સારું તે જ મારૂં' એવો ભાવ, સત્યને સ્વીકારવાની તત્પરતા (Ready to accept), તેના અનુસાર જીવની પોતાને બદલવાની તત્પરતા (Ready to change), વગેરે હોવું પરમ આવશ્યક છે.

૭૬. જેમણે આત્માનો અનુભવ કર્યો છે તેવા સત્પુરુષનો યોગ અને તેમના પ્રત્યે આપણું સર્વભાવ સમર્પણ આવશ્યક છે. કારણ કે તેમના પ્રત્યે આપણા સર્વભાવ સમર્પણથી, તેમનો આપેલો ઉપદેશ આપણા જીવનમાં ત્વરાએ પરિણમે છે, અર્થાત્ આપણા જીવનમાં ધર્મને અનુકૂળ બદલાવ ત્વરાએ આવે છે.

WWW.JAYESHSHETH.COM

૭૭. મારી સાથે ક્યારેય અન્યાય થતો નથી અર્થાત્ મારી સાથે જે પણ બને છે તે, નિશ્ચયથી મારા કર્મનું જ ફળ છે. તેથી અન્યાયની વાત જ નથી રહેતી; ઊલટું મારી સાથે જે પણ થાય છે, તે જ મારા માટે ન્યાયસંગત છે. પરંતુ આ તર્કથી મને બીજાની સાથે અન્યાય કરવાનો પરવાનો મળતો નથી, તે સમજવું પરમ આવશ્યક છે.

૭૮. આત્મપ્રાપ્તિના લક્ષ સાથે 'સમ્યગ્દર્શનની રીત'માં જણાવ્યા અનુસાર વૈરાગ્ય અને ઉપશમ કરવો અત્યંત આવશ્યક છે.

૭૯. સત્પુરુષ, સત્સંગ અને સત્શાસ્ત્રનું અધ્યયન વગેરે સત્ય ધર્મ પામવા માટે માર્ગદર્શકનું કામ કરે છે.

૮૦. સર્વ સંયોગો અનિત્ય છે, કોઈ પણ સંયોગો નિત્ય આપણી સાથે રહેવાવાળા નથી. તેથી સંયોગોમાં 'હું પણું' અને 'મારાપણું' ત્યાગવું અત્યંત આવશ્યક છે.

૮૧. વૈરાગ્ય એટલે પોતાના મનમાં વસેલા સંસારનો નાશ કરવો. વૈરાગ્ય માટે બહારનો સંસાર જેટલો નડતરરૂપ નથી થતો તેટલો નડતરરૂપ પોતાના મનમાં વસેલો સંસાર થાય છે. તેથી સૌથી પહેલા આપણે આપણા મનમાં વસેલા સંસારનો નાશ બાર ભાવનાથી (અનુપ્રેક્ષાથી) કરવાનો છે, પછી બહારના સંસારનો નાશ ક્રમશઃ અવશ્ય થશે.

૮૨. મનમાં વસેલા સંસારનું કારણ છે દર્શનમોહનીય કર્મ અને બહારના સંસારનું કારણ છે ચારિત્રમોહનીય કર્મ. પહેલા દર્શનમોહનીય કર્મ જાય છે, ત્યારે સમ્યગ્દશન (ચોથું ગુણસ્થાન) પ્રાપ્ત થાય છે; અને પછી જ્યારે ચારિત્રમોહનીય કર્મ ક્રમશઃ જાય છે, ત્યારે આગળના (પંચમાદિ) ગુણસ્થાનો પ્રાપ્ત થાય છે. અર્થાત્ બહારના સંસારનો નાશ ક્રમશઃ થાય છે.

૮૩. સંસારના સર્વ સંબંધો સ્વાર્થ આધારિત અને ક્ષણિક હોવાથી, તેમાં આસક્તિ રાખવા જેવી નથી; પરંતુ આપણું જે પણ કર્તવ્ય હોય તે પૂરી નિષ્ઠાથી નિભાવવાનું છે, તેમાં કોઈ પણ કચાશ રાખવાની નથી.

૮૪. શરીર અશુચિઓથી ભરેલું છે, તેને અનેક વખત સ્નાન કરાવવા છતાં તરત જ અશુદ્ધ થઈ જાય છે. તેથી ધોયેલા કપડાને એક પણ વાર શરીર ઉપર ધારણ કરતા, તે કપડા પણ



WWW.JAYESHSHETH.COM

અશુદ્ધિયુક્ત થઈ જાય છે. તથા શરીરમાં કરોડો રોગો ભરેલા છે, તે ક્યારે ઉદયમાં આવશે તેનો કોઈ ભરોસો નથી. તેવા શરીરનો મોહ રાખવા જેવો નથી.

૮૫. સંસાર આધિ-વ્યાધિ-ઉપાધિથી ભરેલો છે. સંસારમાં ક્યાંય પણ સુખ ન હોવા છતાં જે સુખ લાગે છે, તે સુખાભાસ માત્ર છે અને તે ક્ષણિક પણ છે. તે સાચું સુખ નથી. જ્યાં સુધી મોહ મંદ થતો નથી ત્યાં સુધી આ વાત સમજમાં આવતી નથી. તેથી જેમને સંસારમાં સુખ ભાસે છે, તેમણે 'સમ્યગ્દર્શનની રીત'માં જણાવેલ ઉપાયો દ્વારા મોહને મંદ કરવો જોઈએ.

૮૬. મનુષ્યભવ અતિ દુર્લભ છે, તેમાં પણ પૂર્ણ ઇન્દ્રિયો, દિર્ઘ આયુષ્ય, આર્ય ક્ષેત્રમાં જન્મ, ઉત્તમ કુળમાં જન્મ, સત્ય ધર્મ પ્રાપ્તિ, સત્ય ધર્મ ઉપર શ્રદ્ધા, વગેરે એક એકથી અતિ દુર્લભ છે. તેને પામ્યાં પછી પણ જો આપણે તેનો સાચો ઉપયોગ ન કરી શકીયે, તો આપણને અંતે એકેન્દ્રિયમાં જવાથી કોઈ બચાવી શકે તેમ નથી. અને તે એકેન્દ્રિય ગતિમાંથી બહાર નીકળવું ચિંતામણિરત્નની પ્રાપ્તિથી પણ અધિક દુર્લભ જણાવેલ છે.

૮૭. Daily Progress એટલે દૈનિક પ્રગતિ. જો આપણે દરરોજ આંતરિક-આધ્યાત્મિક પ્રગતિ ન કરી શકીયે, તો આપણું આધ્યાત્મિક પતન નિશ્ચિત છે. કારણ કે આપણા ભાવ સ્થિર નથી રહેતા. જો તે ચઢતા ન થાય તો અવશ્ય પડતા થઈ જશે.

૮૮. આપણી પાસે અનંતકાળ સુધી રહેવાના માત્ર બે જ સ્થાનો છે – એક છે નિગોદ અને બીજું છે મોક્ષ. અર્થાત્ અત્યારે આપણી પાસે બે જ વિકલ્પ છે – જો આપણે મોક્ષ પામવા માટે સમ્યગ્દર્શન પ્રાપ્ત ન કર્યું તો નિયમથી બીજા વિકલ્પરૂપ નિગોદ પ્રાપ્ત થશે. નિગોદ તો આપણાં જેવા સંસારી જીવો માટે Default setting છે જ. એટલે કે કોઈ પણ પ્રયત્ન વગર જ આપોઆપ નિગોદ મળે છે. પરંતુ મોક્ષની પ્રાપ્તિ અર્થે 'સમ્યગ્દર્શનની રીત'માં જણાવેલ ઉપાયો અર્થાત્ આત્માનો પુરૂષાર્થ કરવો આવશ્યક છે; હવે નક્કી દરેકે પોતે જ કરવાનું છે કે પોતાને શું જોઈએ છે.

૮૯. આ મનુષ્યભવની દરેક પળ અત્યંત મુલ્યવાન છે કારણ કે જે સમય વીતી ગયો, તે ફરીથી આવતો નથી. કોઈ પણ મુલ્ય ચૂકવવા છતાં પાછો આવતો નથી. તેથી આપણે દરેક

પળનો ઉપયોગ વિવેકપૂર્ણ રીતે કરવાનો છે અને એક પણ પળ વ્યર્થ (આત્મજ્ઞાનના લક્ષ રહિતના કામોમાં) ગુમાવવા જેવી નથી.

૯૦. હું દેહરૂપ નથી પરંતુ દેહદેવળમાં બિરાજમાન એવો ભગવાન આત્મા છું. હું જ પાંચેય ઇન્દ્રિયોના માધ્યમથી જાણવા-જોવાવાળો એકમાત્ર જ્ઞાયક છું. તેથી જ્યાં સુધી હું હાજર છું ત્યાં સુધી જ આ ઇન્દ્રિયો જાણે-જોવે છે, જેવો હું શરીરમાંથી નીકળ્યો (અર્થાત્ મૃત્યુ) પછી આ જ ઇન્દ્રિયો નકામી થઇ જશે. ઇન્દ્રિયો આત્મા વગર કાંઈ પણ જાણી-જોઈ શકતી નથી. ખરેખર આત્મા જ બધું જાણે-જોવે છે, નહીં કે ઇન્દ્રિયો. તેથી જ આત્માને જ્ઞાયક સંજ્ઞા (નામ) પ્રાપ્ત છે.

૯૧. હું સત્-ચિત્-આનંદ સ્વરૂપ (આત્મા) છું. સત્ એટલે અસ્તિત્વ, અર્થાત્ મારૂં અસ્તિત્વ ત્રિકાળ છે. ચિત્ એટલે જાણવું-જોવું, અર્થાત્ મારૂં કાર્ય ત્રિકાળ જાણવા જોવાનું છે. આનંદ અર્થાત્ અનંત આવ્યાબાધ અતિન્દ્રિય સુખ, અર્થાત્ મારો સ્વભાવ ત્રિકાળ આનંદમય છે. આવા વૈભવવાન હોવા છતાં અનેક જીવો સુખાભાસની પાછળ પાગલ થયેલા જણાય છે, સુખાભાસની ભીખ માગતા જણાય છે; આ જ અત્યંત કરૂણાજનક વાત છે.

૯૨. સાચું સુખ તેને કહેવાય કે જે સ્વાધીન હોય, શાશ્વત હોય, ક્યારેય તેનાથી કંટાળી ન જવાય, દુ:ખ મિશ્રિત ન હોય, દુ:ખપૂર્વક ન હોય અને દુ:ખજનક પણ ન હોય. આત્મા આવો સુખમય છે. બીજા જે પણ સુખ લાગે છે કે દેખાય છે તે તમામ, સુખાભાસ માત્ર છે. કારણ કે તે ક્ષણિક છે, પરાધીન છે, દુ:ખમિશ્રિત છે, દુ:ખપૂર્વક છે અને દુ:ખજનક પણ છે.

૯૩. ધર્મ ૨૪ x ૭નો હોય, અર્થાત્ ચોવીસ કલાક અને સપ્તાહના સાતેય દિવસ ચાલે તેવો હોય. ચાર ભાવના, બાર ભાવના, બીજાં યોગ્યતાના બોલ અને ધન્યવાદ! સ્વાગતમ!(Thank You! Welcome!)નો ભાવ આપણે ૨૪ x ૭ સજાવવાના (ચિંતવવાના) છે. કારણ કે આપણો કર્મબંધ ૨૪ x ૭ ચાલતો રહે છે, તેથી આપણે તેનાથી બચવા માટેનો ધર્મ પણ ૨૪ x ૭ ચાલે તેવો હોવો જોઈએ. નહીં કે દિવસમાં એક વખત પ્રક્ષાલ, પૂજા, પ્રવચન, સામાયિક, નિત્યક્રમ, સ્વાધ્યાય, ધ્યાન કે પ્રતિક્રમણ વગેરે કરી લેવાથી આપણું કામ પુરૂં થઈ જાય છે.

૯૪. જાગૃતિ માટે આપણે દર કલાકે કે બે કલાકે પોતાના મનના પરિણામ તપાસતા રહેવાના છે, પરિણામને ઉન્નત કરતા રહેવાના છે અને લાગેલા પાપોનું પ્રાયશ્ચિત, નિંદા, ગર્હા, વગેરે કરવાનું છે; ફરીથી તેવા પરિણામ ન થાય તેનું ધ્યાન રાખવાનું છે.

૯૫. જ્યારે પણ સમય મળે નમસ્કાર મંત્રનું સ્મરણ કરતા રહેવું અને આપણે પણ ભગવાન બનવાનું છે તે યાદ રાખવું, લક્ષ રાખવું.

૯૬. નિરંતર સત્સંગની ઇચ્છા, અંતર્મુખી રહેવું, પોતાના દોષો તપાસતા રહેવા, તેને સુધારવાનો (દોષો delete કરવાનો) પુરૂષાર્થ કરતા રહેવો, વગેરે કેવળ આત્મપ્રાપ્તિના લક્ષપૂર્વક કરવું આવશ્યક છે. કારણ કે વિદ્વાનો માટે પણ મોહને પરાસ્ત કરવો મહાદુષ્કર કામ છે. કારણ કે કોરી/શુષ્ક વિદ્વતા મોહરાક્ષસને પરાજિત કરવા માટે પુરતી નથી, કાર્યકારી નથી.

૯૭. મોહને પરાજિત કરવા માટે જેટલો વૈરાગ્ય અને “સમ્યગ્દર્શનની રીત”માં જણાવેલ અન્ય યોગ્યતાઓ આવશ્યક છે તેટલી વિદ્વતાની આવશ્યકતા નથી, ઉલટું ક્યારેક તો વિદ્વતા કષાયને (ક્રોધ-માન-માયા-લોભને) જન્મ આપવાવાળી અથવા કષાયને વધારવાવાળી બની જાય છે. તેથી સદા સાવધાન રહેવું આવશ્યક છે.

૯૮. વર્તમાન કાળમાં (કળયુગમાં) જે જીવોને આત્મા વિશેની જિજ્ઞાસા થાય છે, તે જીવો ભાગ્યશાળી છે.

૯૯. જો આપને સુખ ખપતું હોય (સુખના ઇચ્છુક હોય), તો પોતાની શક્તિ અને સમય સુખ શોધવામાં નહીં પરંતુ સ્વાત્માનુભૂતિના લક્ષે શુભભાવમાં લગાવો; તેથી બાહ્ય તેમજ આંતર એ બન્ને સુખ આપોઆપ સામેથી આવશે.

૧૦૦. જ્યારે આપણે બીજા માટે સારૂં વિચારીએ છીએ અથવા કરીયે છીએ ત્યારે આપણું સારૂં થવાનું આપોઆપ જ શરૂ થઈ જાય છે.

WWW.JAYESHSHETH.COM

૧૦૧. અનાદિથી આપણે લોકસંજ્ઞાથી દોરવાઈને જીવ્યા છીએ અર્થાત્ લોકો જે કરે છે, માને છે તેને જ આપણે સાચું માનીને જીવ્યા છીએ. તેથી અનાદિથી આપણે આ દુ:ખભર્યા સંસારમાં અનંત દુ:ખ ભોગવીયે છીએ.

૧૦૨. જ્ઞાન અને જ્ઞાનીના વિનયથી જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થાય છે. તેનાથી જીવ સત્ય-અસત્યનો વિવેક કરીને મોહનીય કર્મનો ઉપશમ, ક્ષયોપશમ અથવા ક્ષય કરીને આત્મજ્ઞાન (સમ્યગ્દર્શન) પામી શકે છે.

૧૦૩. જયારે આપણે પોતાની ભૂલને છુપાવવા અથવા તેને સાચી સાબિત કરવાની ભાંજગડમાં લાગી જઈએ છીએ ત્યારે આપણે પોતાના માટે અનંતાનંત દુ:ખોને આમંત્રણ આપીયે છીએ.

૧૦૪. જીવને પ્રાય: અનંત સંસારમાં ડૂબાડવાવાળા સ્થાનો આ છે:

વિષય-કષાય, આરંભ-પરિગ્રહ, અહં-મમ (હું-મારૂં), કર્તાપણું, નિમિત્તાધીનતા, ઈર્ષ્યા, પરનિંદા, દંભ, શરીર-ધન-કામભોગાદિ, આર્તધ્યાન-રૌદ્રધ્યાન, પ્રાપ્ત ધન પ્રત્યે આસક્તિ, અપ્રાપ્તની તૃષ્ણા, તત્વની વિપરીત સમજ, વગેરે: તેથી આ તમામ કારણોથી બચવાનો પુરૂષાર્થ કરવો આવશ્યક છે.

૧૦૫. મુમુક્ષુ જ્યારે પાપ કરે છે ત્યારે પણ તેના અભિપ્રાયમાં પાપની અનુમોદના હોતી નથી. અન્યથા તે મુમુક્ષુ કહેવાને લાયક પણ રહેતો નથી.

૧૦૬. મનને હલકા વિચારોમાં જોડાયેલું રહેવા દેવાથી આપણું અનંત ભવિષ્ય બગડી શકે છે, ખરાબ થઇ શકે છે.

૧૦૭. તત્વનો ખોટો નિર્ણય અથવા વિપરીત અભિનિવેષ (આગ્રહ, દુરાગ્રહ અથવા હઠાગ્રહ) આપણને અનંત સંસાર જ આપે છે.

૧૦૮. જિનસિદ્ધાંતની યથાર્થ સમજ જ આપણને આત્મપ્રાપ્તિ (સમ્યગ્દર્શન) અને અનંત સુખ (મોક્ષ) અપાવી શકે છે.

WWW.JAYESHSHETH.COM

૧૦૯. આત્મપ્રાપ્તિ (સમ્યગ્દર્શન) માટે આપણે વિષયગૃદ્ધિથી બચવું અત્યંત આવશ્યક છે.

૧૧૦. જો આપણે સમજી લઈએ કે તમામ જીવો (નિશ્ચયથી) સિદ્ધ જેવા જ છે, તો પછી આપણા અહંકારને સ્થાન જ ક્યાં રહેશે? (અર્થાત્ સ્થાન જ નહીં રહે)

૧૧૧. વિદ્વતા એવી હોવી જોઈએ કે જે પોતાને સંસારના દુ:ખોથી મુક્ત કરાવે. ખરેખર તેને જ સાચી વિદ્વતા કહી શકાય.

૧૧૨. વિદ્વતા ન હોવા છતાં સમ્યગ્દર્શન (આત્મજ્ઞાન) થઈ શકે છે પરંતુ પાત્રતા-યોગ્યતા ન હોવા છતાં સમ્યગ્દર્શન થઈ શકતું નથી.

૧૧૩. આપણે જો ધર્મ કરતા હોઈયે તો એ તપાસવું જરૂરી છે કે આપણે નીતિવાન છીએ કે નહીં. જો આપણે નીતિવાન ન હોઈયે તો, આપણે જે ધર્મ કરતા હોઈયે તેને ચકાસવો પડશે કે તે ધર્મ સાચો છે કે નહીં. કારણ કે સત્ય ધર્મ કરવાવાળો જીવ અનીતિયુક્ત ન હોય શકે.

૧૧૪. જ્યારે આપણે કોઈ પણ કાર્ય કરતા હોઈએ ત્યારે તેનો ઉદ્દેશ તપાસવો આવશ્યક છે. જો તે ઉદ્દેશ ખોટો (ખરાબ, અનૈતિક કે ધર્મવિરૂદ્ધ) હોય તો તે ઉદ્દેશને સુધારવા વિશે વિચારવું આવશ્યક બની જાય છે.

૧૧૫. આપણને લાગે છે કે આપણને આંખોથી દેખાય છે પરંતુ આંખ તો કેવળ માધ્યમ છે. જ્યારે આપણે કોઈ બારીમાંથી અથવા કારના કાચમાંથી જોઈએ છીએ ત્યારે તે બારી કે કાચ નથી જોતા પરંતુ આપણે જોઈએ છીએ. તેવી જ રીતે જ્યારે આપણે આંખોથી જોઈએ છીએ ત્યારે આંખો નથી જોતી, આપણો આત્મા જુએ છે. ખરેખર તો તે જોવાવાળો આત્મા જ હું છું.

૧૧૬. સ્વચ્છંદતા અને સ્વતંત્રતા વચ્ચેની ભેદરેખા બહુ પાતળી છે. તેથી આપણે નિત્ય તપાસતા રહેવું જોઈએ કે આપણે સ્વતંત્રતાના નામે સ્વચ્છંદતાનું પોષણ તો નથી કરતા ને?

૧૧૭. આપણી ઉદારતા એ નથી જણાવતી કે આપણે શ્રીમંત છીએ કે નહીં. આપણી ઉદારતા તો આપણું વ્યક્તિત્વ અને ભવિષ્ય જણાવે છે.

WWW.JAYESHSHETH.COM

૧૧૮. આપણે અનાદિથી સાચી સમજણના અભાવને કારણે દુ:ખ ભોગવીયે છીએ. જ્યારે આપણી સમજણ સાચી એટલે કે સમ્યક્ બની જાય છે, ત્યારે આપણું વર્તમાન અને ભવિષ્ય બન્ને સુખમય બની જાય છે.

૧૧૯. આત્માર્થી ક્યારેય વાદ-વિવાદમાં પડવા ઇચ્છતો નથી. એ તો માત્ર પોતાના (આત્મા) માટે શું આવશ્યક છે તેના ઉપર વિચાર કરીને વાદ-વિવાદ વગર તેનું જ પોતે પાલન કરે છે. અને બીજાને પણ તેને માટે પ્રેરણા કરે છે.

૧૨૦. જ્યારે આપણે આપણા અધિકારોનો દુરૂપયોગ કરીયે છીએ ત્યારે આપણે એ અવશ્ય ખ્યાલ રાખવાનો છે કે આપણે આપણું ભવિષ્ય દુ:ખમય બનાવી રહ્યા છીએ.

૧૨૧. પ્રાપ્ત અધિકારોનો સદ્‌પયોગ ન માત્ર આપણને મહાન બનાવી શકે છે પરંતુ આપણું વર્તમાન અને ભવિષ્ય પણ ઉજ્વળ બનાવી શકે છે.

૧૨૨. સત્ય ધર્મ એટલે ક્યો ધર્મ ? સત્ય ધર્મ એટલે સમ્યગ્દર્શન. સત્ય ધર્મ એટલે આત્મજ્ઞાન. સત્ય ધર્મ એટલે સ્વાત્માનુભૂતિ. કારણ કે સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યા વગર ધર્મમાં પ્રવેશ જ મળતો નથી.

૧૨૩. આત્મજ્ઞાની (સમ્યગ્દૃષ્ટિ) વધુમાં વધુ સમય આત્મામાં (આત્માનુભૂતિમાં) રહેવા ઈચ્છે છે પરંતુ જ્યાં સુધી તેમનામાં ચારિત્રની નિર્બળતા છે ત્યાં સુધી અભિપ્રાય વગર પણ તે રોગના ઉપચાર રૂપે ભોગ ભોગવે છે.

૧૨૪. અઢાર પ્રકારના પાપોમાં સૌથી મોટું પાપ મિથ્યાત્વનુ (શરીરમાં હું પણું કરવાનું) છે. તેને દૂર કરવા માટે એકમાત્ર સમ્યગ્દર્શનના (આત્મજ્ઞાનના) લક્ષે અન્ય પાપોથી દૂર રહેવાનો પ્રયાસ કરવો જોઈએ.

૧૨૫. સાધકે લજ્જાયુક્ત જીવન જીવવું જોઈએ. કારણ કે નિર્લજ્જતાથી જીવતો સાધક સાચી (સમ્યક્) સાધના કરી શકતો નથી.

૧૨૬. દુ:ખ જૂના પાપોથી આવે છે. જ્યારે દુ:ખ આવે ત્યારે સાધક તેનો પ્રતિકાર અવશ્ય કરી શકે છે પરંતુ પોતાના ભાવ બગાડ્યા વગર. કારણ કે પ્રતિકાર કરતા સમયે જો આપણા ભાવ બગડે તો નક્કી જ નવા પાપોનો બંધ થાય છે. તે નવા પાપ આપણને ભવિષ્યમાં નવા દુ:ખ આપવા સક્ષમ હોય છે.

૧૨૭. પાપ છુપાવવાનો ભાવ નવા પ્રગાઢ પાપોનો બંધ કરાવે છે, કે જે આપણને ભવિષ્યમાં દુ:ખ આપવા સક્ષમ હોય છે.

૧૨૮. સાધકે પોતાની જાત સાથે પ્રમાણિકતાથી રહેવું જોઈએ. જો તે પોતાની જાત સાથે અપ્રમાણિકતા કરે છે તો તેને અનંતકાળ સુધી આ દુ:ખરૂપ સંસારમાં ભટકવું પડી શકે છે.

૧૨૯. ઇન્દ્રિયોના વિષયો જે જીવને સુખમય લાગે છે, તેવા જીવને માટે તે પાપ બંધનું કારણ બને છે. તે પાપબંધ તેવા જીવને ઘણા કાળ સુધી દુ:ખ આપવા સક્ષમ હોય છે.

૧૩૦. જ્યારે આપણે કોઈ પણ પાપ છૂપી રીતે કરીયે છીએ અને ખુશ થઈયે છીએ કે કોઈનેય મારા પાપની ખબર નથી, ત્યારે તે પાપબંધ આપણને ઘણા કાળ સુધી દુ:ખ આપવા માટે સક્ષમ હોય છે. કારણ કે આવા પાપબંધ વધારે તીવ્ર હોય છે.

૧૩૧. આપણે જે સંપ્રદાયમાં છીએ તે આપણને સત્ય તરફ લઈ જાય છે કે નહીં તે આપણા પરિણામ જોઈને ચકાસતા રહેવું જોઈએ.

૧૩૨. જો આપણા પરિણામમાં કોઈ સુધારો જણાતો નથી તો આપણે એ તપાસવું જરૂરી બની જાય છે કે ડોક્ટર (ગુરુ) બરોબર નથી કે દવા (સાધના) બરોબર નથી કે આપણે દવા (સાધના) બરોબર લેતા (કરતા) નથી.

૧૩૩. જેઓને ધર્મ કરીને દેવગતિ પ્રાપ્ત કરવી છે તેઓને કદાચ દેવગતિ મળે કે ન પણ મળે પરંતુ ભવિષ્યમાં તેઓને એકેન્દ્રિયમાં અનંતકાળ વિતાવવો પડી શકે છે કારણ કે શાસ્ત્રોમાં જણાવ્યું છે કે બીજા દેવલોક સુધીના અધિકાંશ દેવો એકેન્દ્રિયમાં જાય છે.

WWW.JAYESHSHETH.COM

૧૩૪. આત્મપ્રાપ્તિ માટે ધર્મ કરવાવાળાને દેવગતિ સહજમાં જ મળી જાય છે અને આત્મપ્રાપ્તિ પછી અનંત સુખ રૂપી મોક્ષ પણ મળે છે.

૧૩૫. જ્યારે રુચિ ઇન્દ્રિયોના વિષયોમાં હોય છે ત્યારે પાપકર્મ બંધાય છે અને તેનાથી દુર્ગતિ મળે છે. કારણ કે જીવ પોતાના કર્મો અનુસાર જ ગતિ પામે છે.

૧૩૬. સદ્ગતિ માટે પુણ્ય આવશ્યક છે. સારી ગતિ ફરી ફરી મળે અને પછી મોક્ષની પ્રાપ્તિ થાય તેને માટે સમ્યગ્દર્શન (આત્મજ્ઞાન) આવશ્યક છે.

૧૩૭. જો પુણ્ય આત્મજ્ઞાનના (સમ્યગ્દર્શનના) લક્ષપૂર્વક ન હોય તો તે પુણ્યથી ફરી-ફરી સદ્ ગતિ મળતી અટકી જાય છે. કારણ કે સંસાર પુણ્યથી પાર થતો નથી પરંતુ આત્મજ્ઞાનથી જ પાર થાય છે.

૧૩૮. માત્ર આત્મજ્ઞાનના (સમ્યગ્દર્શનના) લક્ષવાળું પુણ્ય સારૂં માની શકાય છે.

૧૩૯. જ્યારે આપણે એવો નિર્ણય કરી લઈયે કે એકમાત્ર આત્મજ્ઞાન (સમ્યગ્દર્શન) જ પ્રાપ્ત કરવા જેવું છે, બીજે ક્યાંય પણ પુરૂષાર્થ કરવા જેવો નથી, ત્યારે આપણી આત્મપ્રાપ્તિ સરળ બની જાય છે.

૧૪૦. શાસ્ત્રો અરીસો સમજીને વાચવાના છે. શાસ્ત્રો સાથે આપણા ભાવોની સરખામણી કરતા રહેવાની છે અને આપણા ભાવોને શાસ્ત્રો અનુરૂપ બનાવવાનો પુરૂષાર્થ પ્રારંભ કરવાનો છે.

૧૪૧. દરેક પરિસ્થિતિમાં વિવેકને જાગૃત રાખવો જરૂરી છે કારણ કે વિવેક વગર સાધકની ક્યારે પડતી થઈ જશે તેની ખબર પણ નહીં પડે.

૧૪૨. અનાદિથી આપણે આપણી તમામ કુશળતા, ચાલબાજી (કુટીલતા) કરવામાં જ લગાવેલ છે. હવે આપણે આપણી તમામ કુશળતા, ચાલબાજી છોડવામાં લગાવવાની છે.

૧૪૩. માત્ર નૈતિક આચરણ હોવાથી આત્મજ્ઞાન (સમ્યગ્દર્શન) પ્રાપ્ત થઈ જતું નથી, પરંતુ તેના માટે અન્ય યોગ્યતાઓનું હોવું પણ એટલું જ અનિવાર્ય છે.

WWW.JAYESHSHETH.COM

૧૪૪. બીજાની સાથે કઠોર વર્તન કરવાવાળાએ આ વિચારવું જોઈએ કે જે હું બીજાને આપું છું તે જ મને મળશે. શું હું તેના માટે તૈયાર છું ? આવું વિચારતા જ તેમની કઠોરતા દૂર થઈ થશે, જેનાથી તેમનું ભવિષ્ય સુધરી જશે.

૧૪૫. આત્મજ્ઞાની દયાવાન તો હોય જ છે. તેનાથી એમ ન સમજવું કે માત્ર દયાવાન હોવાથી જ આત્મજ્ઞાન (સમ્યગ્દર્શન) પ્રાપ્ત થઈ જશે. આત્મજ્ઞાન માટે અન્ય યોગ્યતાઓનું હોવું પણ એટલું જ અનિવાર્ય છે.

૧૪૬. આ જીવનમાં જો આત્મજ્ઞાન (સમ્યગ્દર્શન) ન પણ મળે તો પણ સાધકે હતાશ થવાની જરૂર નથી. કારણ કે દરેક જીવે ક્યારેક તો પાયો નાખવાનો જ છે. તેથી કોઈ પણ જીવ એક વખત સત્ય માર્ગમાં ચાલવાનું શરૂ કરે છે તો તેને મંઝીલ આપોઆપ જ મળશે, તેથી હતાશ થવાની કોઈ જરૂર નથી.

૧૪૭. આપણે દરેક જીવ પાસેથી કાંઈક ને કાંઈક અવશ્ય શીખવાનું છે કારણ કે દરેક જીવમાં કોઈ ને કોઈ ગુણ અવશ્ય હોય છે.

૧૪૮. વડીલોના અનુભવમાંથી આપણે શીખ લેવાની છે. નહીં તો આપણે સંસારમાં ઘણું ભટકવું પડી શકે છે.

૧૪૯. જેમને સંસારમાં પોતાનું નામ કરવું છે અને તેના માટે જ કામ કરે છે, તેમને સંસારમાં ઘણું ભટકવું પડી શકે છે.

૧૫૦. આપણા શાસ્ત્રો જણાવે છે કે આપણે ઘણીવાર દીક્ષા લીધેલ પરંતુ મોક્ષ પ્રાપ્ત થયો નથી. કારણ કે આપણે આત્મજ્ઞાન (સમ્યગ્દર્શન) વગર જ દીક્ષા લીધેલ અને આત્મજ્ઞાન વગર કોઈનો મોક્ષ થતો નથી.

૧૫૧. શાસ્ત્રોમાં જણાવેલ છે કે આત્મા સ્વરૂપથી શુદ્ધ છે. આવું જાણીને આપણે સ્વરૂપ પ્રાપ્તિનો પુરૂષાર્થ કરવાનો છે પરંતુ આવું (શુદ્ધ) માનીને આપણે ભ્રમમાં નથી રહેવાનું અને નથી તે ભ્રમના ખોટા આનંદમાં રહેવાનું.

WWW.JAYESHSHETH.COM

૧૫૨. જો આપણે મિથ્યાત્વ દશામાં જ (સ્વાત્માનુભૂતિ વગર જ) પોતાના આત્માને શુદ્ધ માનવાનું શરૂ કરી દીધું અને તે ભ્રાંતિનો આનંદ લેવાનું પણ શરૂ કરી દીધું તો આપણે પુરૂષાર્થહીન દશાને પ્રાપ્ત થઈ જઈશું. કારણ કે જ્યારે આપણે પોતાને શુદ્ધ જ માનતા હોઈએ અને તે ભ્રમનો આનંદ પણ લેતા હોઈએ તો પછી આપણે હવે તે શુદ્ધાત્માને પામવાનો પ્રયત્ન જ નહીં કરીયે.

૧૫૩. જો આપણે દરેક જીવ પાસેથી કાંઈક ને કાંઈક સારૂં શીખવાનું શરૂ કરી દઈએ તો આપણને રોજ વધુ સારા બનતા કોઈ રોકી નહીં શકે.

૧૫૪. અનાદિથી આપણે પ્રભુનો ઉપદેશ અનેક વખત સાંભળ્યો છે પરંતુ આપણે તેનો સ્વીકાર નથી કર્યો, તેથી જ આપણે હજી સુધી સંસારમાં ભટકી રહ્યા છીએ.

૧૫૫. જ્યારે આપણું કોઈ કાર્ય પ્રયાસ કરવા છતાં સફળ થતું નથી ત્યારે આપણે તે અસફળતાને નિયતિના રૂપમાં સ્વીકારી લેવી જોઈએ. જેથી આપણું મન આર્તધ્યાનથી બચી જાય.

૧૫૬. દરેક જીવ પુરૂષાર્થ કરે છે અને તેના પુરૂષાર્થની દિશાથી જ તે જીવનું ભવિષ્ય નક્કી થાય છે.

૧૫૭. દરેક જીવ પોતાનું નામ અને ખ્યાતિ આ દુનિયામાં જ છોડીને જાય છે. માત્ર કર્મો જ સાથે લઈને જાય છે. તેથી પુરૂષાર્થ નામ અને ખ્યાતિ માટે નહીં પરંતુ આત્માના ઉત્થાન માટે કરવો જોઈએ.

૧૫૮. જ્યારે આપણે બીજા ઉપર હસીયે છીએ ત્યારે આપણે પાપ બાંધીયે છીએ. જેનાથી ભવિષ્યમાં આપણે અનેકવાર હાંસીના પાત્ર બની શકીયે છીએ.

૧૫૯. દરેક સંયોગમાં જીવ કાં તો પ્રસન્ન થાય છે કે ખીન્ન થાય છે, તેનાથી પાપબંધ થાય છે. તેથી સંયોગથી ન તો પ્રસન્ન થવાનું છે કે ન તો ખીન્ન થવાનું છે. કર્મ સંયોગ જેવો પણ હોય તેનો સ્વીકાર કરવાનો છે અને તેનો પોતાના આત્માના ઉત્થાન માટે યોગ્ય રીતે ઉપયોગ કરવાનો છે.

WWW.JAYESHSHETH.COM

૧૬૦. જ્યારે કોઈ પણ જીવ સાંસારીક વસ્તુ માટે સંઘર્ષ કરે છે ત્યારે તે જીવને તેનાથી પાપનો બંધ થાય છે. સાંસારીક વસ્તુ સંઘર્ષથી નહીં પરંતુ પુણ્યથી પ્રાપ્ત થાય છે. તેથી સાંસારીક વસ્તુ માટે સંઘર્ષ નથી કરવાનો, તેને માટે માત્ર ઉચિત પુરૂષાર્થ જ કરવાનો છે અને ધર્મ માટે વધુમાં વધુ પુરૂષાર્થ કરવાનો છે.

૧૬૧. ધન આપણા પૂર્વકૃત પુણ્યનું જ ફળ છે છતાં લોકો ધનથી પોતાને મહાન માનવા લાગે છે. પરંતુ જ્યારે જીવ ધનથી પોતાને મહાન માનવા લાગે છે ત્યારે તે જીવ નવા પાપોનો બંધ કરે છે કે જે તે જીવને ભવિષ્યમાં નિર્ધન અવસ્થામાં લઈ જઈ શકે છે. તેથી ધનથી પોતાને મહાન ન માનતા તેનો યોગ્ય ઉપયોગ કરવો જોઈએ કે જેથી તે ફરી-ફરી મળતું રહે.

૧૬૨. સાચું સુખ વૈરાગ્યપૂર્વક આત્માજ્ઞાન (સમ્યગ્દર્શન) પ્રાપ્ત કર્યા પછી જ ચાખવા મળે છે. તમામ સાંસારિક સુખ આભાસમાત્ર જ સુખ છે. જેમને સાંસારિક સુખ જ પ્રિય છે એવા જીવોને તે નિયમથી દુ:ખનું કારણ બને છે.

૧૬૩. સફળતા પુણ્યથી મળે છે અને આપણે સમજીએ છીએ કે તે આપણી હોંશિયારીથી મળી છે. સફળતા માત્ર હોંશિયારીથી નથી મળતી.

૧૬૪. સત્ય ધર્મના ફળસ્વરૂપે અનુકૂળતા અને અનાકૂળતા (સાચું સુખ) બન્ને મળે છે.

૧૬૫. અભ્યાસ કરીને આપણે ડિગ્રીઓ તો મેળવી લઈએ છીએ, પરંતુ તેની સાથોસાથ સાચી સમજણ કેળવીને આત્મકલ્યાણ કરી લેવાનું ક્યારેય વિચારતા નથી.

૧૬૬. આપણે કોઈના પ્રત્યેના પ્રેમને (અહોભાવને) જ ભક્તિ માની લઈએ છીએ. પરંતુ જ્યારે ભક્તિ સમ્યક્ હોય છે ત્યારે એકમાત્ર આત્મા પ્રત્યેનો જ પ્રેમ (અભેદ ભક્તિ જ) શેષ રહી જાય છે.

૧૬૭. જીવ પોતાનું આખું જીવન પરિગ્રહ (ધન, મકાન, દુકાન, પરિવાર ઇત્યાદિ) ભેગો કરવામાં ખર્ચી નાખે છે તો પણ તેને સંતોષ થતો નથી. આ રોગ અનાદિનો છે, તેનાથી જીવે બચવાનું છે.

૧૬૮. જીવની દૃષ્ટી નિત્ય પોતાની ઓછપો ઉપર જ રહે છે, તેનાથી તે સદા દુ:ખી રહે છે. આપણે નિત્ય પોતાની દૃષ્ટી પોતાના સારા ગુણો ઉપર રાખીને પ્રસન્ન રહેવાનું છે અને જ્યારે પણ ખામીઓ દેખાય ત્યારે તેને દૂર કરવાનો પુરૂષાર્થ કરવાનો છે.

૧૬૯. આપણે જીવનભર જે પણ કાર્યો કરીયે છીએ તેનાથી જ આપણું વ્યક્તિત્વ ઓળખાય છે અને તેનાથી જ કર્મબંધ પણ થાય છે. તેથી આપણે જીવનભર સારા કાર્યો કરવા જોઈએ.

૧૭૦. સાચી સાધના તે છે કે જે આપણને સ્વભાવની નજીક લઈ જાય. બીજી તમામ સાધના નામમાત્રની (કહેવા પૂરતી) સાધના છે.

૧૭૧. સંયોગો સારા હોય કે ખરાબ, આપણે તમામ સંયોગોમાંથી કાંઈક ને કાંઈક શીખવું જોઈએ, શીખ લેવી જોઈએ.

૧૭૨. જે પોતાને માત્ર વર્તમાન પર્યાય જેટલો જ માને છે તે સત્ય પ્રાપ્ત નહીં કરી શકે. કારણ કે આત્મા ત્રિકાળ અસ્તિત્વ ધરાવે છે, તેવા આત્માને વર્તમાન પર્યાય જેટલો જ માનવાથી મિથ્યાત્વ (ખોટી માન્યતા) જ દૃઢ થાય છે.

૧૭૩. આપણને આપણી દૃષ્ટિ (મુખ્ય-ગૌણ પ્રાથમિકતા) અનુસાર જ અભેદ-અખંડ આત્મા પ્રાપ્ત થાય છે. જો આપણી દૃષ્ટિ ભેદ ઉપર હોય તો અભેદ-અખંડ આત્મા પ્રાપ્ત નહીં થાય.

૧૭૪. આત્માને સમજાવવા માટે તેના દ્રવ્ય-ગુણ-પર્યાય વગેરે ભેદ કર્યા છે. અનંત ગુણભેદ-શક્તિભેદ પણ કર્યા છે. વાસ્તવમાં આત્મા એક-અભેદ છે, તેમાં કોઈ ભેદ નથી. જો આપણે સ્વાત્માનુભૂતિ વગર જ તે શક્તિઓનો ભ્રમિત આનંદ લેવાનું શરૂ કર્યું તો એક-અખંડ આત્માનો અનુભવ શક્ય નથી. કારણ કે ભેદમાં રમતા જીવને અભેદનો અનુભવ અશક્ય છે.

૧૭૫. આત્મા ને સમજાવવા માટે તેના દ્રવ્ય-ગુણ-પર્યાય વગેરે ભેદ કર્યા છે. વાસ્તવમાં આત્મા એક-અભેદ છે, તેમાં કોઈ ભેદ નથી. જો આપણે તેમાના કોઈ પણ ભેદને ભૌતિક રીતે કાઢીને શુદ્ધાત્માનો અનુભવ કરવા ઇચ્છીયે તો શુદ્ધાત્માનો અનુભવ શક્ય જ નથી. કારણ કે ભેદમાં રમતા જીવને અભેદનો અનુભવ અશક્ય છે.

WWW.JAYESHSHETH.COM

૧૭૬. જાણકારી માટે આત્માનો મહિમા જાણવા-વાચવામાં કોઈ વાંધો નથી. પરંતુ જો આપણે સ્વાત્માનુભૂતિ વગર જ તે મહિમાનો ભ્રમિત આનંદ લેવાનો શરૂ કરી દઈયે તો પછી આપણે પુરૂષાર્થહિન દશાને પ્રાપ્ત થઈશું. કારણ કે જો આપણે પોતાને વર્તમાન પર્યાયમાં જ મહિમાવાન માની લઈયે તો પછી આગળ તે મહિમાને પ્રગટ કરવાનો પુરુષાર્થ શા માટે કરીશું ? અર્થાત્ નહીં કરીયે.

૧૭૭. પરમાં (શરીર અને અન્ય પરપદાર્થોમાં) એકત્વ કરવાવાળાને અનંતકાળ સુધી સ્વાત્માનુભૂતિ થતી નથી. તેથી તેઓ અનંતકાળ સુધી સંસારમાં ભટકતા અનંત દુ:ખો ભોગવે છે.

૧૭૮. આપણી ભૂલ સુધાર્યા વગર સફળતા મળી શકતી નથી. તેથી આપણે શાંત મને પોતાની ખોટી માન્યતાઓને સમ્યક્ કેવી રીતે કરવી તેના વિશે વિચારવું જોઈએ.

૧૭૯. આપણે જે વિચારોમાં આપણા મનને મગ્ન રાખીયે (પરોવીયે) છીએ તે વિચારો જ આપણા આત્માની ભવિષ્યની દિશા અને દશા નક્કી કરે છે.

૧૮૦. જ્યારે આપણે આપણી ભૂલ બતાવનાર ઉપર ગુસ્સો કરવાનું શરૂ કરીયે છીએ ત્યારે આપણી પ્રગતિ રોકાઈ જાય છે, અટકી જાય છે.

૧૮૧. જો આપણે ધર્મમાં સફળ થવું હોય તો આપણે શાસ્ત્રોનો સર્વાંગી અભ્યાસ કરીને આપણી ધારણાને સમ્યક્ બનાવવા ઉપર ધ્યાન આપવું જોઈએ.

૧૮૨. જો આપણે સત્તાના શિખર ઉપર બેસીને અન્યાય-અનીતિ કરીયે છીએ તો આપણું ભવિષ્ય અંધકારમય જ હશે તે વાત નિશ્ચિત છે.

૧૮૩. ધર્મની દરેક ક્રિયા પાછળ કોઈ ને કોઈ હેતુ અવશ્ય હોય છે. તેને જાણીને તે હેતુપૂર્તિ માટે જ તે ક્રિયા કરવી જોઈએ.

૧૮૪. આપણે જે પણ ધર્મ કરીયે તે આત્મહિત માટે જ કરીયે તે સુનિશ્ચિત કરવું જોઈએ.

WWW.JAYESHSHETH.COM

૧૮૫. જ્યારે આપણો પુણ્યનો ઉદય હોય અર્થાત્ બધી સુખ-સુવિધા ઉપલબ્ધ હોય ત્યારે જો આપણે ધર્મ નહીં કરીએ તો આપણું ભવિષ્ય અંધકારમય જ હશે તે વાત નિશ્ચિત છે.

૧૮૬. આપણા વિચારોથી જ આપણો અભિપ્રાય બને છે અને અભિપ્રાય અનુસાર જ કર્મોનો અનુબંધ હોય છે. તેથી આપણે આપણી વિચારસરણી સુધારવાનો પુરૂષાર્થ નિત્ય કરતા રહેવો જોઈએ.

૧૮૭. પૂરતા પૈસા ભેગા કરીને ધર્મ કરીશું આવું ક્યારેય વિચારવું ન જોઈએ. કારણ કે આપણું મન એવું છે કે ગમે તેટલા પૈસા ભેગા થાય તો પણ ક્યારેય તે પૂરતા લાગતા જ નથી.

૧૮૮. ધર્મ પ્રત્યેની સાચી લગની જ આપણને આપણા લક્ષ (મોક્ષ-મુક્તિ) સુધી પહોંચાડશે.

૧૮૯. જેમણે પણ આત્મપ્રાપ્તિ કરી છે, તે નિશ્ચિત જ ભવિષ્યના ભગવાન છે. તેમનું ભવિષ્ય અત્યંત ઉજ્જ્વળ છે.

૧૯૦. તીવ્ર રાગ આત્મપ્રાપ્તિમાં અવરોધક કારણ છે. તેનું સમ્યક્ શમન કર્યા વગર જ્ઞાનની શીતળતાનો લાભ મળી શકતો નથી, આત્મપ્રાપ્તિ થઈ શકતી નથી.

૧૯૧. આત્મપ્રાપ્તિ માટે લઘુતા (નમ્રતા) આવશ્યક છે કારણ કે તેનાથી જ જીવના અહંકારનો નાશ થાય છે. અહંકારનો નાશ થવાથી જ જીવ આત્મપ્રાપ્તિની નજીક પહોંચી શકે છે.

૧૯૨. ધન માટે ધર્મ ન કરાય પરંતુ સત્ય ધર્મથી ધન સહજ જ પ્રાપ્ત થાય છે. જો તે ધનમાં આપણે સુખબુદ્ધિ રાખીયે છીએ તો તે ધન પણ આપણું અહિત જ કરે છે. તેથી ધર્મ આપણને શીખવે છે કે આત્મા સિવાય ક્યાંય પણ સુખબુદ્ધિ ન કરવી જોઈએ.

૧૯૩. પોતાને બદલવા સૌથી સરળ હોવા છતાં, તેના માટે આપણે ક્યારેય પ્રયત્ન કરતા નથી. તેથી દરેકે પોતાને ધર્મને અનુકૂળ બદલવા કારણ કે તે સમ્યગ્દર્શનની યોગ્યતા પ્રાપ્ત કરવા માટે અનિવાર્ય છે.

૧૯૪. મારે મારી ફરજ પૂરી સચ્ચાઇ અને ઇમાનદારીથી નિભાવવાની છે પરંતુ બીજા પાસે તેવી અપેક્ષા રાખવાની નથી કારણ કે અપેક્ષા દુ:ખનું કારણ છે.

WWW.JAYESHSHETH.COM

૧૯૫. જે લોકો સંપત્તિ માટે લડે છે અને બીજાને દગો દે છે તેવા લોકો પોતાનો અનંતકાળ વિપત્તિયુક્ત બનાવી લે છે. તેથી આપણને સમજાય છે કે સંપત્તિ માટે લડવું-દગો કરવો એ સમજદારી નહીં પણ ખરેખર મૂર્ખતા છે.

૧૯૬. આજકાલ લોકો આત્મપ્રાપ્તિ કર્યા વગર જ પ્રભાવના કરવા નીકળી પડે છે. પરંતુ સાચી પ્રભાવના આત્મપ્રાપ્તિ પછી જ સંભવે છે. પહેલા આત્મપ્રાપ્તિ કરીને પછી તેના માટે દિશા નિર્દેશ (ઉપદેશ) આપવો તે સૌથી મોટી પ્રભાવના છે.

૧૯૭. જેમને સત્ય ધર્મ પ્રાપ્ત કરવો છે તેમણે પોતાની તીવ્ર પસંદગી-નાપસંદગીને સમ્યક્ પ્રકારે દૂર કરવી પડશે.

૧૯૮. જેમને લોકો શું કહેશે એ વાતની ચિંતા છે તે સત્ય ધર્મ નહીં પામી શકે કારણ કે તે લોકસંજ્ઞાથી દોરવાઈ રહ્યા છે. તેમની પાસે સત્ય માટે લોકસંજ્ઞા છોડવાની હિંમત નથી.

૧૯૯. જેમને સંસારમાં સુખ ભાસે છે તેમના માટે સત્ય ધર્મ સમજવો મુશ્કેલ છે.

૨૦૦. આપણે આપણા દોષોના કારણે જ સત્ય ધર્મથી દૂર રહી જઈયે છીએ, તેથી આપણે તે દોષોનો સમ્યક્ ઈલાજ કરવો જોઈએ.

૨૦૧. જેમણે સત્ય ધર્મ સમજી લીધો છે તેઓ કોઈપણ પરિસ્થિતિમાં ખુશ રહેશે કારણ કે તેમને ખબર છે કે જે પણ થાય છે તે સારા માટે જ થાય છે.

૨૦૨. આપણે વિચારીયે છીએ કે આપણે ધર્મ ઘડપણમાં (મોટી ઉમરમાં) કરીશું પરંતુ આપણું આયુષ્ય કેટલું છે તે આપણને ક્યાં ખબર છે ? તેથી આજે આપણા જીવનનો છેલ્લો દિવસ છે તેમ સમજીને ધર્મ કરવો જોઈએ.

૨૦૩. પ્રભાવના કરવા માટે પહેલા પોતે સત્ય ધર્મની પ્રાપ્તિ કરવી આવશ્યક છે. માત્ર શિક્ષકની જેમ ભણાવવાથી પ્રભાવના નહીં થાય. તેના માટે વૈજ્ઞાનિકની જેમ પહેલા પોતાના જીવનમાં સત્ય ધર્મનો પ્રયોગ કરવો આવશ્યક છે.

WWW.JAYESHSHETH.COM

૨૦૪. આપણે સ્વયં અનુશાસનમાં (શિસ્તમાં) રહેવાનું છે. બીજા ઉપર અનુશાસન લાદવાનું નથી. બીજાને આપણે પ્રોત્સાહન આપી શકાય, બીજું કાંઈ ન કરી શકાય.

૨૦૫. આપણે બીજાની નિંદા ન કરવી જોઈએ પરંતુ તેમની ભૂલોમાંથી બોધપાઠ લેવો જોઈએ. અને તે ભૂલોનું પુનરાવર્તન આપણા જીવનમાં ન થાય તેનું ધ્યાન રાખવું જોઈએ. જો ભૂલ થઇ પણ જાય તો મનથી માફી માંગી લેવી અને ભવિષ્યમાં આવી ભૂલ ન થાય તેનું ધ્યાન રાખવું.

૨૦૬. પાપાનુબંધી પુણ્યના ઉદયવાળા લોકો વર્તમાનમાં પાપ કરતા હોવા છતાં પૈસા કમાઈ લે છે પરંતુ તેઓ એ વાતથી બેખબર હોય છે કે પાપ કરવાથી તેમનું અનંત ભવિષ્ય અંધકારમય અને દુ:ખમય બની જશે. આ વાત તેમના પ્રત્યે અત્યંત કરૂણા ઉપજાવે તેવી છે.

૨૦૭. જો આપણે પ્રતિકૂળતા આવવાથી પરેશાન થઇ જઈએ તો અનંત પાપકર્મોનો બંધ થાય છે. પરંતુ જો આપણે એ પ્રતિકૂળતાને પાપના ઉદય તરીકે સ્વીકારી લઈએ તો તે પ્રતિકૂળતા અડધી જ રહી જાય છે. અને જ્યારે આપણે એમ સમજી લઈએ કે પ્રતિકૂળતાથી આપણા પાપકર્મોની નિર્જરા થઇ રહી છે તો તે તકલીફ પણ આપતી નથી.

૨૦૮. જ્યારે આપણે પદ, પ્રતિષ્ઠા અને અનુકૂળતાની પાછળ ભાગીયે છીએ ત્યારે નિયમથી પાપ બંધાય છે પરંતુ જો આપણું પુણ્ય પૂરતું હોય તો તે જ પદ, પ્રતિષ્ઠા અને અનુકૂળતા સ્વયં સામે ચાલીને મળે છે.

૨૦૯. જેમને ધર્મ કરવાથી આનંદ નથી આવતો તેમણે એ સમજવું જોઈએ કે તેઓ ધર્મના નામે જે કાંઈ પણ કરી રહ્યા છે તે સત્ય ધર્મ નથી.

૨૧૦. આપણે ટોળાથી (ભીડથી) પ્રભાવિત થઇને ધર્મ પસંદ કરીયે છીએ પરંતુ સત્ય ધર્મ ભીડ જોઈને નહીં પરંતુ પરીક્ષા કરીને અપનાવવો જોઈએ.

૨૧૧. ધર્મપાપ્તિ તથા મોક્ષપ્રાપ્તિ માટે સમ્યક્ પુરૂષાર્થની સાથે ધૈર્ય પણ આવશ્યક છે.

૨૧૨. ધર્મપાપ્તિ માટે પહેલા માન્યતાનું પરિવર્તન, સૌથી મોટું પરિવર્તન કહેવાય છે.

WWW.JAYESHSHETH.COM

૨૧૩. વાદવિવાદ કરવાથી સત્યધર્મની પ્રાપ્તિ અસંભવ છે. કારણ કે વાદવિવાદ તો એવા લોકો કરે છે કે જેમને શીખવું નથી પરંતુ શીખડાવવું છે.

૨૧૪. ભાવના સહિત ધર્મક્રિયાઓ સમ્યક્ પરિણામદાયક છે. ભાવના વગરની ધર્મક્રિયાઓ માત્ર ધાર્મિકતાનો દેખાડો (દંભ) છે. તેનાથી કોઈ લોકોત્તર ફાયદો થતો નથી, ધાર્મિક પ્રગતિ થતી નથી.

૨૧૫. લોકો ધર્મનું શિક્ષણ લઈને પણ ડિગ્રી પ્રાપ્ત કરવા ઇચ્છે છે પરંતુ આવી કોઈ પણ ડિગ્રી મુક્તિ અપાવવા માટે સમર્થ નથી. મુક્તિ ઇચ્છવાવાળાનું મુખ્ય પ્રયોજન વિદ્વતા કે ડિગ્રીનું નહીં પરંતુ પોતાના જીવનમાં તે શિક્ષણનો ઉપયોગ કરવાનું હોવું જોઈએ.

૨૧૬. ગમે તેવા ઉચ્ચ પદ ઉપર બીરાજમાન વ્યક્તિએ પણ જો આત્માને ન જાણ્યો હોય તો તેઓ હવે પછીના ભવમાં પશુ પણ બને તો તેમાં કાંઈપણ આશ્ચર્ય નથી. અને તેવા અજ્ઞાનીઓ માટે ભવિષ્યમાં નિગોદ તો નિશ્ચિત જ છે.

૨૧૭. જેમણે આત્માની શ્રદ્ધા માત્રથી થવાવાળો શાંત ભાવ પણ ચાખ્યો નથી તેમને તો બાહ્ય સાધનોમાં જ સુખ દેખાય છે. જ્યારે તેમને પોતાની ભીતરમાં સુખ દેખાવા લાગે ત્યારે સમજી લેવું કે તેમની સાધના પ્રારંભ થઇ ગઈ છે.

૨૧૮. લોભ પાપનો બાપ છે. લોભી લોભમાં આંધળો હોય છે. તેથી તે ન્યાય-અન્યાયનો વિચાર કરતો નથી.

૨૧૯. લોકો પુણ્યનું કારણ સમજીને દાન આપે છે અને તેનાથી પોતાનું માન (અહંકાર) પોષે છે. પ્રાય: જ્યાં સુધી આત્મજ્ઞાન (સમ્યગ્દર્શન) નથી થયું ત્યાં સુધી દાન માનનું કારણ બને છે કે જે માનનું પોષણ કરતું દાન તે દાતાનું જ નુકસાન કરે છે.

૨૨૦. લોકો પાપ કરે છે અને મનમાં ભાવ પાપ છુપાવવાનો હોય છે. પાપને તો છુપાવી શકાય છે પરંતુ તેનું ફળ કેવી રીતે છુપાવી શકાશે? પાપનું ફળ પ્રાય: છુપાવી શકાતું નથી.

WWW.JAYESHSHETH.COM

૨૨૧. અનાદિ કાળથી આપણે દુનિયાને સાધવાનો જ પ્રયત્ન કરેલ છે પરંતુ તેનાથી આપણે આજ સુધી મુખ્યતઃ દુ:ખ સિવાય બીજું કાંઈ મેળવ્યું નથી. જો ખરેખર દુ:ખથી મુક્તિ જોઈતી હોય તો આપણે આપણા સ્વરૂપને સાધવું પડશે.

૨૨૨. લોકો સમજે છે કે આપણને "સમ્યગ્દર્શનની રીત" પુસ્તક મળી ગયું છે તો પછી ગુરૂનો ઠપકો સાંભળવાની શું જરૂર છે? તેઓ એ વાત નથી જાણતા કે સમ્યગ્દર્શનની યોગ્યતા પામવા માટે ગુરૂનો ઠપકો સૌથી જરૂરી ઔષધિ છે.

૨૨૩. માત્ર આત્માની લગની હોય અને આત્મા ન મળે તે અસંભવ છે.

૨૨૪. વિષયભોગ જ્યાં સુધી પોતાના આત્મા માટે વિષ ન લાગે ત્યાં સુધી તેનો ત્યાગ વધુ દિવસો સુધી ટકતો નથી.

૨૨૫. વર્તમાન પરિણામોને સંભાળો કારણ કે તે જ આપણું ભવિષ્ય નિર્ધારિત કરે છે.

૨૨૬. અધ્યાત્મ માર્ગમાં સૌથી મોટો અવરોધ ઘમંડ (અહંકાર) છે. ગુરૂ પ્રત્યેના સમર્પણભાવથી ઘમંડનો નાશ થાય છે.

૨૨૭. ઇચ્છા અધ્યાત્મમાર્ગમાં અવરોધરૂપ છે. ઇચ્છાનું ફળ નિગોદ છે એ વાત સમજવાથી ઇચ્છા આપોઆપ દૂર થઇ જશે.

૨૨૮. જ્ઞાનીને રાગનો રાગ નથી હોતો કારણ કે તેઓ રાગના ફળને જાણે છે. તેનાથી ઉલટું અજ્ઞાનીને રાગ દુ:ખરૂપ નથી લાગતો, તે તો રાગ વગરના જીવનની કલ્પના પણ કરી શકતા નથી.

૨૨૯. ઇન્દ્રિયભોગથી અમુક સમય માટે સંતોષ જરૂર મળે છે. પરંતુ ભોગ ભોગવવાથી ફરી ફરી ભોગ ભોગવવાની ઇચ્છા અધિક પ્રબળ બને છે. આ ઇચ્છા પોતે જ દુ:ખદાયી છે. તે ઉપરાંત ઇચ્છા અને ભોગ બન્ને પાપબંધના કારણ બને છે જે ભવિષ્યમાં તે જીવને દુ:ખ આપવા સક્ષમ છે.

૨૩૦. સાંસારિક સુખ એક છળ (છટકું) છે. ભોગ તો સુખના નામે દુ:ખ ઉત્પન્ન કરવાનું સાધન બને છે. તેનાથી બચવું અત્યંત જરૂરી છે.

૨૩૧. જેમને તત્વજીજ્ઞાસા હોય તેમને કોઈ રોકી ન શકે. સત્યશોધક નિડર હોય છે. ગમે તેવી પરિસ્થિતિ હોય તેઓ નિરંતર તત્વચિંતન કરતા રહે છે.

૨૩૨. જેમની પાસે આત્મા વિષે વિચારવાનો સમય જ નથી તેમનું ભવિષ્ય અંધકારમય અને પીડાદાયક છે.

૨૩૩. આપણી સુખ બહાર શોધવાની વૃત્તિ જ આપણા અંધકારમય ભવિષ્યનો સંકેત આપે છે. જો સુખ બહારના સાધનોમાં કે પદાર્થોમાં હોય તો જ્ઞાની અંતર્મુખી કેમ હોય?

૨૩૪. ભૌતિક ઉપલબ્ધિઓમાં સુખની કલ્પના કરીને આપણે તેની પાછળ ભાગીયે છીએ. જેનાથી આપણને ઇચ્છારૂપ દુ:ખ સિવાય બીજું કાંઈ મળતું નથી. જ્યારે હકીકત એ છે કે સાચું સુખ પામવાને લાયક આપણે ઇચ્છાના અભાવથી જ બની શકીએ.

૨૩૫. અનૈતિક આચરણ દ્વારા, આપણે પોતે જ આપણું ભવિષ્ય અંધકારમય અને પીડાદાયક બનાવીએ છીએ.

૨૩૬. આપણને આ જીવનમાં જે પણ સમય અને શક્તિ મળ્યાં છે તેનો યોગ્ય ઉપયોગ કરીને આપણે પોતાને આ જન્મ-જરા-મૃત્યુના ચકરાવામાંથી મુક્ત કરાવવાના છે, તે ચકરાવાને વધારવામાં તે સમય અને શક્તિ નથી વાપરવાના.

૨૩૭. જ્યાં સુધી આપણને પરદ્રવ્ય સુખનું કારણ લાગે છે ત્યાં સુધી આપણે સાચું સુખ પ્રાપ્ત નહીં કરી શકીએ. કારણ કે સાચું સુખ આપણી અંદર છે, તેથી તેને આપણી અંદર શોધવાનું છે અને તેમાં જ ઠરી જવાનું છે.

૨૩૮. જ્યાં સુધી આપણે ધન પ્રાપ્તિની લાલચથી પ્રેરાઈને શ્રીમંતોની પાછળ લાગ્યા રહીશું ત્યાં સુધી એ સમજવાનું છે કે આપણને પુણ્યથી ધનની પ્રાપ્તિ થાય છે ન કે કોઈ શ્રીમંતોની

પાછળ ભાગવાથી, એ વાત સમજમાં આવી નથી. તેનાથી જણાય છે કે આપણને ભગવાનના વચનો ઉપર વિશ્વાસ નથી અર્થાત્ ભગવાન ઉપર વિશ્વાસ નથી.

૨૩૯. પોતાના આત્માની અનુભૂતિ સરળ છે પરંતુ જેમને સંસાર ગમે છે તેમના માટે તે અત્યંત અઘરી છે.

૨૪૦. આ સંસારમાં મફતમાં કાંઈ મળતું નથી. ધનપ્રાપ્તિ પુણ્યના ઉદયથી થાય છે ન કે ધનવાનોની પાછળ ભાગવાથી. તેથી એમ નથી સમજવાનું કે આપણને ફાયદો કરાવવાવાળા આપણા ઉપકારી નથી. તેઓ ચોક્કસ ઉપકારી છે પરંતુ આપણા પુણ્યોદયના અભાવમાં તેઓ કાંઈ કરી શકતા નથી.

૨૪૧. જેમને આ હકીકતનો વિશ્વાસ નથી કે સાચું સુખ આત્મા સિવાય ક્યાંય નથી. તેઓ જ બાહ્યમાં સુખોની કલ્પના કરીને તેની પાછળ ભાગે છે. આવી વ્યક્તિ ક્યારેય લાંબા ગાળે સુખી થતી નથી કારણ કે આવી માન્યતાથી તેમનું નરક-નિગોદમાં અનંતકાળ માટે રહેવાનું નિશ્ચિત થાય છે.

૨૪૨. માયાચારી તિર્યંચગતિનું કારણ બને છે. માયાચારી કરવાવાળા સિવાય તેની જાણ બીજા કોઈને થાય કે ન પણ થાય પરંતુ માયાચારી કરવાવાળા જીવને અનંતાનુબંધી માયાનો (તીવ્ર પાપ કર્મોનો) બંધ અવશ્ય થાય છે.

૨૪૩. જેમને ભોગ ભોગવવાના ભાવ છે તેઓ પાપ બાંધવાવાળા છે અર્થાત્ ભોગ ભોગવવાના ભાવથી પાપ બંધાય છે. પુણ્યના ઉદયથી ભોગ તો વગર માંગ્યે જ મળી જાય છે. પરંતુ ભોગ ભોગવવાનીની ઇચ્છા જીવને સમ્યગ્દર્શનથી (આત્મજ્ઞાનથી) દૂર જ રાખે છે.

૨૪૪. જો આપણે આપણું કલ્યાણ કરવું હોય, પોતાનું કલ્યાણ ખપતું હોય તો આપણે આપણા પરિણામોને ધર્મ અનુસાર બદલવા પડશે. નહીં કે બીજાના પરિણામોને.

૨૪૫. ઇચ્છા જ સંસારનું કારણ છે, સંસારનું ચાલક બળ છે. ઇચ્છાપૂર્તિ સુખ આપી શકતી નથી કારણ કે તે અનંત ઇચ્છાઓના રૂપમાં અનંત દુ:ખ લઈને આવે છે.

૨૪૬. આપણને એ પણ ખબર નથી કે આપણે કઈ પળે આ ભવથી વિદાય થઇ જવું પડશે. છતાં પણ કોઈ જીવ મોજ-મજા કરવાનું વિચારતો હોય, તો તે તેની મુર્ખતા નથી તો બીજું શું છે?

૨૪૭. જેમને પાપ છોડવા જેવું લાગતું જ નથી તેમનો મોક્ષમાર્ગમાં પ્રવેશ અસંભવ છે.

૨૪૮. શરીર પ્રત્યે મમત્વ એટલે શરીરને 'હું' માનવું, શરીરથી પોતાનું અસ્તિત્વ માનવું કે જે સૌથી મોટું પાપ છે. તેનું જ નામ મિથ્યાત્વ છે.

૨૪૯. અનાદિના વિપરીત (ઊલટા) સંસ્કારોનું ફળ છે મિથ્યાત્વ.

૨૫૦. મને શું ગમે છે? આ જ મારી યોગ્યતાનું પ્રમાણ છે, અર્થાત્ આ જ મારી યોગ્યતાનું થર્મોમીટર છે.

૨૫૧. ઇચ્છા સંસારનું મૂળ છે અને ઇચ્છાનું મૂળ છે મોહ અને મિથ્યાત્વ.

૨૫૨. અપશબ્દ આપણા અંતરના ક્રોધને જ જણાવે છે કારણ કે જે અંતરમાં હોય તે જ બહાર પ્રગટે છે.

૨૫૩. નિષ્ફળતામાં દુ:ખી ન થવું, તે સાચી (સમ્યક્) સમજણનું ફળ છે.

૨૫૪. હ્યદયમાં જો કડવાશ હોય તો વાણીમાં તે સહજતાથી જ જણાય જાય છે.

૨૫૫. મુક્તિમાર્ગ તેમને પ્રાપ્ત થાય છે કે જેમને સંપૂર્ણ વિશ્વમાં આત્માથી અધિક મૂલ્યવાન અને ઉત્કૃષ્ટ બીજું કાંઈ લાગતું જ નથી.

૨૫૬. જેમને પરમાં સુખબુદ્ધિ છે અર્થાત્ પરમાંથી સુખ આવે છે એવી સમજણ છે, તેમને મુક્તિમાર્ગ મળતો નથી.

૨૫૭. આપણા વર્તમાનના પરિણામો જ આપણા ભવિષ્યના સુખ-દુ:ખ નિશ્ચિત કરે છે.

૨૫૮. પરદ્રવ્યથી માનનું પોષણ અથવા પરદ્રવ્યથી દીનતા જ આપણા અનંત સંસારનું કારણ છે.

૨૫૯. અજ્ઞાનીએ અનાદિથી ક્રોધ-માન-માયા-લોભના કારણે જ પોતાના અનંત જીવન ગુમાવ્યા છે અને અનંત દુ:ખો ભોગવ્યા છે.

૨૬૦. જેમને ભગવાન જ બનવું છે બીજું કાંઈ જ નહીં અર્થાત્ બીજી કોઈ ગતિમાં રસ નથી, તેમની ભવશૃંખલાનો (ભવભ્રમણનો) અંત નજીક છે.

૨૬૧. શાસ્ત્ર અનુસાર પોતાને અનુશાસનમાં (શિસ્તમાં) રાખવાવાળો સાધક જ પોતાની સાધનાનું સાચું ફળ પ્રાપ્ત કરી શકે છે.

૨૬૨. શાસ્ત્રોમાં સાધના માટે વિનયને વિશેષ મહત્વ આપવામાં આવ્યું છે. તેથી તમામ સાધકોએ અહંકાર છોડીને વિનયશીલ બનાવાનો પુરૂષાર્થ કરવો જોઈએ.

૨૬૩. શાસ્ત્રોના સમ્યક્ અભ્યાસનું ફળ તત્વાર્થશ્રદ્ધાન છે. જ્યારે આપણને અભિપ્રાયમાં આત્મા સિવાય બીજું કાંઈપણ પસંદ ન હોય ત્યારે તત્વાર્થશ્રદ્ધાન થયું કહેવાય.

૨૬૪. શાસ્ત્ર સ્વાધ્યાયનો એકમાત્ર હેતુ તત્વનું ભાવભાસન (નિર્ણય) હોવો જોઈએ. કોરી વિદ્વતા પ્રાપ્ત કરવાનો અથવા વિદ્વતા થકી ધન-સંપત્તિ પ્રાપ્ત કરવાનો હેતુ ન હોવો જોઈએ.

૨૬૫. જેમની પાસે શાસ્ત્રોથી નિર્ણિત સમ્યક્ જ્ઞાન નથી, તેમની પાસેથી ધર્મના નામે કોઈપણ વ્યક્તિ કાંઈપણ કરાવી શકે છે.

૨૬૬. સાચા દેવ-શાસ્ત્ર-ગુરૂનો વિનય જ આપણને આત્મજ્ઞાન તરફ દોરી જઇ શકે છે.

૨૬૭. સાચા દેવ-શાસ્ત્ર-ગુરુને ઓળખવા અત્યંત જરૂરી છે. જે ગુરુ બીજા પ્રત્યે દ્વેશ કે રોષ કરાવતા હોય તે સત્ય ધર્મ સમજાવી શકતા નથી.

૨૬૮. કોઈ ગુરુ ઉપર ભરોસો મુક્યા વગર આપણે કાંઈ કરી શકતા નથી. આ રીતે જ્યારે આપણને સાચા ગુરુની પ્રાપ્તિ થાય છે અને તેમના ઉપર ભરોસો થાય છે ત્યારે આત્મલાભ થયા વગર રહેતો નથી. આ જ સાચા ગુરુની ઓળખ છે.



WWW.JAYESHSHETH.COM

૨૬૯. જેઓ ઓછામાં ઓછું એક અંતર્મુહૂર્તમાં (૪૮ મીનીટમાં) એકવાર પોતાના આત્માનો અનુભવ કરે છે તેઓને શાસ્ત્રોમાં છઠ્ઠા-સાતમા ગુણસ્થાનકવર્તી સાધુ જણાવેલ છે.

૨૭૦. આપણે તત્વનો અભ્યાસ તો કરીએ છીએ, તેને ગોખીએ પણ છીએ; પરંતુ તત્વનું ગહન ચિંતન-મનન કરીને તેનું ભવભાસન કરવું જોઈએ, તત્વનો નિર્ણય કરવો જોઈએ.

૨૭૧. આપણું અસ્તિત્વ તો અનાદિથી છે પરંતુ અત્યારે જે આ મનુષ્ય-જન્મ વગેરે સંયોગો મળ્યા છે તે વારંવાર મળવા સંભવ નથી. તેથી તેનો યોગ્ય ઉપયોગ કરવો જોઈએ.

૨૭૨. ભગવાને આપણને ધર્મ પરિક્ષા કરીને ગ્રહણ કરવા જણાવેલ છે. જન્મથી આપણને જે ધર્મ મળ્યો હોય તેને અથવા જે ધર્મમાં ભીડ વધારે હોય તેને આંખો બંધ કરીને ગ્રહણ કરવાનું નથી જણાવ્યું.

૨૭૩. જ્યારે આપણે નામના માટે દાન આપીયે છીએ ત્યારે આપણે પુણ્ય સાથે પાપ પણ બાંધીયે છીએ. જે પુણ્ય બંધાય છે તે પણ નબળું જ બંધાય છે.

૨૭૪. સાચી વાતો આપણે આપણાથી નાના પાસેથી પણ શીખવી જોઈએ. તેમાં આપણે આપણો અહંકાર વચ્ચે ન લાવવો જોઈએ.

૨૭૫. જ્યારે આપણે વાતવાતમાં ગુસ્સો કરવા લાગીયે છીએ ત્યારે આપણે સમસ્યાનું સમાધાન મેળવી શકતા નથી પરંતુ આપણે સમસ્યાને વધારે જટીલ બનાવીયે છીએ.

૨૭૬. આપણે આપણા કાર્યો પાછળનો હેતુ (નિયત) તપાસતા રહેવો જોઈએ. કારણ કે જો આપણો હેતુ ખરાબ હોય તો આપણે સમજી લેવાનું કે આપણી નિયતિ (ભવિષ્ય) પણ ખરાબ છે.

૨૭૭. જો આપણે આપણી ફરજમાં કામચોરી અથવા બેઈમાની કરતા હોઈએ તો આપણને સત્ય ધર્મ મળવાની સંભાવના ઘણી જ ઓછી છે.

૨૭૮. અનાદિકાળથી આપણે મોહવશ અનંત દુ:ખો ભોગવ્યાં છે. હવે આપણે આ પરિપાઠી (સાતત્ય) ક્યાં સુધી ચાલુ રાખવી છે, તે જરૂર વિચારવું જોઈએ.

WWW.JAYESHSHETH.COM

૨૭૯. બાળકો પ્રત્યે આપણી પ્રથમ ફરજ તેમને સારા સંસ્કાર આપવાની છે કે જેથી તેઓ પોતાનું ભવિષ્ય સારું બનાવી શકે.

૨૮૦. આપણી સાથે બનતી દરેક ઘટનાને આપણે સકારાત્મક રીતે લઈને આર્તધ્યાનથી (પાપથી) બચી શકીયે છીએ.

૨૮૧. જે લોકો પોતાની સાથે બનતી દરેક ઘટનાને સકારાત્મક રીતે નથી લેતા તેઓ પોતાના વર્તમાન અને ભવિષ્ય એમ બન્નેયને બગાડે છે.

૨૮૨. જેમને વીતરાગી બનવું છે તેમણે સૌ પ્રથમ તીવ્ર રાગ-દ્વેષ છોડવા પડશે.

૨૮૩. લોભ કષાય તમામ કષાયોમાં શક્તિમાન છે કારણ કે તે આત્મજ્ઞાનીને પણ અશાંત કરી શકે છે, ખલેલ પહોંચાડી શકે છે.

૨૮૪. આપણે અનદિકાળથી પોતાને દેહરૂપ જ માન્યા છે. દેહના નામને જ પોતાનું નામ માન્યું છે. તેથી આપણે અનાદિથી દુ:ખી છીએ. હવે સત્યની અનુભૂતિ ક્યારે કરવી છે? તે વિચારવું જોઈએ.

૨૮૫. આપણે સાચો કે ખોટો, જેવો પણ વસ્તુસ્વરૂપનો નિર્ણય કરીયે છીએ તેવું જ આપણને તેનું ભાવભાસન થાય છે.

૨૮૬. જ્યારે તત્વનો સમ્યક્ નિર્ણય થાય છે ત્યારે પર્યાયમાં આપોઆપ જ સુધારો આવતો જાય છે. આ જ સહજ યોગ છે.

૨૮૭. પાંચ સમવાયોમાં (સ્વભાવ, કાળ, નિયતિ, નિમિત્ત-કર્મ, પુરૂષાર્થ) એક પુરૂષાર્થ જ આપણા હાથમાં છે. જો આપણે નિમિત્ત અથવા નિયતિ અથવા કાળની રાહ જોઈને વર્તમાન ગુમાવીશું તો આત્મજ્ઞાન પ્રાપ્ત થવું બહુ અઘરૂં છે.

૨૮૮. આપણે આત્મા હોવા છતાં અનાદિકાળથી આપણે પોતાને આત્મા ન માનીને જ અનંત દુ:ખ સહન કર્યું છે. જો ભવિષ્યમાં પણ પોતાને આત્મા નહીં માનીયે તો આપણું હિત-અહિત નહીં સમજાય અને તેથી આપણને ભવિષ્યમાં પણ અનંત દુ:ખ જ મળશે.

૨૮૯. જે લોકો દૃષ્ટિ(સમ્યગ્દર્શન)ના વિષયરૂપ 'પર્યાયરહિત દ્રવ્ય'ને પામવા ઇચ્છે છે, તેઓ પ્રથમ જ પર્યાયને યાદ કરીને પોતાના આત્માની પ્રાપ્તિનો રસ્તો બંધ કરી દે છે.

૨૯૦. તત્વના વિપરિત નિર્ણય સહિત સમ્યગ્દર્શન (આત્મજ્ઞાન) ક્યારેય થઇ ન શકે. તેથી સૌએ તત્વના સમ્યક્ નિર્ણય માટે જ પુરૂષાર્થ કરવો જોઈએ.

૨૯૧. જેઓ સુખી થવા ઇચ્છે છે તેમની દૃષ્ટી પોતાના આત્મસ્વભાવ ઉપર હોવી જરુરી છે. અન્યથા જેમ આપણે અનાદિથી ભટકી રહ્યા છીએ, દુ:ખ ભોગવી રહ્યા છીએ તે પરિસ્થિતિને બદલી નહીં શકાય.

૨૯૨. સમ્યગ્દર્શન (આત્મજ્ઞાન) ચિંતા કરવાથી નથી મળવાનું. તે આત્મચિંતન કરવાથી આપોઆપ જ મળે છે. આ જ સહજ યોગ છે.

૨૯૩. જ્યારે આપણે આત્મચિંતન કરીયે છીએ ત્યારે આપોઆપ જ આપણે સમ્યગ્દર્શનની (આત્મજ્ઞાનની) નજીક પહોંચીયે છીએ. જેઓ આત્મજ્ઞાન ન મળવાથી ચિંતિત રહે છે, તેઓને આર્તધ્યાનનું પાપ લાગે છે. અને ભવિષ્યમાં તેઓ હતાશ-નિરાશ થઇને આત્મજ્ઞાન માટેના પોતાના તમામ પ્રયત્નો જ છોડી દે છે.

૨૯૪. જ્યારે આત્મચિંતન ઉત્સાહપૂર્વક થતું હોય ત્યારે સમજવું કે સમ્યગ્દર્શનની (આત્મજ્ઞાનની) પ્રાપ્તિ નિશ્ચિત છે. પોતાને તપાસવા માટે "મને શું ગમે છે?" તે તપાસતા રહેવું જોઈએ.

૨૯૫. પ્રથમ આપણને ભોગોનું આકર્ષણ થાય છે, પછી આપણે તેને મેળવવાના પ્રયત્ન કરીયે છીએ. પ્રયત્ન કરવાથી આપણને ભોગ પ્રાપ્ત થાય જ તેવું નથી, પરંતુ તે ભોગો પ્રત્યેના આકર્ષણથી આપણને પાપબંધ અવશ્ય થાય છે. તેથી પ્રથમ આપણે ભોગો પ્રત્યેના આકર્ષણને સમાપ્ત કરવાનો પુરૂષાર્થ આદરવો જોઈએ.

૨૯૬. આપણે આપણી ફરજ બજાવતી વખતે અહંકારથી બચવું જોઈએ. જ્યારે આપણને ફરજ બજાવતી વખતે અહંકાર થાય છે ત્યારે આપણને તેના કારણે ઘણો પાપબંધ થાય છે.

WWW.JAYESHSHETH.COM

૨૯૭. જો આપણે પુણ્યોદયથી મળેલા સારા સંયોગોને આપણા કર્તુત્વપણા સાથે જોડીને અહંકાર કરીયે છીએ, તો આપણને ઘણો પાપબંધ થાય છે. ભવિષ્યમાં તે પાપના ઉદયથી આપણે દુ:ખી થઇ શકીયે છીએ. બીજું, અહંકારથી આપણું વર્તમાન પણ બગડે છે કારણ કે અહંકારથી આપણા જૂના પાપકર્મ પણ અધિક દુ:ખદાયી બની જાય છે.

૨૯૮. જ્યાં સુધી આપણે પોતાને આત્મા ન માનીયે ત્યાં સુધી આપણે આત્મના હિતનો વિચાર કેવી રીતે કરી શકીયે ? ન કરી શકીયે કારણ કે ત્યાં સુધી આપણને આપણા સ્વહિતની (આમહિતની) સુધ (દરકાર) પણ હોતી નથી.

૨૯૯. આપણે દુ:ખી, રોગી, પાપી, ચોર વગેરે પ્રત્યે એકમાત્ર કરૂણાભાવ જ રાખવો જોઈએ. નહીં તો આપણને ઘણો પાપબંધ થાય છે. તેમના પ્રત્યે રોષ કે દ્વેષ કરવાથી આપણું વર્તમાન પણ બગડે છે.

૩૦૦. જેમને પોતાના આત્માના હિતની ખબર છે તેઓ વર્તમાનમાં શાંત-સુખી-સહનશીલ છે અને તેમનું ભવિષ્ય પણ ઉજ્વળ છે.

૩૦૧. જેઓને માત્ર મોજ-મસ્તીનું જીવન જોઈએ છે અને આ સંસારનો (ભવિષ્યના અનંત દુ:ખોનો) ડર પણ નથી લાગ્યો, તેઓને સંસારથી મુક્તિ મળવી મુશ્કેલ છે.

૩૦૨. જેમને એક કે બે સારા ભવો જોઈએ છે તેમને આ સંસારનો (ભવિષ્યના અનંત દુ:ખોનો) ડર લાગ્યો નથી, તેમને સંસારથી મુક્તિ મળવી મુશ્કેલ છે.

૩૦૩. જેમને સત્ય ધર્મની પ્રાપ્તિ થઇ નથી તેમને વર્તમાન જીવનમાં પાપ કર્મોનો બંધ અધિક થાય છે. તેથી તેમનું ભવિષ્ય દુ:ખમય બની શકે છે.

૩૦૪. જો આપણે સત્ય ધર્મની પ્રાપ્તિ કરીને પોતે સુખી થયા હોઈયે તો જ આપણે બીજા કોઈને સુખી થવાનો માર્ગ જણાવી શકીયે છીયે. કારણ કે જે આપણી પાસે હોય તે જ આપણે બીજાને આપી શકીયે છીએ.

WWW.JAYESHSHETH.COM

૩૦૫. પ્રાય: (ઘણું કરીને) આપણો પૂર્ણ પુરૂષાર્થ આપણી પોતાની રુચિ અનુસાર જ હોય છે. તેથી જ્યાં સુધી આપણી રુચિ સંસારમાં છે ત્યાં સુધી આપણને ધર્મમાં સફળતા મળવી મુશ્કેલ છે.

૩૦૬. જ્યાં સુધી આપણું એકત્વ (હું પણું) આપણા શરીર સાથે છે ત્યાં સુધી આપણું કલ્યાણ થવું મુશ્કેલ છે. કારણ કે ખરેખર આપણે શરીર નહીં આત્મા છીએ.

૩૦૭. સત્ય ધર્મની પ્રાપ્તિ માટે આપણે આપણા મોહને હરાવવો જરૂરી છે, નહીં કે બીજા લોકોને કે બીજા ધર્મોને. અર્થાત્ આપણે બીજા લોકોને કે બીજા ધર્મોને હરાવવાના નથી, પરંતુ આપણા મોહને હરાવવાનો છે.

૩૦૮. જો આપણે અન્ય લોકો પ્રત્યે અથવા અન્ય ધર્મો પ્રત્યે દ્વેષભાવ રાખતા હોઈયે તો આપણું વર્તમાન અને ભવિષ્ય બન્ને બગડી શકે છે.

૩૦૯. લોકો કર્મો સામે લડવાની વાતો કરે છે. તેનો સાચો અર્થ એ છે કે કર્મોદય વખતે જો આપણા ભાવ બગડતા હોય તો સમ્યક્ સમજ દ્વારા તેને બગડતા અટકાવવાના છે. કર્મોથી લડવાની અસરકારક રીત આ જ છે કારણ કે આપણને કર્મો તો દેખાતા નથી પરંતુ આપણા ભાવ તો આપણને જરૂર અનુભવમાં આવે છે.

૩૧૦. ભૂતકાળમાં આપણે જે પણ સારા-ખરાબ ભાવો કર્યા હતા, તે ભાવોના નિમિત્તે આપણા આત્મા સાથે સારા-ખરાબ કર્મો બંધાયા હતા. તે સારા કે ખરાબ કર્મોના ઉદયથી આપણને સારા કે ખરાબ સંયોગો પ્રાપ્ત થાય છે. તે સારા કે ખરાબ સંયોગો વખતે આપણે સારા કે ખરાબ ભાવ કરવા સ્વતંત્ર છીએ. આપણે આપણા ભાવને સુધારીને કર્મોથી મુકત પણ થઇ શકીયે છીએ. તેથી આપણે કર્મો સામે લડવાનું નથી પરંતુ સમ્યક્ સમજથી પોતાના ભાવોને સુધારવાના છે.

૩૧૧. જ્યારે આપણને પાપના ઉદયમાં ખરાબ સંયોગો પ્રાપ્ત થાય છે ત્યારે આપણે દુ:ખી ન થતા અને રાગ-દ્વેષ નહીં કરીને, બાર ભાવના અને ચાર ભાવનાથી સમ્યક્ સમજ પ્રાપ્ત કરીને, આપણી પ્રતિક્રિયા સંયમિત રાખવી જોઈએ.

WWW.JAYESHSHETH.COM

૩૧૨. ક્યારે કેવા કર્મો ઉદયમાં આવી જશે તે આપણને ખબર નથી. તેથી બાર ભાવના અને ચાર ભાવનાની સમ્યક્ સમજ પ્રાપ્ત કરીને આપણે આપણી મનઃસ્થિતિ આત્મકેન્દ્રિત બનાવીને રાખવાની છે, જેથી આપણે સમય આવતા આપણી પ્રતિક્રિયા સંયમિત રાખી શકીયે અને આત્મજ્ઞાન તથા મુક્તિ તરફ આગળ વધી શકીયે.

૩૧૩. ધર્મ આપણા માટે શું કરે છે? ધર્મ આપણો વર્તમાન અને ભવિષ્ય; બન્નેય સુધારે છે, બન્નેયને સુખમય બનાવે છે. ક્યારેક ધર્મનિષ્ઠ વ્યક્તિઓને પણ મુશ્કેલી અને દુઃખ આવે છે પરંતુ તે ઓછા થઇને આવે છે, એટલે કે શુળીનો ઘા (ફાંસીની સજા) સોયથી ટળી જાય છે.

૩૧૪. ધર્મ આપણને શું શીખવે છે ? ધર્મ આપણને સદાયને માટે સુખી રહેવાની રીત શીખવે છે.

૩૧૫. શું ધર્મિષ્ઠ વ્યક્તિ રોગનો પ્રતિકાર કરે છે? ધર્મિષ્ઠ વ્યક્તિ પોતાની ધાર્મિક અવસ્થા (level) અનુસાર રોગનો પ્રતિકાર કરે છે કારણ કે તેઓ આ જીવન(શરીર)નું સાધના માટે શું મુલ્ય છે તે જાણે છે. એકાંત માન્યતાવાળા લોકો આ વાત સમજી શકતા નથી તેથી તેઓ ધર્મિષ્ઠ વ્યક્તિની ટીકા કરીને અનંત કર્મો બાંધે છે.

૩૧૬. એકાંત માન્યતાવાળા લોકો રોગને કર્મ, નિયતિ, કાળ, સ્વભાવ અને પુરૂષાર્થ એ પાંચ સમવાયોમાંથી કોઈ એક જ સમવાયનું ફળ માને છે અને પોતે લાપરવાહ રહે છે. આવી એકાંત ખોટી માન્યતાથી જ તેઓ યથાયોગ્ય સાવધાની રાખવાવાળા અનેકાંતના જાણનારની પણ ટીકા કરીને અનંત પાપકર્મો બાંધે છે.

૩૧૭. સર્વ જીવોને અનાદિથી મોહનો નશો હોય છે. જે જીવો તે મોહના નશામાંથી મુક્ત થઇ શકે છે, તે જીવો જ સંસારમાંથી (દુઃખોથી) મુક્ત થઇ શકે છે. તેવા જીવો સાદિ-અનંતકાળ માટે અનંત સુખી બની જાય છે.

૩૧૮. સર્વ જીવો સમાન છે, તેથી જ્યારે આપણે કોઈ જીવને નાનો/હલકો સમજીને અપમાનિત કરીયે છીએ ત્યારે આપણે આપણા માટે જ દુઃખોને આમંત્રણ આપીયે છીએ.

WWW.JAYESHSHETH.COM

૩૧૯. આપણે સર્વ જીવો સાથે મૈત્રી, પ્રમોદ, કરૂણા, મધ્યસ્થ અને ધન્યવાદ! સુસ્વાગતમ! (Thank you! Welcome!)ને મનમાં રાખીને જ વ્યવહાર કરવો જોઈએ. (વિશેષ સ્પષ્ટિકરણ માટે "સમ્યગ્દર્શનની રીત" વાચવી-ઉપરોક્ત વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે).

૩૨૦. જે અપેક્ષાએ (નયે) કથન કર્યું હોય તેને પ્રબુદ્ધ લોકો તે જ અપેક્ષાએ બરોબર સમજી લે છે. પરંતુ જેમને કોઈ નય-વિશેષનો આગ્રહ હોય છે તેઓ તે કથનને ખોટું સમજે છે.

૩૨૧. જેમને કોઈ નય-વિશેષનો આગ્રહ હોય છે તેઓ એકાંત માન્યતાવાળા હોય છે. તેઓને અન્ય નય-વિશેષ આધારિત હોય તેવા દરેક કથન ઉપર આપત્તિ હોય છે. તેથી જેમણે સત્ય ધર્મ પ્રાપ્ત કરવો છે તેમણે કોઈ પણ એક નય-વિશેષનો આગ્રહ ન રાખવો જોઈએ.

૩૨૨. સત્ય ધર્મ નયાતીત હોય છે કારણ કે સ્વાત્માનુભૂતિ નયાતીત હોય છે. તેથી જેમણે સત્ય ધર્મ પ્રાપ્ત કર્યો છે તેઓ કોઈપણ નયના એકાંત પક્ષપાતી હોતા નથી. તેઓ તમામ કથનોને યથાયોગ્ય રીતે સમજી લે છે. તેથી તેઓ જ શાસ્ત્રોનું સાચું અર્થઘટન કરી શકે છે.

૩૨૩. કોઈપણ નયનો અભિનિવેશ (આગ્રહ) આપણને શાસ્ત્રોનું સાચું અર્થઘટન કરતા અટકાવે છે. તેથી દરેક સાધક માટે નયોને યથાર્થ રૂપે સમજવા અત્યંત આવશ્યક છે.

૩૨૪. મોટા ભાગના સંપ્રદાયો કોઈ એક નયના અભિનિવેશને (આગ્રહને) જ આધાર માનીને ખીલતા હોય છે, ફેલાતા જણાય છે.

૩૨૫. જો આપણે પુણ્યથી જે પણ ધન-સંપતિ મળેલ છે તેને યથેચ્છ (ઇચ્છાનુસાર) ભોગોમાં વાપરીયે છીએ તો તેનાથી આપણે નવા પાપો બાંધીયે છીએ. તેથી તે ધનનો જીવન આવશ્યક ભોગો સિવાય દાન, પરોપકાર આદિમાં પણ સદ્ઉપયોગ કરવો જોઈએ.

૩૨૬. જ્યારે આપણે પોતાની નામના માટે કોઈ સારૂં કામ કરીયે છીએ ત્યારે આપણે પુણ્ય ઓછું અને પાપ અધિક બાંધીયે છીએ. તેથી આપણે દરેક સારૂં કાર્ય કોઈપણ અપેક્ષા વગર કરવું જોઈએ.

WWW.JAYESHSHETH.COM

૩૨૭. આપણે ભગવાનની પૂજા તેમને પ્રસન્ન કરવા માટે નહીં પરંતુ તેમણે જણાવેલ અક્ષત કલ્યાણ-માર્ગ પ્રત્યેનો અહોભાવ-કૃતજ્ઞભાવ વ્યક્ત કરવા માટે કરવાની છે.

૩૨૮. અનેક લોકો પોતાની સમસ્યાનું સમાધાન ન મળવાથી આત્મહત્યા કરવાની હદે નિરાશ-હતાશ થઇ જાય છે. પરંતુ જ્યારે તે જ લોકો આત્માના અસ્તિત્વને અને મોક્ષને સમજી લે છે ત્યારે તેઓ આનંદિત થઇ જાય છે અને પછી તેમને કોઈ સમસ્યા હેરાન કરતી નથી, તકલીફ આપતી નથી.

૩૨૯. જ્યારે આપણે આપણા ધનના બળે મંદિર/ધર્મસ્થાનમાં અધિકાર/સત્તા જમાવવાનું શરૂ કરીયે છીએ ત્યારે આપણે મંદિર/ધર્મસ્થાનમાં જઈને પણ પુણ્ય ઓછું અને પાપ વધારે બાંધીયે છીએ.

૩૩૦. જ્યારે આપણે આપણા ક્ષાયોપશમિક જ્ઞાનના બળે મંદિર-ધર્મસ્થાનમાં અધિકાર-સત્તા જમાવવાનું શરૂ કરીયે છીએ ત્યારે આપણે મંદિર-ધર્મસ્થાનમાં જઈને પણ પુણ્ય ઓછું અને પાપ વધારે બાંધીયે છીએ.

૩૩૧. જ્યારે પોતાના ભાવ તપાસતા ખબર પડે કે આપણને ખોટું બોલીને કોઈને છેતરવાના ભાવ છે તો તુરંત જ બાર ભાવનાથી તેનો ઈલાજ કરવો જોઈએ અન્યથા તે જ ભાવો આપણા અનંત ભવોના એટલે કે અનંત દુ:ખોના જનક બની જશે.

૩૩૨. જ્યારે પોતાના ભાવ તપાસતા ખબર પડે કે આપણને ધર્મ સિવાય બીજા કોઈ કારણથી દેહ-પુષ્ટિનો ભાવ છે તો તુરંત જ બાર ભાવનાથી તેનો ઈલાજ કરવો જોઈએ અન્યથા તે જ ભાવ આપણા અનંત ભવોનો એટલે કે અનંત દુ:ખોનો જનક બની જશે.

૩૩૩. જ્યારે પોતાના ભાવ તપાસતા ખબર પડે કે આપણને ધર્મ સિવાય બીજા કોઈ કારણથી વિશ્વ પર્યટનના ભાવ છે તો તુરંત જ બાર ભાવનાથી તેનો ઈલાજ કરવો જોઈએ અન્યથા તે જ ભાવ આપણા અનંત ભવોનો એટલે કે અનંત દુ:ખોનો જનક બની જશે.

૩૩૪. પાપીને ધિક્કારવાથી આપણને ઘણા પાપ કર્મોનો બંધ થાય છે. તેથી આપણે પાપી પ્રત્યે ધિક્કારભાવ નહીં પરંતુ કરૂણાભાવ રાખવો જોઈએ. અને તેવા બીજાના પાપ જાણી

WWW.JAYESHSHETH.COM

અથવા જોઈને તેમાંથી પણ આપણે કઇ રીતે આધ્યાત્મિક ફાયદો લઇ શકીયે તેની જાણકારી આપણને "સમ્યગ્દર્શનની રીત"ના ચોવિસમાં પ્રકરણમાં વર્ણવેલ "ધન્યવાદ! સુસ્વાગતમ!" (Thank you! Welcome!)નો સિદ્ધાંત વાચવાથી મળશે.

૩૩૫. હું આ શરીર નથી, હું તો જાણવા-જોવાવાળો આત્મા છું. મૃત્યુ સમયે કે જ્યારે હું આ શરીરમાંથી નિકળી જાઊં છું ત્યારે આ શરીરનું જાણવા-જોવાનું કામ અટકી જાય છે. અને ત્યારે આ શરીરને મૃતદેહ કહેવાય છે. પછી તેને કોઈ ઘરમાં રાખતું નથી, તેને વહેલી તકે તેના નિયતસ્થાને (સ્મશાને કે કબ્રસ્તાન વગેરેમાં તેનો નિકાલ કરવા) લઇ જવામાં આવે છે.

૩૩૬. મારે જાણવા-જોવાવાળા આત્મામાં જ મમત્વ ('હું'પણું) કરવાનું છે. તે જ મારા માટે સ્વ-તત્વ છે, તે જ મારા માટે 'પરમ સત્ય' છે. તેમાં જ મારૂં અક્ષત કલ્યાણ સમાયેલું છે.

૩૩૭. વિશ્વમાં અનાદિથી ભયનો વ્યાપાર ચાલે છે. "ભય વગર પ્રિતિ ન હોય" આ કહેવત સત્ય જ જણાવે છે. જેમને ધર્મ નહીં પરંતુ સુખશીલતા જ ગમે છે તેઓને પણ દુ:ખના ડરથી કરવો તો પડશે ધર્મ જ. આવું છે સત્ય સમીકરણ.

૩૩૮. કોઈ વ્યક્તિ જો દુ:ખના ડરથી અથવા કોઈ અન્યના દબાણમાં આવીને ધર્મ કરે છે તો, તે લાંબા સમય સુધી ટકતો નથી. પરંતુ જો કોઈ વ્યક્તિ સત્ય ધર્મની યથાર્થ સમજણ સાથે ધર્મ કરે છે તો, તે નિશ્ચિત જ મોક્ષમાર્ગ (અનંત સુખ) પ્રાપ્ત કરે છે.

૩૩૯. આપણે જે પણ ધર્મ-ક્રિયાઓ સાંસારિક સુખો માટે કરીયે છીએ તે જ ધર્મ-ક્રિયાઓ જો આપણે ભાવસહિત સત્ય ધર્મને અનુકૂળ (એક માત્ર આત્મપ્રાપ્તિને લક્ષે) કરીયે તો તે અનંત ફળ દેવાવાળી બની જાય છે.

૩૪૦. આપણી તમામ સાંસારિક મુંઝવણોના ઉત્તર અને સમાધાન સત્ય ધર્મમાં છે. આપણે તેને શોધવાની-સમજવાની રીત શીખી લેવી જોઈએ.

૩૪૧. જ્યારે આપણે આપણી સમસ્યાઓ વિશે ચિંતા કરીયે છીએ ત્યારે નિયમથી આપણને આર્તધ્યાન કે રૌદ્રધ્યાન થાય છે. પરંતુ જો તેજ સમસ્યાઓ વિશે આપણે સત્ય ધર્મને અનુકૂળ

ચિંતન કરીયે છીએ તો નિયમથી આપણને ધર્મધ્યાન થાય છે. આ કમાલ સત્ય ધર્મને સમજ્યા પછી જ થાય છે, અન્યથા તે શક્ય નથી.

૩૪૨. જ્યારે આપણે સારા વસ્ત્રો અને આભૂષણો પહેરીને ખુશ થઇયે છીએ ત્યારે આપણે એ પણ યાદ રાખવાનું છે કે આપણે આપણા આત્માને પણ સદગુણો અને સમ્યગ્દર્શનથી શણગારવાનો છે.

૩૪૩. લોકો હંમેશા ખૂબસૂરત દેખાવાની કોશિશ કરતા હોય છે. તેવી જ કોશિશ તેમણે પોતાને એટલે કે પોતાના આત્માને સદગુણો અને સમ્યગ્દર્શનથી ખૂબસૂરત બનાવવા પણ કરવી જોઈએ.

૩૪૪. જ્યારે કોઈ આપણને લાકડીથી મારે છે ત્યારે આપણે લાકડી મારવાવાળા સામે લડીયે છીએ નહીં કે લાકડી સામે. તેવી જ રીતે જ્યારે આપણને કોઈ દુ:ખ આપે છે ત્યારે આપણે આપણા ભાવો (કર્મો) સામે લડવાનું છે, નહીં કે દુ:ખ દેવાવાળા સામે કે જે માત્ર ટપાલી (પોસ્ટમેન) જ છે.

૩૪૫. સરળ જીવ માટે સત્ય ધર્મ અનુસાર પોતાને બદલવું સહેલું છે, પરંતુ વક્ર અને જડ જીવો માટે તે ઘણું કરીને અશક્ય જ હોય છે.

૩૪૬. સમ્યગ્દર્શનની (આત્મજ્ઞાનની) પ્રાપ્તિ માટે જીવે સૌ પ્રથમ પોતાની સમજને સમ્યક્ બનાવવી જોઈએ.

૩૪૭. સરળ જીવ પોતાનો અહંકાર છોડીને સમ્યક્ સમજ સહેલાઈથી પ્રાપ્ત કરી શકે છે.

૩૪૮. જે જીવના રાગ-દ્વેષ મંદ થઇ ગયા હોય, તેવા જીવો સમ્યક્ સમજ સહેલાઈથી પ્રાપ્ત કરી શકે છે.

૩૪૯. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે, સમજને સમ્યક્ બનાવવા માટે સૌથી પહેલા સાધકે પોતાનો અહંકાર છોડીને મિથ્યાત્વને દ્રઢ કરવાવાળા પોતાના પરિણામોના સ્વરૂપને તપાસવા જોઈએ.

WWW.JAYESHSHETH.COM

૩૫૦. પરિણામના નિયામક કારણ પાંચ સમવાયો છે, તે કારણોને આપણે તત્-સમયની યોગ્યતા પણ કહી શકીયે. પરંતુ પાંચ સમવાયોમાંથી આપણા હાથમાં માત્ર પુરૂષાર્થ જ છે. તેથી આપણે હંમેશા ઉચિત પુરૂષાર્થ કરતા રહેવો જરૂરી છે. યોગ્ય પુરૂષાર્થ કર્યા વગર આપણે આપણા પરિણામની જવાબદારી તત્-સમયની યોગ્યતા પર ઢોળી ન શકીયે.

૩૫૧. લોકો જ્યારે પોતાના પરિણામોની જવાબદારી તત્-સમયની યોગ્યતા પર ઢોળી દે છે ત્યારે તેઓ પોતાના પુરૂષાર્થને ગૌણ કરી દે છે, કે જે એકમાત્ર સમવાય આપણા હાથમાં છે. તેથી આપણા યોગ્ય પુરૂષાર્થ પશ્ચાત જે પણ બને છે તેને તત્-સમયની યોગ્યતા કહેવાય છે.

૩૫૨. તત્-સમયની યોગ્યતાની સાચી સમજ પુરૂષાર્થહીનતા નથી. સમ્યક્ પુરૂષાર્થ કર્યા પછી જે પણ થાય તેનો સ્વીકાર કરવો, તે જ તત્-સમય-યોગ્યતાની સાચી સમજ છે. તત્-સમય યોગ્યતાના બહાને આપણો સમ્યક્ પુરૂષાર્થ છોડીને અવળો પુરૂષાર્થ કરવો અર્થાત્ સંસારનો પુરૂષાર્થ કરવો તે મિથ્યાત્વ છે.

૩૫૩. આપણે ભગવાનનું જીવન-ચરિત્ર સારી રીતે વાંચીયે છીએ, તેમના ચરિત્રને બરોબર યાદ પણ રાખીયે છીએ. પરંતુ ભગવાનના માર્ગ ઉપર ચાલવાનો પ્રયાસ બહુ ઓછા લોકો કરે છે.

૩૫૪. આપણે ભગવાનના ઉપદેશ અને જીવનમાંથી ઘણું બધું શીખવું જોઈએ, ઘણું બધું શીખવા જેવું છે.

૩૫૫. ધન આપણા માટે આવશ્યક હોય શકે છે પરંતુ જ્યારે તે આપણું એકમાત્ર લક્ષ્ય બની જાય છે ત્યારે આપણું ભવિષ્ય અંધકારમય બનવાનું નિશ્ચિત થઇ જાય છે.

૩૫૬. જો આપણે દુનિયાના સાચા કે ખોટા કોઈપણ કામ કરીને ધન કમાવવા ઇચ્છીયે છીએ તો આપણું ભવિષ્ય અંધકારમય બનવાનું નિશ્ચિત થઇ જાય છે.

૩૫૭. જેને લોકો સુખ સમજે છે તે સદા આકુળતાવાળું હોય છે. જ્યારે સાચું સુખ તો નિરાકુળ (આકુળતા રહિત) હોય છે.

WWW.JAYESHSHETH.COM

૩૫૮. લોકો જે ઇન્દ્રિયજન્ય સુખને જ સુખ માને છે, તે સુખ પરાધીન હોય છે. સાચું સુખ તો સ્વાધીન હોય છે. અર્થાત્ પોતાને આધીન હોય છે, પરને આધીન નહીં.

૩૫૯. અપૂર્વ આનંદ, શાશ્વત સુખ અને ચિરશાંતિ માટે સત્ય ધર્મ સિવાય અન્ય કોઈ માર્ગ નથી. અર્થાત્ આ તમામ સત્ય ધર્મના જ ફળ છે.

૩૬૦. પ્રયોજન વગરની જીવહિંસા આપણને અંધકારમય ભવિષ્ય આપે છે. તેથી પ્રયોજન વગરની જીવહિંસાનો ત્યાગ અવશ્ય કરવો જોઈએ.

૩૬૧. આપણે સૌ જાણીયે છીયે કે પાંદડા ઉપર રહેલું ઝાકળનું ટીપુ અત્યંત ક્ષણિક હોય છે. પરંતુ આપણે એ સમજી નથી શકતા કે આપણું જીવન પણ એટલું જ ક્ષણિક છે. તેથી આપણે અનાદિથી સંસારમાં ડૂબેલા છીયે અને મુક્તિ પ્રાપ્ત કરી શક્યા નથી.

૩૬૨. સંસારમાં મોટાભાગના જીવોને એક પછી એક ઇચ્છા, આકાંક્ષા, તલપ વગેરે થતી રહે છે તેથી તેઓ સંસારથી મુક્ત થવાની વાત ક્યારેય વિચારી પણ શકતા નથી.

૩૬૩. અજ્ઞાની ક્રૂર કર્મો કરતા ડરતા નથી કારણકે તેઓ જાણતા નથી કે તે કર્મોનું ફળ શું આવશે અથવા તો તેઓને તે ફળની વાત ઉપર વિશ્વાસ જ નથી.

૩૬૪. જે સાધક સંસારનું સાચું સ્વરુપ જાણે છે તે પોતાને સંસારમાં ડૂબતા બચાવી શકે છે.

૩૬૫. આપણે અનાદિથી વિષયાસક્તિના કારણે આ સંસારમાં અનંત દુ:ખો સહન કર્યા છે. હવે ક્યાં સુધી આ ઘટનાક્રમ ચાલુ રાખવો છે ? કૃપા કરીને પોતાની ઉપર દયા કરવા અનુરોધ છે.

૩૬૬. આપણે અનાદિથી ક્રોધ, માન, માયા અને લોભના કારણે આ સંસારમાં અનંત દુ:ખો સહન કર્યા છે. હવે ક્યાં સુધી આ ઘટનાક્રમ ચાલુ રાખવો છે ? કૃપા કરીને પોતાની ઉપર દયા કરવા અનુરોધ છે.

WWW.JAYESHSHETH.COM

૩૬૭. અનાદિથી આપણે વિજાતિય અને સજાતીય પાત્રોના મોહને કારણે આ સંસારમાં અનંત દુ:ખો સહન કર્યા છે. હવે ક્યાં સુધી આ ઘટનાક્રમ ચાલુ રાખવો છે ? કૃપા કરીને પોતાની ઉપર દયા કરવા અનુરોધ છે.

૩૬૮. જેઓ જ્ઞાન અને આત્માના અવિનાભાવી સંબંધને જાણે છે, તેઓ આત્મજ્ઞાની બની શકે છે.

૩૬૯. યોગ્ય (આત્મપ્રાપ્તિના) ધ્યેયરહિત ધર્મક્રિયાઓ વધુ સમય ટકતી નથી. અને ન તો તે જીવને સત્ય ધર્મ તરફ લઈ જાય છે.

૩૭૦. યોગ્ય (આત્મપ્રાપ્તિના) ભાવરહિત ધર્મક્રિયાઓ વધુ સમય ટકતી નથી. અને ન તો તે જીવને સત્ય ધર્મ તરફ લઈ જાય છે.

૩૭૧. આપણા પૂર્વાગ્રહોને છોડ્યા વગર આપણે ક્યારેય સત્ય ધર્મને પ્રાપ્ત કરી શકતા નથી.

૩૭૨. સત્ય ધર્મ એટલે સ્વાત્માનુભૂતિ. તે જ સત્ય ધર્મ ઉત્કૃષ્ટ મંગલ છે, ઉત્કૃષ્ટ શરણ છે.

૩૭૩. જ્ઞાનીઓએ સાધના કરીને આત્મપ્રાપ્તિ કરેલ છે. તેઓ જગતના કલ્યાણ માટે પોતાની સાધના સાર્વજનિક કરે છે. જેથી અનેક લોકો પોતાનું કલ્યાણ કરી શકે.

૩૭૪. જ્યારે આપણે ખોરાકને દવા સમજીને ખાઈયે છીએ ત્યારે પાપનો બંધ ઓછો અને આત્મકલ્યાણ અધિક થાય છે. શરીરને સાધન સમજીને આપણે તેને ખોરાક આપીને સજ્જ રાખીયે છીએ, જેથી આપણે તેને અવરોધ વગર આત્મસાધનાના કામમાં લગાવી શકીયે.

૩૭૫. નવા કર્મોનો બંધ કેવી રીતે રોકી શકાય ? અર્થાત્ સંવર કેવી રીતે થઇ શકે ? કર્મો દેખાતા નથી તેથી તેને રોકવા સંભવ નથી. પરંતુ જ્યારે આપણે આપણો ઉપયોગ સ્વાત્માનુભૂતિમાં લગાવીયે છીયે ત્યારે કર્મોની ઘણી પ્રકૃતિઓનો બંધ આપોઆપ રોકાઈ જાય છે. તેથી એમ નિશ્ચિત થાય છે કે જો આપણે કર્મોનો બંધ રોકવો હોય તો આપણે અધિકમાં અધિક સ્વાત્માનુભૂતિમાં રહેવાનો પુરૂષાર્થ કરવો જોઈએ. તેને જ સંવર પણ કહેવાય છે.

WWW.JAYESHSHETH.COM

૩૭૬. દુ:ખોથી મુક્તિ માટે કર્મોને દૂર કરવાના છે. તેને નિર્જરા પણ કહેવાય છે. આપણે કર્મોને કાંઈ નથી કરવાનું કારણકે તે તો દેખાતા જ નથી. જ્યારે આપણે આપણો ઉપયોગ સ્વાત્માનુભૂતિમાં લગાવીયે છીયે ત્યારે કર્મોની અનેક પ્રકૃતિઓની નિર્જરા શરૂ થઇ જાય છે. તેથી એમ નિશ્ચિત થાય છે કે જો આપણે કર્મોની નિર્જરા કરવી હોય તો આપણે અધિકમાં અધિક સ્વાત્માનુભૂતિમાં રહેવાનો પુરૂષાર્થ કરવો જોઈએ.

૩૭૭. શાસ્ત્રોમાં સ્વાધ્યાયને કર્મોની નિર્જરા માટે અભ્યંતર તપરૂપે દર્શાવેલ છે. મોટાભાગના લોકો ધર્મ ગ્રંન્થોના વાંચનને (પઠન-પાઠનને) સ્વાધ્યાય માને છે. પરંતુ સ્વાધ્યાય નો સાચો અર્થ છે ધર્મગ્રન્થોને અરિસો માનીને પોતાના આત્માનો અનુભવ લેતા-લેતા ધર્મગ્રંથોમાં દર્શાવેલ ગુણોને ગ્રહણ કરવા અને પોતાના દોષોથી મુક્તિ મેળવવી. આવો સ્વાધ્યાય સાચી નિર્જરાનું કારણ બને છે.

૩૭૮. શાસ્ત્રોમાં ધ્યાનને કર્મોની નિર્જરા હેતુ અભ્યંતર તપ રૂપે જણાવ્યું છે. મોટાભાગના લોકો ધ્યાનનો અર્થ આસન લગાડીને સ્થિર બેસીને પોતાના શ્વાસ અથવા બિંદુ અથવા સ્ફટિક એવા કોઈપણ આલંબન ઉપર ધ્યાન લગાવવું એમ સમજે છે અને કરે પણ છે. પરંતુ ધ્યાનનો સાચો અર્થ એવો છે કે સુતા-જાગતા, ચાલતા કે બેસીને કોઈપણ મુદ્રામાં આત્માને કેન્દ્રમાં રાખીને અને આત્મપ્રાપ્તિ માટે કર્મવિપાક, સંસારસ્વરૂપ, લોકસ્વરૂપ વગેરેનું ચિંતન કરવું અથવા પોતાના અત્માનો અનુભવ લેતા રહેવો અને વચ્ચે-વચ્ચે ઉપર જણાવેલ ચિંતન કરવું. આવું ધ્યાન સાચી નિર્જરાનું કારણ બને છે.

૩૭૯. લોકો ક્યારેક ઇન્દ્રિયોને દુશ્મનના રૂપમાં રજૂ કરે છે. પરંતુ સાચો દુશ્મન તો આપણું મોહગ્રસ્ત મન છે કે જે, તે ઇન્દ્રિય-વિષયો પ્રતિ મોહવશ આકર્ષિત થઇને આપણને (આત્માને) સંસારમાં રખડાવે છે. તેથી કહી શકાય કે સાચો દુશ્મન મોહ છે નહીં કે ઇન્દ્રિયો.

૩૮૦. જ્યારે કોઈ જીવ સમ્યગ્દર્શન પામીને બીજાઓને સમ્યગ્દર્શન માટે પ્રોત્સાહિત કરે છે, મદદ કરે છે ત્યારે તે સમ્યગ્દૃષ્ટિ જીવ બીજાઓ ઉપર અનંત ઉપકાર કરે છે. કારણ કે સ્વાત્માનુભૂતિરૂપી સમ્યગ્દર્શન પાપ્ત કર્યા પછી તે બીજો જીવ પણ નિશ્ચિત જ અલ્પકાળમાં જ સિદ્ધત્વની પ્રાપ્તિ કરી લેશે કે જે બ્રહ્માંડની સૌથી મહાન સિદ્ધિ છે.

૩૮૧. જ્યારે આપણે કોઈ લૌકિક દૃષ્ટિથી સફળ વ્યક્તિની વાત કરીયે છીએ ત્યારે મોટાભાગના લોકો એ વ્યક્તિની જેમ સફળ થવાની ઇચ્છા કરે છે. તેવી જ રીતે, જ્યારે આપણે ભગવાનની સ્તુતિ, પ્રાર્થના અથવા પૂજા કરીયે છીયે ત્યારે આપણે તેમના જેવા બનવાનો વિચાર કરવો જોઈએ.

૩૮૨. મોટાભાગના લોકો નવ તત્વોની શ્રદ્ધાને જ સમ્યગ્દર્શન સમજે છે. પરંતુ સાચું સમ્યગ્દર્શન તો સ્વાત્માનુભૂતિ સહિત જ હોય છે. સ્વાત્માનુભૂતિ જ સત્ય છે, સ્વાત્માનુભૂતિ જ સમ્યગ્દર્શન છે, સ્વાત્માનુભૂતિ જ સત્ય ધર્મ છે.

૩૮૩. જ્યારે કોઈ જીવ બ્રહ્માંડના નિયમોને (Universal Lawને) સમજી લે છે, ત્યારે તે દરેક સંયોગોમાં ખુશ રહેવાનું શીખી લે છે. જો કોઈ દુ:ખ આવી પણ જાય છતાં તે વધુ સમય સુધી દુ:ખી નથી રહેતો.

૩૮૪. આપણે અનાદિકાળથી દુ:ખો ભોગવતા આવ્યા છીયે અને જ્યાં સુધી આપણે પોતાને ન ઓળખીયે અર્થાત્ આત્મજ્ઞાન ન કરી લઈયે, ત્યાં સુધી આપણને દુ:ખોથી કોઈ બચાવી શકે તેમ નથી.

૩૮૫. આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા આત્મજ્ઞાનીનો વિનય કરવો પરમ આવશ્યક છે. કારણ કે તે વિનયથી જ્ઞાનીનું નહીં પરંતુ પોતાનું ભલું થાય છે, તે વિનયથી આપણો અહંકાર નાશ પામે છે જેથી આપણે આત્મજ્ઞાન માટે પાત્ર બનીયે છીએ.

૩૮૬. લોકો ભગવાનની ભક્તિના ફળમાં કાંઈ ને કાંઈ ઇચ્છા કે માગણી કરે છે. પરંતુ સાચી ભક્તિ કોઈ ઇચ્છા કે માગણી માટે નહીં પરંતુ પોતાના આત્મકલ્યાણ માટે જ હોય છે.

૩૮૭. ઇન્દ્રિય વિષયોની ઇચ્છા સંસારના મૂળને તાજું-માજું રાખે છે, તેને સૂકાવા દેતી નથી. તેથી આપણને અત્યંત અલ્પ ભ્રામક-સુખના બદલામાં અનંતાનંત કાળ સુધી અનંત દુ;ખો મળે છે.

૩૮૮. લોકો સહનશીલતા વધારવાનો પ્રયાસ કરે છે પરંતુ તે પણ અમુક મર્યાદા સુધી જ વધે છે. છતાં તે બોજારૂપ પણ લાગે છે. પરંતુ જે જીવ “ધન્યવાદ! સુસ્વાગતમ! (Thank you!

Welcome!)" સમજી લે છે તે જીવની સહનશીલતા આપોઆપ જ વધતી જાય છે. તે સહજ હોય છે તેથી બોજારૂપ પણ લાગતી નથી.

૩૮૯. સત્ય ધર્મમાં ધર્મના નામે પારસ્પારિક લડાઈ-ઝઘડા થતા નથી. આ જ સાચા ધર્મની ઓળખ છે.

૩૯૦. આપણે અનાદિથી એવી માનસિકતા બનાવેલ છે કે ક્રોધ કર્યા વગર આપણું કામ નહીં થાય અથવા આપણી વાત સાંભળવામાં નહીં આવે. આપણે આ માનસિકતામાંથી બહાર નીકળવાનો પુરૂષાર્થ કરવો જોઈએ.

૩૯૧. આપણી જો એવી માનસિકતા હોય કે ક્રોધ કર્યા વગર આપણું કામ નહીં થાય અથવા આપણી વાત સાંભળવામાં નહીં આવે તો આપણું સંસારમાં અનંતકાળ સુધી અનંત દુ:ખો ભોગવવાનું નિશ્ચિત છે.

૩૯૨. આપણી જો એવી માનસિકતા હોય કે ક્રોધ કર્યા વગર આપણું કામ નહીં થાય અથવા આપણી વાત સાંભળવામાં નહીં આવે તો આપણે સમ્યગ્દર્શન (આત્મજ્ઞાન) માટે યોગ્ય બનાવાથી વંચિત રહી જઈએ છીએ.

૩૯૩. જેમને આ સંસારમાં જ સુખ દેખાય છે અને તેથી તેનાથી મુક્ત થવાનો ભાવ પણ થતો નથી, તેમના માટે સંસારમાં અનંતકાળ સુધી અનંત દુ:ખો ભોગવવાનું નિશ્ચિત છે.

૩૯૪. જેઓને આ સંસારમાં જ સુખ દેખાય છે અને તેથી તેનાથી મુક્ત થવાનો ભાવ પણ થતો નથી, તેઓ સમ્યગ્દર્શન (આત્મજ્ઞાન) માટે યોગ્ય જ બની શકતા નથી. તેથી તેમનું અનંતકાળ માટે સંસારમાં ભટકવાનું નિશ્ચિત છે. અનંતકાળ સુધી અનંત દુ:ખો ભોગવવાનું નિશ્ચિત છે.

૩૯૫. મોટાભાગના લોકોમાં સંસારથી મુક્ત થવાનો ભાવ થવો જ દુર્લભ છે. તેથી તેઓ સમ્યગ્દર્શન માટે યોગ્ય બની શકતા નથી. તેથી તેમનું અનંતકાળ સુધી સંસારમાં ભટકવાનું નિશ્ચિત છે. અનંતકાળ સુધી અનંત દુ:ખો ભોગવવાનું નિશ્ચિત છે.

WWW.JAYESHSHETH.COM

૩૯૬. જો આપણે સંસારના સ્વરૂપનું શાસ્ત્રોના આધારથી અને આપણા રોજબરોજના અનુભવથી વિશ્લેષણ કરીયે તો આપણને સંસારથી મુક્ત થવાનો ભાવ આવી શકે છે. તેને જ વૈરાગ્ય કહેવાય છે. તેને જ નિર્વેદ કહેવાય છે.

૩૯૭. જો આપણે સંસારના સ્વરૂપનું શાસ્ત્રોના આધારથી અને આપણા રોજબરોજના અનુભવથી વિશ્લેષણ કરીયે તો આપણને સંસારથી મુક્ત થવાનો ભાવ આવે છે. આપણને મુક્તિ (મોક્ષ) પ્રત્યે આકર્ષણ થાય છે, તેને જ સંવેગ કહેવાય છે.

૩૯૮. કોઈ સાધકના મનમાં આ પ્રશ્ન ઉદભવે કે મને સમ્યગ્દર્શન ક્યારે થશે ? અથવા હવે મારા મોક્ષ થવા પહેલા કેટલા ભવો બાકી છે ? વગેરે. તેઓને અમારૂં નિવેદન છે કે આપ ચિંતા કર્યા વગર એકમાત્ર મોક્ષના લક્ષે ચિંતન કરો અને ભરપૂર પુરૂષાર્થ કરો, એટલું જ પૂરતું છે. કારણ કે ચિંતા કરવાથી તો આર્તધ્યાન (પાપ) થાય છે અને તે મોક્ષમાર્ગ પણ નથી.

૩૯૯. જ્યારે આપણે અસાવધ હોય ત્યારે જૂના સંસ્કારોને કારણે સહજમાં જ સંસારમાં ફસાઈ જવાય એવા વિચારો આવવા સ્વાભાવિક છે. તેથી સદાય સાવધાન રહીને એકમાત્ર મોક્ષના લક્ષથી આત્મચિંતન અને સ્વાત્માનુભવ કરતા રહેવો જોઈએ.

૪૦૦. આત્મજ્ઞાનીઓ કર્મોના ઉદયને સહજ રીતે ભોગવી શકે છે. પ્રાય: (ઘણું કરીને) કર્મોના ઉદયથી તેઓ દુ:ખી થતા નથી. કારણકે તેમને દૃઢ વિશ્વાસ હોય છે કે આ ઉદય મારા જૂના કર્મોનું જ ફળ છે. અર્થાત્ હું જ તેના માટે જવાબદાર છું.

૪૦૧. જો કોઈપણ જીવ સમ્યગ્દર્શન (આત્મજ્ઞાન) પ્રાપ્ત કરવા ઇચ્છે છે, તો તેણે ક્રોધ, માન, માયા, લોભ વગેરે કષાયો ઘટાડવાનો પ્રયાસ કરવો જોઈએ. કારણ કે જ્યાં સુધી પોતાનું મન શાંત થતું નથી ત્યાં સુધી તે જીવ સત્ય-અસત્યનું સમતોલપણે પરીક્ષણ કરી શકતો નથી અને સત્યને પ્રાપ્ત પણ કરી શકતો નથી.

૪૦૨. આત્મા ક્યારેય મરતો નથી અને આ શરીરને છોડી દેવાથી તેના કર્મો પણ પૂરા થઇ જતા નથી. આત્મા અમર હોવાથી જો કોઈ જીવ પોતાના જીવનનો અંત કરીને એમ સમજે છે

WWW.JAYESHSHETH.COM

કે મેં અણગમતા સંજોગોથી અને કર્મોથી મુક્તિ મેળવી લીધી છે, તો તે જીવ અજાણતા જ પોતાને છેતરે છે. કારણ કે તે અણગમતા કર્મો તે જીવને પછીના ભવોમાં પણ ભોગવવા જ પડે છે. તે જીવને તેવા સંજોગો ફરી-ફરી મળી જ જાય છે અને તેવા જીવમાં ફરી-ફરી અકાળે જ પોતાના જીવનનો અંત આણવાના ઊંડા સંસ્કાર પણ રોપાઈ જાય છે.

૪૦૩. જ્યારે કોઈને એવું લાગે કે મારી સાથે અન્યાય થઇ રહ્યો છે અથવા મારાથી આ સંજોગો સહન થતા નથી ત્યારે તેણે પોતાથી નીચલા સ્તરના જીવો તરફ જોવું જોઈએ. તેવા નીચલા સ્તરના જીવોને જોઈને તેને ખબર પડશે કે ઓહો ! હું તો આમના કરતા બહુ સુખી છું, તેઓની સરખામણીમાં મારૂં દુ:ખ તો કાંઈ જ નથી, વગેરે. આ રીતે જીવ નિરાશાથી/હતાશાથી (depressionથી) બચી શકે છે. જેમને ખરેખર દુ:ખથી કાયમ માટે છુટકારો જોઈએ છે તેમણે એકમાત્ર મોક્ષના લક્ષે આ અસાર (દુ:ખી) સંસાર વિષે ચિંતન કરવું જોઈએ.

૪૦૪. કોઈપણ જીવ જ્યારે કોઈ સારી વસ્તુ પ્રાપ્ત કરે છે ત્યારે તેને સહજ જ પ્રભાવના કરવાનો ભાવ આવે છે. પરંતુ તેમણે એ ખ્યાલ રાખવાનો છે કે પ્રભાવના કરવાથી તેમને કોઈપણ પ્રકારે અભિમાનનો ભાવ (અહંકાર) ન આવવો જોઈએ, નહીં તો તે અભિમાન તેમના પતનનું કારણ બની શકે છે.

૪૦૫. જ્યારે આપણને કોઈના વિષે ખરાબ વિચાર આવે ત્યારે આપણે યુનિવર્સલ લો(Universal Law)નો ઉપયોગ કરીને તેને દૂર કરવાનો પ્રયાસ કરવો જોઈએ. અન્યથા તે ખરાબ વિચારથી આપણું જ ભવિષ્ય બગડે છે.

૪૦૬. જ્યારે કોઈપણ જીવ પોતાનું નામ કરવા માટે પ્રભાવના કરવાનો વિચાર કરે છે, ત્યારે તે જીવને પાપ કર્મોનો બંધ થાય છે. તેથી સર્વેજનોએ આવા વિચાર અને કાર્યથી બચવું જોઈએ.

૪૦૭. સાધકે દરરોજ પોતાની વિશુદ્ધિ ગઈકાલ કરતા વધારવાનો પ્રયાસ કરવો જોઈએ કારણ કે આપણા ભાવો ક્યારેય સ્થિર રહેતા નથી તેથી નિરાશ/હતાશ થયા વગર આપણે આપણો પુરૂષાર્થ વધારતા રહેવો જોઈએ.

WWW.JAYESHSHETH.COM

૪૦૮. આપણા મનમાં કોઈ ને કોઈ વિચારો ચાલતા હોય છે, ક્યારેક આપણે વચન કે કાયાનો પણ ઉપયોગ કરતા હોઈયે છીએ, કે જેનાથી આપણે સારા કે ખરાબ કર્મો બાંધતા રહીયે છીએ. તેને આસ્ત્રવ કહેવાય છે.

૪૦૯. સાધનામાં આગળ વધતા સાધકને પહેલા અશુભ કર્મબંધનો ત્યાગ થાય છે અને આગળ ઉપર શુભ કર્મબંધનો પણ ત્યાગ થઇ જાય છે. આ રીતે સાધકને આસ્ત્રવનો સંપૂર્ણ નિરોધ થઇને સિદ્ધત્વની પ્રાપ્તિ થાય છે.

૪૧૦. શુભ અને અશુભ આસ્ત્રવ બન્નેય બંધન હોવાથી, સાધકને માટે બન્નેય હેય છે. પરંતુ વિવેક-દૃષ્ટિથી જોતા જેમને દુ:ખ ગમતું નથી તેમણે સૌ પ્રથમ અશુભનો ત્યાગ કરવો જોઈએ અને અનંત સુખ માટે એકમાત્ર મોક્ષના લક્ષે શુભમાં રહેવું જોઈએ.

૪૧૧. જ્યારે આ જીવનમાં આપણો અનંત ભવિષ્યકાળ નક્કી થવાનો છે ત્યારે આપણે ગાફેલ કેવી રીતે રહી શકીયે ? અર્થાત્ સર્વજનોએ આ જીવનમાં સમ્યગ્દર્શન પ્રાપ્ત કરીને પોતાને અનંત કાળના દુ:ખોથી બચાવીને સાદિ અનંત કાળના સુખની પ્રાપ્તિ કરવી જોઈએ.

૪૧૨. આ જીવનમાં આપણે આપણા પરિવાર, સમાજ, રાષ્ટ્ર પ્રત્યેના આપણા ઉચિત કર્તવ્યોનું યોગ્ય રીતે પાલન કરવું જોઈએ.

૪૧૩. આપણા કર્તવ્યો નિભાવતી વખતે આપણે એ વાતનું ધ્યાન રાખવું જોઈએ કે આપણી આત્મ-વિશુદ્ધિ વધતી રહે. અન્યથા આપણને સંસારમાં ડૂબતા કોઈ રોકી નહીં શકે.

૪૧૪. આપણે કોઈના પણ પ્રત્યે દુર્ભાવના ન રાખવી જોઈએ. અન્યથા તે દુર્ભાવનાને પોતાના જ દુર્ભાગ્યમાં બદલતા કોઈ રોકી નહીં શકે.

૪૧૫. આપણે કોઈના પણ વિષે ખરાબ વિચાર ન કરવો જોઈએ. અન્યથા તે ખરાબ વિચારોને આપણા જ દુર્ભાગ્યમાં બદલતા કોઈ રોકી નહીં શકે.

૪૧૬. આપણે કોઈપણ કાર્ય માત્ર નામ પ્રાપ્તિ માટે જ ન કરવું જોઈએ. અન્યથા તે નામ પ્રાપ્તિ માટે કરેલ કાર્યને આપણા જ દુર્ભાગ્યમાં બદલતા કોઈ રોકી નહીં શકે.

WWW.JAYESHSHETH.COM

૪૧૭. આપણને અનાદિથી ડરના સંસ્કાર છે. તેથી દરેક ગ્રહસ્થ જીવને ડર હોય છે, તે ઓછો-વધારે હોઈ શકે છે.

૪૧૮. આપણે જે આપ્યું છે તે જ આપણને મળે છે. આ નિયમ હોવાથી જેમણે પણ પૂર્વમાં બીજાને ડરાવ્યા-ધમકાવ્યા હોય, તેઓને નિયમથી અનેકવાર ડરાવવામાં-ધમકાવવામાં આવે છે.

૪૧૯. ડર કે ભય, ભય-મોહનીય કર્મપ્રકૃતિના કારણે હોય છે. બીજાને ડરાવવાથી ભય-મોહનીય કર્મ બંધાય છે. તેથી આપણે કોઈને ડરાવવા ન જોઈએ.

૪૨૦. નરક અને તિર્યંચના ભવોમાં ભય અધિક હોય છે. તેથી આપણે પાપકર્મોથી બચવું જોઈએ. અને એકમાત્ર મોક્ષના લક્ષે પુણ્ય કરવું જોઈએ.

૪૨૧. જ્યારે આપણે જીવ-હિંસાના અંશતઃ પણ પ્રત્યાખ્યાન કરીયે છીએ ત્યારે આપણે તે જીવોને અભય આપીયે છીએ. તેને અભયદાન પણ કહેવાય છે, આ અભયદાન ઉત્કૃષ્ટ દાન કહેવાય છે. તેનાથી આપણો ભય સહજમાં જ ઘટે છે.

૪૨૨. જીવોને અભયદાન દેવાથી આપણને અભય પ્રાપ્ત થાય છે. સર્વોત્કૃષ્ટ અભય કેવળજ્ઞાન પ્રાપ્ત થયા બાદ જ મળે છે. તેથી આપણે પૂરો પુરૂષાર્થ સમ્યગ્દર્શન (આત્મજ્ઞાન) પ્રાપ્ત કરી મુક્ત થવા માટે જ કરવો જોઈએ.

૪૨૩. જે જીવોને જાણવામાં ભાવ-મન સહાયક હોય છે તેઓને છદ્મસ્થ કહેવાય છે. અને જેમને ભાવ-મનની સહાયતા વગર માત્ર પોતાના આત્માથી જ્ઞાન થાય છે, તેમને કેવળી કહેવાય છે. તેમના જ્ઞાનને કેવળજ્ઞાન કહેવાય છે.

૪૨૪. ઉતાવળ હંમેશા તકલીફ આપે છે. લોકોને ઉતાવળે આત્માનુભૂતિ જોઈએ છે પરંતુ તેમને એ ખબર નથી કે દરેક કાર્યનું યોગ્ય કારણ હોય છે. જે લોકો યોગ્ય કારણ આપશે તેમને આત્માનુભૂતિ આપમેળે જ મળવાની છે. અર્થાત્ આત્માનુભૂતિ ઉતાવળથી નહીં પણ યોગ્ય કારણ આપવાથી મળે છે. ઉતાવળથી તો આર્તધ્યાન એટલે કે પાપનો બંધ થાય છે.

WWW.JAYESHSHETH.COM

૪૨૫. મોટાભાગના લોકોની દૃષ્ટિ પર્યાયદૃષ્ટિ હોય છે. તેઓ તમામ જીવો અને વસ્તુઓને પર્યાયદૃષ્ટિથી જ નિહાળે છે. તેથી તેઓ તે જીવો અને વસ્તુઓના ત્રિકાળ રૂપથી અજાણ જ રહે છે. ત્રિકાળરૂપ જાણવા માટે દ્રવ્યદૃષ્ટિ હોવી જરૂરી છે.

૪૨૬. પર્યાયદૃષ્ટિથી જીવો ચારેય ગતિવાળા જાણવામાં આવે છે, જ્યારે દ્રવ્યદૃષ્ટિથી દરેક જીવ સિદ્ધ જેવો જ જણાય છે. આ રીતે દ્રવ્યદૃષ્ટિ રાખવાથી આપણે આપણો ઉત્કર્ષ પણ કરી શકીયે છીએ અને દરેક જીવ સાથે સમતાભાવ પણ રાખી શકીયે છીએ.

૪૨૭. પર્યાયદૃષ્ટિથી જીવ દોષી જણાય છે, જ્યારે દ્રવ્યદૃષ્ટિથી દરેક જીવ નિર્દોષ જણાય છે. આવી રીતે દ્રવ્યદૃષ્ટિ રાખવાથી આપણે આપણો ઉત્કર્ષ પણ કરી શકીયે છીએ અને દરેક જીવ સાથે સમતાભાવ પણ રાખી શકીયે છીએ.

૪૨૮. અનુચિત શરત રાખીને આપેલ કોઈપણ દાન આપણને પાપનો બંધ કરાવે છે.

૪૨૯. જ્યારે આપણે મંદિર અથવા ધર્મસ્થાનકમાં આપણું વર્ચસ્વ જમાવવા માટે દાન આપીયે છીએ ત્યારે તે દાન આપણને નિશ્ચિત જ પાપબંધ કરાવે છે.

૪૩૦. આપણું ભવિષ્ય આપણી વર્તમાન ભાવનાને અનુરૂપ જ હોય છે. તેથી આપણે આપણા સારા ભવિષ્યને માટે દરેક પરિસ્થિતિમાં સારી ભાવના રાખવાનો જ પ્રયાસ કરવો જોઈએ.

૪૩૧. લોકોને લાગે છે કે ધર્મના માર્ગ ઉપર ચાલવું બહુ અઘરૂં છે પરંતુ જ્યારે એક વાત સમજાય જાય કે ધર્મના માર્ગ સિવાય અન્ય કોઈપણ મારગ પોતાને અનંત દુ:ખો દેવાવાળા જ છે, ત્યારે તે જ ધર્મના માર્ગ ઉપર ચાલવું સહજ અને સહેલું બની જાય છે.

૪૩૨. જ્યારે કોઈ જીવને પાપનો ઉદય હોય છે ત્યારે તે જીવનું જીવવું પણ મુશ્કેલ બની જાય છે. પરંતુ ધર્મના માર્ગ ઉપર ચાલવાથી નવા પાપ કર્મો ઓછા બંધાય છે, જેથી તે જીવનો માર્ગ (જીવન) પણ સરળ બની જાય છે.

WWW.JAYESHSHETH.COM

૪૩૩. ધર્મના માર્ગ ઉપર ચાલતા સાધકને પોતાના પૂર્વકૃત પાપોનો ઉદય આવી પણ જાય તો તેઓ પોતાની સાચી સમજથી તે દુ:ખને સરળતાથી અને દુ:ખી થયા વગર પાર કરી લે છે.

૪૩૪. જ્યારે કોઈને ધર્મનો માર્ગ સરળ અને એકમાત્ર અનુસરવા જેવો લાગે, ત્યારે તેમણે એમ સમજવું કે તેમને બહુ ત્વરાએ ભવપાર કરાવવાવાળું સમ્યગ્દર્શન (આત્મજ્ઞાન) પ્રાપ્ત થઇ જશે.

૪૩૫. સમ્યગ્દર્શન (આત્મજ્ઞાન) ખુશામતખોરીથી પ્રાપ્ત ન થઇ શકે. હા, ગુરૂના વિનયથી અવશ્ય પ્રાપ્ત થઇ શકે છે. ગુરૂનો સાચો વિનય તેમની ખુશામત નહીં પરંતુ તેમણે જણાવેલ માર્ગને અનુસરવાની તત્પરતા છે.

૪૩૬. સંસારમાં પણ લોકો એમ સમજે છે કે ધનવાનોની ખુશામત કરીને આપણે ધન કમાઈ લઈશું પરંતુ તેઓને એ ખબર નથી કે ધન, ધનિકોની ખુશામત કરવાથી નહીં પરંતુ પોતાના પુણ્યથી મળે છે.

૪૩૭. આપણે ઇચ્છીયે છીએ કે બધું આપણી ઇચ્છા પ્રમાણે થાય, આ ઇચ્છા જ આપણા માટે દુ:ખનું કારણ બને છે. કારણ કે પુણ્યોદયથી આપણી ઇચ્છા અનુસાર થઇ પણ ગયું તો આપણો કર્તૃત્વભાવ અથવા અહંકાર વધે છે કે જે ભવિષ્યમાં આપણા આત્મા માટે (પોતાને માટે) દુ:ખનું કારણ બનવા સક્ષમ છે. અને જો પાપોદયથી આપણી ઇચ્છાથી વિપરીત થાય તો પણ તે આપણું વર્તમાન અને ભવિષ્ય બન્નેય બગાડવા સક્ષમ છે.

૪૩૮. આપણે આપણી ઇચ્છા અનુસાર સર્વજનોને પરિણમાવવા ઇચ્છીયે છીએ તે આપણી સૌથી મોટી ગેરસમજ છે. કારણ કે દરેકનું પરિણમન પોત-પોતાના કર્મો અને પુરૂષાર્થ અનુસાર થાય છે નહીં કે આપણી ઇચ્છા અનુસાર.

૪૩૯. આપણે સૌથી વધુ કર્મો મનથી બાંધીયે છીએ. તેથી મનને જીતતા શીખવું જોઈએ. તેના માટે અમારા પુસ્તક – “સમ્યગ્દર્શનની રીત”નું ચોવીસમું પ્રકરણ હ્રદયંગમ કરવું જોઈએ.

WWW.JAYESHSHETH.COM

૪૪૦. મોટાભાગના લોકો પર્યાયદૃષ્ટિથી/વ્યવહારથી જ ત્રિકાળી ધ્રુવાત્મા પામવા ઇચ્છે છે. વ્યવહાર ભેદ કરવાવાળો હોવાથી તેઓને ત્રિકાળી ધ્રુવાત્મા પ્રાપ્ત થતો નથી. તેના માટે અમારા પુસ્તક – "સમ્યગ્દર્શનની રીત"નું સાતમું પ્રકરણ હ્યદયંગમ કરવું જોઈએ.

૪૪૧. પર્યાયદૃષ્ટિથી/વ્યવહારથી જ ત્રિકાળી ધ્રુવાત્મા પામવાની ઇચ્છા રાખવી એટલે આત્મામાં દ્રવ્ય અને પર્યાય એવા વાસ્તવિક ભેદ માનીને, તેમાંથી દ્રવ્યને પામવાની ઇચ્છા કરવી. વ્યવહાર ભેદ કરવાવાળો હોવાથી તેઓને ત્રિકાળી ધ્રુવાત્મા પ્રાપ્ત થતો નથી. તેનું સત્ય સ્વરૂપ સમજવા માટે અમારા પુસ્તક – "સમ્યગ્દર્શનની રીત"નું સાતમું પ્રકરણ હ્યદયંગમ કરવું જોઈએ.

૪૪૨. પંચાધ્યાયી પુર્વાર્ધના શ્લોક ૨૪૭માં કહેવાયું છે કે:- "પર્યાયાર્થિક નયથી (પર્યાયદૃષ્ટિથી) ઉત્પાદ છે, વ્યય છે, તથા ધ્રૌવ્ય છે પરંતુ દ્રવ્યાયાર્થિક નયથી (દ્રવ્યદૃષ્ટિથી) ન ઉત્પાદ છે, ન વ્યય છે, તથા ન ધ્રૌવ્ય છે" એટલે કે એક સત્ જ પ્રકાશમાન છે. તેથી જેને પર્યાયરહિત માત્ર ધ્રુવ જ જોઈએ છે તેને પર્યાયદૃષ્ટિ જ માનવા જોઈએ. કારણ કે ભેદને પર્યાયાર્થિક નય જણાવેલ છે અને અભેદને દ્રવ્યાયાર્થિક નય જણાવેલ છે. તેનું સત્ય સ્વરુપ સમજવા માટે અમારા પુસ્તક – "સમ્યગ્દર્શનની રીત"નું આઠમું પ્રકરણ હ્યદયંગમ કરવું જોઈએ.

૪૪૩. લોકો આત્માની ૪૭ શક્તિઓ, આત્માના ગુણો અને તેમના કાર્યો, વગેરેનું રસપૂર્વક વર્ણન કરીને તેના ઉપર ધ્યાન પણ કરે છે. આ બધું એક, અખંડ, અભેદ આત્માના જ ભેદો હોવાથી વ્યવહાર છે, પર્યાયાર્થિક નય (પર્યાયદૃષ્ટિ) છે. તેથી આ બધાના વર્ણન ઉપર લક્ષ ન દેતા આપણે આપણું લક્ષ એકમાત્ર જ્ઞાયક ઉપર જ રાખવાનું છે કે જે એક, અખંડ, અભેદ છે.

૪૪૪. પર્યાયદૃષ્ટિવાળાઓને વાતે વાતે ખરાબ લાગી જાય છે, જ્યારે દ્રવ્યદૃષ્ટિવાળાઓને આવું થતુ નથી. કારણ કે પર્યાયદૃષ્ટિ વ્યક્તિ માટે વર્તમાન જ સર્વસ્વ છે જ્યારે દ્રવ્યદૃષ્ટિવાળી વ્યક્તિની સામે વસ્તુનું ત્રિકાળ સ્વરૂપ હોય છે. તેથી તેઓ વર્તમાનમાં વાત વાત ઉપર ખરાબ લગાવતા નથી.

WWW.JAYESHSHETH.COM

૪૪૫. આપણી અનાદિની વાસનાઓ આપણને (અધ્યાત્મિક) સાધનાના માર્ગથી ચલિત કરવા સક્ષમ હોય છે, તેથી આપણે સાધનાના માર્ગે ચાલતા સદૈવ જાગૃત રહેવું જોઈએ, સાવધાન રહેવું જોઈએ.

૪૪૬. આપણે અનાદિથી આપણા અભિપ્રાયમાં બાહ્ય-સુખને જ સાચું સુખ માન્યું છે, પરંતુ જ્યારે એકત્વ ('હું'પણું) શરીરમાંથી નિકળીને આત્મામાં થાય છે ત્યારે સાચા સુખનો અનુભવ થાય છે. તે જ સાચું સુખ છે એ વાતની શ્રદ્ધા કરવી જોઈએ.

૪૪૭. મોટાભાગના લોકો પુણ્યોદયમાં અહંકારી બની જાય છે અને પાપોદયમાં ખિન્ન રહે છે કારણ કે તેઓ તેને પોતાના પુરૂષાર્થનું જ ફળ માને છે. હકીકતમાં તો પાપ-પુણ્યનો ઉદય આપણા પૂર્વકૃત કર્મોનું ફળ છે. તેથી આપણો અધિકાર પુરૂષાર્થ કરવામાં છે, તેના ફળ ઉપર નથી. કારણ કે તેનું ફળ આપણા પૂર્વકૃત કર્મો અનુસાર હોય છે, નહીં કે આપણી ઇચ્છા અનુસાર.

૪૪૮. આત્મજ્ઞાન માટે મનનું શાંત અને સંતુષ્ટ હોવું જરૂરી છે કારણ કે સ્થિર પાણીમાં જ પોતાનું પ્રતિબિંબ જણાય છે.

૪૪૯. જ્યારે આપણે થોડીવાર કોઈપણ પ્રકારની ધ્યાનમુદ્રમાં બેસીને શાંતિ અનુભવીયે છીએ ત્યારે આપણે એ તપાસવું જોઈએ કે ધ્યાનમાંથી બહાર આવ્યા પછી પણ, શું આપણી માનસિક શાંતિ જળવાઈ રહે છે ? શું આપણા ક્રોધ, માન, માયા, લોભ ઓછા થાય છે ? શું આપણી ઇચ્છાઓ ઓછી થાય છે ? જો આવું નથી થતુ તો આપણે પોતાને છેતરીયે છીએ.

૪૫૦. મોટાભાગના લોકોની એવી માન્યતા છે કે ધનથી સુખ મળે છે. પરંતુ વાસ્તવમાં જરૂરતથી અધિક ધન સુખ નથી આપતુ પરંતુ તેને સંભાળવાનો અને વધારવાનો તનાવ અને લાલચ આપે છે. જેને સુખ નહીં દુ:ખ જ સમજવું જોઈએ.

૪૫૧. મોટાભાગના લોકોની એવી જ માન્યતા છે કે વિષયસેવનથી સુખ મળે છે. પરંતુ વાસ્તવમાં વિષયસેવનથી તો તેની વારંવારની માંગ પ્રબળ બને છે કે જેનાથી આકુળતારૂપ દુ:ખ થાય છે. તેને આપણે સુખ કેવી રીતે કહી શકીયે ?

WWW.JAYESHSHETH.COM

૪૫૨. અનેક લોકોની એવી માન્યતા હોય છે કે ગુસ્સો કરવાથી જ લોકો કામ બરાબર કરે છે. પરંતુ વાસ્તવમાં તેઓ આપણું કામ આપણા પૂર્વકૃત કર્મો અનુસાર જ કરે છે. ઉલટું ગુસ્સો કરવાથી તો આપણી વર્તમાન મનોદશા બગડે છે અને પાપ કર્મોનો બંધ થવાથી આપણું ભવિષ્ય પણ બગડે છે.

૪૫૩. કોઈપણ પ્રકારના ડરનું કારણ ભયમોહનીય કર્મ હોય છે. આપણે જ્યારે કોઈ જીવને દુ:ખ આપીયે છીએ કે ડરાવીએ-ધમકાવીએ છીએ કે મારીયે છીએ ત્યારે તે ભયમોહનીય કર્મ અધિક માત્રામાં બંધાય છે. તેથી જેઓને ભયમુકત થવું છે તેમણે આવું બિલકુલ ન કરવું જોઈએ.

૪૫૪. જીવને શરીરમાં એકત્વબુદ્ધિ(મિથ્યાત્વ)ના કારણે ડર અધિક લાગે છે. કારણ કે તેવા જીવો શરીરના નાશને પોતાનો નાશ સમજે છે. તેથી જેઓને ભયમુક્ત થવું હોય તેમણે આત્મજ્ઞાન (સમ્યગ્દર્શન) પ્રાપ્ત કરીને મિથ્યાત્વને દૂર કરવાનો પુરૂષાર્થ કરવો જોઈએ.

૪૫૫. જીવને શરીરમાં એકત્વબુદ્ધિ(મિથ્યાત્વ)ના કારણે જ સંસારમાં અનંત દુ:ખો સહેવા પડે છે. તેથી જેઓને સંસારના અનંત દુ:ખોનો ડર લાગતો હોય તેમણે આત્મજ્ઞાન (સમ્યગ્દર્શન) પ્રાપ્ત કરીને મિથ્યાત્વને દૂર કરવાનો પુરૂષાર્થ કરવો જોઈએ.

૪૫૬. જે લોકો મોહાંધકારમાં ડૂબેલા છે તેઓને સત્ય ધર્મ રૂચતો (ગમતો) જ નથી.

૪૫૭. અનેક લોકો ભગવાનની પ્રેમલક્ષણા ભક્તિ કરતા જણાય છે. પરંતુ સાચી પ્રેમલક્ષણા ભક્તિ સર્વ જીવો પ્રત્યે પ્રેમ રાખવાનું શીખવે છે. કારણ કે ભગવાન સ્વરૂપ આત્મા સર્વ જીવોમાં સમાનરૂપથી વિદ્યમાન છે. આ જ મૈત્રી ભાવના છે.

૪૫૮. ભગવાને આપણને મોક્ષનો રાજમાર્ગ જણાવ્યો છે. તેથી ભગવાનનો આપણા ઉપર અનંત ઉપકાર છે. વર્તમાનમાં તે રાજમાર્ગ વિષે ઘણા મત-મતાંતર જણાય છે. તેવા આ કાળમાં પણ જ્યારે કોઈ જ્ઞાની આપણને તે સાચા રાજમાર્ગની ઓળખ કરાવે છે, ત્યારે તે જ્ઞાનીનો પણ આપણા ઉપર અનંત ઉપકાર હોય છે.

WWW.JAYESHSHETH.COM

૪૫૯. જ્યારે કોઈ જ્ઞાની આપણને ભગવાને જણાવેલ સાચા રાજમાર્ગનો પરિચય કરાવે છે ત્યારે જો આપણા હ્યદયમાં કોઈ મત, પંથ, સંપ્રદાય કે વ્યક્તિ પ્રત્યેનો આગ્રહ કે હઠાગ્રહ હોય તો આપણે તે સાચા રાજમાર્ગને અપનાવી નહીં શકીયે. અનાદિથી આપણી સાથે આવું જ થતુ આવ્યું છે તેથી આપણે હજુ સુધી સંસારમાં રખડીયે છીએ. હવે પછી શું કરવુ છે ? તે આપણે વિચારવું જોઈએ અને સાચા રાજમાર્ગની શોધ કરીને તે માર્ગ પર ચાલવું જોઈએ.

૪૬૦. ભગવાને જણાવેલ સાચા રાજમાર્ગને પ્રાપ્ત કરવા માટે આપણે લાયકાત કેળવવી જરૂરી છે. તેને માટે સંતોષ, સરળતા, સાદગી, સહિષ્ણુતા, સહનશીલતા, નમ્રતા, લઘુતા, વિવેક જેવા ગુણો જીવનમાં હોવા અતિ આવશ્યક છે.

૪૬૧. જો કોઈપણ વ્યક્તિ પરમાં પોતાપણું કરશે તો તે નિયમથી દુ:ખી થશે કારણ કે પર ક્યારેય પોતિકું થઇ શકતુ નથી. તેથી પરમાં પોતાપણું નિયમથી તે જીવને દુ:ખનું કારણ જ બનશે.

૪૬૨. જ્યારે આપણે શાસ્ત્રોનો અભ્યાસ કરીને જ્ઞાન પ્રાપ્ત કરીયે છીએ ત્યારે તેની સાથોસાથ તે જ્ઞાનને પોતાના દૈનિક જીવનના આચરણમાં લાવવાનો વિવેક પણ અત્યંત જરૂરી છે.

૪૬૩. વર્તમાનમાં દ્રવ્ય-ગુણ-પર્યાયના વિષયમાં ઘણી ગેરસમજો ફેલાયેલી છે, તેના વિષે અમે અમારા પુસ્તક "સમ્યગ્દર્શનની રીત"માં વિસ્તારથી શાસ્ત્રઆધારિત વિવરણ કર્યું છે. જેમને દ્રવ્ય-ગુણ-પર્યાયની સાચી સમજણ કરવી હોય તેઓને અમારો અનુરોધ છે કે તેઓ "સમ્યગ્દર્શનની રીત"ના ચોથાથી આઠમા પ્રકરણોને ધ્યાનથી વાંચે.

૪૬૪. ત્રિકાળ ટકવાવાળી વસ્તુ દ્રવ્ય છે. તેની વર્તમાન અવસ્થાને તેની પર્યાય કહેવાય છે. અને દ્રવ્યની ત્રિકાળ વિશેષતાઓને તેના ગુણો કહેવાય છે.

૪૬૫. અપેક્ષાએ જે દ્રવ્ય છે તે જ પર્યાય છે અને જે પર્યાય છે તે જ દ્રવ્ય છે. આ કથનનો મર્મ સમજવા માટે આપને અમારો અનુરોધ છે કે આપ અમારા પુસ્તક "સમ્યગ્દર્શનની રીત"ના ચોથાથી આઠમા પ્રકરણોને ધ્યાનથી વાંચો.

WWW.JAYESHSHETH.COM

૪૬૬. દૃષ્ટિભેદે ભેદ છે. દ્રવ્યદૃષ્ટિથી જે દ્રવ્ય છે તે જ પર્યાયદૃષ્ટિથી પર્યાય છે. આ કથનનો મર્મ સમજવા માટે આપને અમારો અનુરોધ છે કે આપ અમારા પુસ્તક "સમ્યગ્દર્શનની રીત"ના ચોથાથી આઠમા પ્રકરણોને ધ્યાનથી વાંચો.

૪૬૭. જો કોઈ દ્રવ્ય અને પર્યાયમાં અપેક્ષાકૃત ભેદ ન માનીને સર્વથા ભેદ માને છે તો તેમને અભેદ દ્રવ્યની પાપ્તિ નહીં થાય. અને અભેદ દ્રવ્યની પ્રાપ્તિ વગર સમ્યગ્દર્શન શક્ય નથી. આ કથનનો મર્મ સમજવા માટે આપને અમારો અનુરોધ છે કે આપ અમારા પુસ્તક "સમ્યગ્દર્શનની રીત"ના ચોથાથી આઠમા પ્રકરણોને ધ્યાનથી વાંચો.

૪૬૮. પર્યાય પારિણામિક ભાવની જ બનેલી છે. અર્થાત્ પર્યાય દ્રવ્યની જ બનેલી છે. આ કથનનો મર્મ સમજવા માટે આપને અમારો અનુરોધ છે કે આપ અમારા પુસ્તક "સમ્યગ્દર્શનની રીત"નું પંદરમું પ્રકરણ ધ્યાનથી વાંચો.

૪૬૯. અમુક લોકો એક વસ્તુને એક સત્ ન માનતા દ્રવ્ય-ગુણ-પર્યાય એમ ત્રણ સત્ માને છે. જો તેઓ અપેક્ષાથી તેમ માને છે તો ઠીક છે પરંતુ એકાંતથી તેને ત્રણ સત્ માનવા મિથ્યાત્વ છે. આ કથનનો મર્મ સમજવા માટે આપને અમારો અનુરોધ છે કે આપ અમારા પુસ્તક "સમ્યગ્દર્શનની રીત"ના ચોથાથી આઠમા પ્રકરણોને ધ્યાનથી વાંચો.

૪૭૦. જે લોકો દ્રવ્ય સત્, ગુણ સત્ અને પર્યાય સત્ આવા ત્રણ અલગ-અલગ સત્ માને છે તેઓને અભેદ દ્રવ્યની પ્રાપ્તિ નહીં થાય. અને અભેદ દ્રવ્યની પ્રાપ્તિ વગર સમ્યગ્દર્શન શક્ય નથી. આ કથનનો મર્મ સમજવા માટે આપને અમારો અનુરોધ છે કે આપ અમારા પુસ્તક "સમ્યગ્દર્શનની રીત"ના ચોથાથી આઠમા પ્રકરણોને ધ્યાનથી વાંચો.

૪૭૧. પર્યાયરહિત (વર્તમાનરહિત) દ્રવ્ય પ્રાપ્ત કરવું સંભવ નથી. કારણ કે વર્તમાન પર્યાયમાં જ પૂર્ણ દ્રવ્ય છૂપાયેલું છે. આ કથનનો મર્મ સમજવા માટે આપને અમારો અનુરોધ છે કે આપ અમારા પુસ્તક "સમ્યગ્દર્શનની રીત"ના ચોથાથી આઠમા પ્રકરણોને ધ્યાનથી વાંચો.

WWW.JAYESHSHETH.COM

૪૭૨. પર્યાય નિરપેક્ષ દ્રવ્ય પ્રાપ્ત થવું સંભવ જ નથી. કારણ કે દ્રવ્ય હંમેશા પર્યાય સાપેક્ષ જ હોય છે નહીં કે પર્યાય નિરપેક્ષ. આ કથનનો મર્મ સમજવા માટે આપને અમારો અનુરોધ છે કે આપ અમારા પુસ્તક "સમ્યગ્દર્શનની રીત"ના ચોથાથી આઠમા પ્રકરણોને ધ્યાનથી વાંચો.

૪૭૩. વર્તમાન પર્યાયમાં જ શુદ્ધાત્મા છૂપાયેલો છે. આ વાત ત્યારે જ સમજાશે કે જ્યારે નયોનું સમ્યક્ જ્ઞાન થાય. આ કથનનો મર્મ સમજવા માટે આપને અમારો અનુરોધ છે કે આપ અમારા પુસ્તક "સમ્યગ્દર્શનની રીત"ના ચોથાથી આઠમા પ્રકરણોને ધ્યાનથી વાંચો.

૪૭૪. જે લોકો સત્ય ધર્મના સાચા સ્વરૂપને સમજે છે, તેઓને અનેક પ્રકારના ભયોથી મુક્તિ મળી જાય છે.

૪૭૫. કોઈ પણ પ્રકારના ભયથી ભયભીત વ્યક્તિનો વર્તમાન તો બગડે જ છે, તદ્ ઉપરાંત પાપબંધના કારણે તેમનું ભવિષ્ય પણ બગડે છે.

૪૭૬. કંઈક ખરાબ થવાની આશંકાથી ભયભીત રહીને આપણે આપણું ખરાબ થવાના પહેલાં જ દુ:ખી રહેવાનું ચાલુ કરી દઈયે છીએ. પરંતુ જ્યારે આપણા પાપનો ઉદય હોય ત્યારે આપણે આપણું ખરાબ થવાનું રોકી પણ શકતા નથી. તેથી તે વખતે ભયભીત ન થતા સત્ય ધર્મ ઉપર ચાલવાની શરૂઆત કરી દેવી તે જ સમજદારી છે કે જેથી આપણે આપણા પાપોને હળવા કરી શકીયે.

૪૭૭. આ જગતના મોટાભાગના લોકો સ્વાર્થી હોય છે. પરંતુ તેઓને એ ખબર નથી કે સર્વેજનોએ પોતાના આત્માની ઉન્નતિ માટે સ્વાર્થી (સ્વ અર્થાત્ આત્માના અર્થી) બનવાનું છે નહીં કે શરીરની ઉન્નતિ માટે.

૪૭૮. જ્યારે આપણે આપણા આત્માની ઉન્નતિ માટે સ્વાર્થી (સ્વ અર્થાત્ આત્માના અર્થી) બની જઈયે છીએ ત્યારે આપણે નિશ્ચિત જ ધીરે-ધીરે જગત પ્રત્યે નિસ્પૃહ થતા જઈયે છીએ. તેથી આપણું કલ્યાણ નિશ્ચિત થતુ જાય છે.

WWW.JAYESHSHETH.COM

૪૭૯. આપણે જગતની દુષ્ટતાની સાથેનો સંબંધ તોડવાનો છે નહીં કે દુષ્ટોને દુષ્ટ સમજવાના છે. છેવટે તેમનામાં પણ ભગવાન આત્મા બિરાજમાન છે. તેથી તેમના પ્રત્યે તો કરૂણાભાવ અને મધ્યસ્થભાવ જ રાખવાનો છે.

૪૮૦. આપણને ભગવાનની વાણી ઉપર કેટલો વિશ્વાસ છે તે આપણા રોજીંદા વ્યવહારથી પણ ખબર પડે છે.

૪૮૧. ભગવાનના કહ્યા અનુસાર આપણા વિચાર, વાણી, અને વર્તન હોવા જોઈએ. જો તે ન હોય તો આપણે તેને ભગવાનના કહ્યા અનુસાર ઢાળવાનો પ્રયાસ કરતા રહેવો જોઈએ.

૪૮૨. આપણે તમામ કાર્યો આત્માનું લક્ષ રાખીને કરવા જોઈએ નહીં કે પરના લક્ષથી. કારણ કે પરના લક્ષથી કરેલ કાર્ય આપણને આપણા આત્માથી દૂર લઈ જાય છે.

૪૮૩. આપણે એ ચોકસાઈ રાખવી જોઈએ કે કોઈપણ કાર્ય કરતી વખતે આત્માનું લક્ષ હાજર રહે, જો અત્યંત આવશ્યક ન હોય તો આપણને આપણા આત્માના લક્ષથી ભટકાવે તેવા કાર્યોથી દૂર જ રહેવું જોઈએ.

૪૮૪. જો આપણું લક્ષ આત્મપ્રાપ્તિ સિવાય બીજુ કંઈ હોય તો આપણું ભવિષ્ય દુ:ખમય હશે તે વાત નિશ્ચિત છે.

૪૮૫. સામાન્યરીતે એકમાત્ર મોક્ષના લક્ષે સાધક પહેલાં અશુભભાવોને ત્યાગે છે. પછી ભવિષ્યમાં જ્યારે તે શુદ્ધભાવમાં સ્થિત થાય છે ત્યારે શુદ્ધભાવના લક્ષે થવાવાળા શુભભાવ પણ આપોઆપ જ છૂટી જાય છે.

૪૮૬. જેમને શુદ્ધભાવની પ્રાપ્તિ થઇ નથી અને જો તેઓ શુભભાવને ત્યાગીને અશુભભાવમાં રહે છે તો તેમનું ભવિષ્ય નિશ્ચિત જ અંધકારમય છે.

૪૮૭. જ્યાં સુધી શુદ્ધભાવમાં સ્થિરતા થઇ જતી નથી ત્યાં સુધી એકમાત્ર શુદ્ધભાવના લક્ષે અશુભભાવને ત્યાગીને શુભભાવમાં રહેવું કર્તવ્ય છે.

WWW.JAYESHSHETH.COM

૪૮૮. સત્ય ધર્મનો સાર પ્રથમ શુદ્ધભાવની પ્રાપ્તિ અને ત્યાર બાદ શુદ્ધભાવમાં સ્થિરતા થવી તે જ છે.

૪૮૯. જે જીવો પુણ્યના ઉદયથી છકાઈને હવામાં ઉડવા (અહંકારમાં રાચવા) લાગે છે તેઓ નિયમથી પાપકર્મો બાંધે છે.

૪૯૦. પ્રયત્નો તો સૌ કોઈ કરે છે પરંતુ સફળતા તો પુણ્યના ઉદયવાળાને (નસીબવાળાને) જ મળે છે, આ વાત સૌ કોઈએ ક્યારેય ભૂલવી ન જોઈએ.

૪૯૧. જ્યારે આપણે આપણી સફળતાને આપણી હોંશિયારીનું ફળ સમજીયે છીએ ત્યારે નિયમથી અહંકારનો ભાવ આવે છે. પરંતુ જ્યારે આપણે આપણી સફળતાને આપણી હોંશિયારી અને આપણા ભાગ્યનું અર્થાત્ આપણા પુણ્યોદયનું ફળ સમજીયે છીએ ત્યારે અહંકારથી જરૂર બચી શકાય છે.

૪૯૨. જો આપણા પુણ્યનો ઉદય ન હોય અર્થાત્ પાપનો ઉદય હોય તો આપણી હોંશિયારી કોઇ કામ આવતી નથી. તે આપણને સફળતા અપાવી શકતી નથી.

૪૯૩. હોંશિયાર હોવું ખરાબ નથી પણ તેનો અહંકાર રાખવો તે ખોટું છે. તેનાથી પાપ બંધાય છે.

૪૯૪. જ્યાં સુધી આપણે સુખ બાહ્ય પદાર્થોમાં શોધીયે છીએ ત્યાં સુધી આપણને સાચું સુખ મળવું મુશ્કેલ છે કારણ કે સાચું સુખ તો આપણા આત્મામાં જ વિદ્યમાન છે, તે ક્યાંય બહાર નથી.

૪૯૫. આપણે અનાદિથી સુખને બહાર જ શોધ્યું છે. તેથી જ અનાદિથી આપણે દુ:ખી છીએ. હવે પોતાની જાતને ક્યારે બદલવી છે ? તેના ઉપર અવશ્ય વિચાર કરવો જોઈએ.

૪૯૬. જાણવું અને દેખવું (જોવું) તે આત્માની ઓળખ (લક્ષણ) છે. તેનાથી આત્માને ઓળખીને તેમાં પોતાપણું ('હું'પણું) કરવું જોઈએ.

WWW.JAYESHSHETH.COM

૪૯૭. જાણવા અને દેખવાવાળા (જોવાવાળા) આત્મામાં પોતાપણું ('હું'પણું) કરતા જ આત્માનુભૂતિ થાય છે. ત્યારે આત્માના આનંદ સ્વભાવનો અનુભવ પણ થાય છે. તેને જ આત્મજ્ઞાન કહેવાય છે, સમ્યગ્દર્શન કહેવાય છે.

૪૯૮. વૃદ્ધોને બોજ સમજવાવાળા એ વાત કેમ સમજતા નથી કે પોતે પણ ક્યારેક વૃદ્ધ બનવાના છે.

૪૯૯. વૃદ્ધોને બોજ ન સમજતા તેઓની નિસ્વાર્થ સેવા કરવાથી આપણા ઘણા પાપોનો નાશ થાય છે અને સારા પુણ્ય પણ બંધાય છે. તેથી સર્વજનો માટે આ જ કર્તવ્ય છે.

૫૦૦. જ્યારે આપણે સત્ય ધર્મ વિરુદ્ધ (વિપરિત) વિચારીયે છીએ ત્યારે નિયમથી આપણું ભવિષ્ય દુ:ખમય બનવાનું નિશ્ચિત થાય છે.

WWW.JAYESHSHETH.COM

**મૈત્રી ભાવના** - સર્વ જીવો પ્રત્યે મૈત્રી ચિંતવવી, મારો કોઈ જ દુશ્મન નથી એમ ચિંતવવું, સર્વ જીવોનું હિત ઈચ્છવું.

**પ્રમોદ ભાવના** - ઉપકારી તથા ગુણી જીવો પ્રત્યે, ગુણ પ્રત્યે, વીતરાગ ધર્મ પ્રત્યે પ્રમોદભાવ લાવવો.

**કરુણા ભાવના** - અધર્મી જીવો પ્રત્યે, વિપરીતધર્મી જીવો પ્રત્યે, અનાર્ય જીવો પ્રત્યે કરુણાભાવ રાખવો.

**મધ્યસ્થ ભાવના** - વિરોધીઓ પ્રત્યે મધ્યસ્થભાવ રાખવો.

**- મુખપૃષ્ઠની સમજણ -**

આપના જીવનમાં સમ્યગ્દર્શનનો સૂર્યોદય થાય અને તેના ફળરૂપ-અવ્યાબાધ સુખસ્વરૂપ સિદ્ધ અવસ્થાની પ્રાપ્તિ થાય એજ ભાવના.